Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तदिदं सन्मुनिवचनमाकर्ण्य ते हितज्ञतुल्या भद्रकभव्यमिथ्यादृष्टयो जीवा निश्चिन्वन्ति तेषां भगवतां सन्मुनीनां वत्सलतां, लक्षयन्ति परिज्ञानातिरेकं । ततो निवर्तयन्ति तदुपदेशनावाप्तशुभवासनाविशेषाः सन्तो धनविषयगृद्धिप्रतिबन्धं, पृच्छन्ति च विशेषतो मुनिजनं ते धर्ममार्गं, दर्शयन्ति शिष्यभावं, रञ्जयति गुरूनपि विनयादिगुणैः । ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं, ग्राहयन्ति तदुपार्जनोपायं महायत्नेन ।

उपमितिभवप्रपंचाकथा.

" આ પ્રમાણે સન્મુનિના વચનને સાંભળીને હિતને જાણનારની જેવા તે ભદ્રિક અને ભવ્ય એવા મિથ્યાદૃષ્ટિ જીવો તે પૂજ્ય સન્મુનીશ્વરની વત્સલતાનો નિશ્ચય કરે છે, અને જ્ઞાનના અધિકપણાને જુએ છે; પછી તે ગુરૂના ઉપદેશથી વિશેષ પ્રકારની શુભ વાસના પ્રાપ્ત થવાથી ધનના વિષયવાળી લોભની આસક્તિનો ત્યાગ કરે છે, અને મુનિજનોને તેઓ વિશેષે કરીને ધર્મનો માર્ગ પૂછે છે, પોતાનો શિષ્યભાવ દેખાડે છે તથા ગુરૂજનોને ( માતાદિકને ) પણ વિનયાદિક ગુણોએ કરીને રંજન કરે છે. ત્યારપછી પ્રસન્ન હૃદયવાળા ગુરૂમહારાજ તેમને ગૃહસ્થાશ્રમને ઉચિત અને સાધુપણાને યોગ્ય એવો ( બન્ને પ્રકારનો ) ધર્મમાર્ગ બતાવે છે અને તે ધર્મને ઉપાર્જન કરવાનો ઉપાય ઘણા પ્રયત્નથી ગ્રહણ કરાવે છે-અંગીકાર કરાવે છે."

પુસ્તક ૩૧ મું. જ્યેષ્ઠ. સં. ૧૯૭૧. શાકે ૧૮૩૯. અંક ૩ જો.

## રુપાતીત ધ્યાન ગર્મિત.

# શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

તુંહિ સાહિબા રે મનમાન્યા૦, તુંહિ સા૦ એ આંકણી.

તુ તો [1]અકલ સ્વરૂપી જગતમાં, મનમાં કેણે ન પાયો;
શબ્દે બોલાવી ઓળખાવ્યો, શબ્દાતીત કહાયો. તું૦ ૧
રૂપ નિહાળી પરિચય કીનો, રૂપમાંહી નહિં આયો;
પ્રાતિહાર્ય અતિશય અહિનાણે[2], શાસ્ત્રમાં બુધે ન લખાયો. તું૦ ૨
શબ્દ ન રૂપ ન ગંધ ન રસ નહીં, ફરસ ન વરણ ન વેદ;
નહિ સંજ્ઞા છેદન ભેદન નહીં, હાસ્ય નહીં નહીં ખેદ. તું૦ ૩

૧ નિરાલંબન ધ્યાનની ધારામાં ચિંતવતા. ૨ લક્ષણે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ નહિ દુઃખ નહિ વળી વાંછા નહીં, નહીં રોગ ભોગ કે યોગ;
નહિ ગાત નહિ સ્થિત નહિ વ્રત અરતિ, નહીં તુજ હરખ કે શોગ. તું૦ ૪
પુન્ય ન પાપ ન બંધ ન દેહ ન, જનમ મરણ નહીં પીડા;
રાગ ન દ્વેષ ન કલહ ન ભય નહીં, નહીં સંતાપ ન ક્રિડા. તું૦ ૫
અલખ અગોચર અજ અવિનાશિ, અવિકારી નિરૂપાધિ;
પૂરણ બ્રહ્મ ચિદાનંદ સાહિબ, ધ્યાઉં સહજ સમાધિ. તું૦ ૬
જે જે પૂજા તે તે અંગે, તું તો અંગથી દૂરે;
તે માટે પૂજા ઉપચારિક, ન ઘટે ધ્યાનને પૂરે. તું૦ ૭
ચિદાનંદઘન કેરી પૂજા, નિર્વિકલ્પ ઉપયોગ;
આતમ પરમાતમને અભેદે, નહિ કોઇ જડનો ભોગ. તું૦ ૮
રૂપાતીત ધ્યાનમાં રહેતાં, ચંદ્રપ્રભ જિનરાય;
જ્ઞાનવિજય વાચક એમ જપે, પ્રભુ સરખાઈ થાય.[1] તું૦ ૯

# त्रिकरण शुद्धि साचववा हितोपदेश.

( ૧૧ )

જગજન સુખદાઈ, ચિત્ત એવું સદાઈ,
મુખ અતિ મધુરાઈ, સાચ વાચા સુહાઈ;
વપુ પરહિત હેતે, ત્રણ્ય એ શુદ્ધ જેને,
તપ જપ વ્રત સેવા, તીર્થ તે સર્વ તેને. ૨૫
મન વચ તનુ ત્રણ્યે, ગંગ જ્યું શુદ્ધ જેને,
નિજ ઘર નિવસંતાં, નિર્જરા ધર્મ તેને;
જિમ ત્રિકરણ શુધ્ધે, દ્રૌપદી અંબ વાવ્યો;
ઘર સફળ ફળંતો, શીળધર્મ સુહાવ્યો. ૨૬

( સૂક્તમુક્તાવળી )

આખી આલમને સુખરૂપ થાય એવું ઉત્તમ ભાવનામય જેનું ચિત્ત સદાય વર્તે છે, સહુને હિતરૂપ થાય એવી મિષ્ટ–મધુરી વાણી જેના મુખમાંથી નીકળે છે, અને પર હિતકારી કાર્યોમાં જેની કાયા સદાય પ્રવર્તે છે, એ રીતે જેનાં મન વચન અને કાયા એ ત્રણે વાનાં શુદ્ધ–પવિત્રપણે પ્રવર્તે છે તેને સઘળાં તપ, જપ, વ્રત, પૂજા અને તીર્થસેવા સહેજે ફળે છે. અર્થાત્ એ બધાય સુકૃતોનો લાભ તેને સહેજે–અનાયાસે મળી શકે છે. જેનાં ત્રિકરણ શુદ્ધ વર્તે છે તેને વગર કષ્ટે પુન્યના ગાંસડા બંધાય છે અને તે ત્રણે વાનાં જેનાં મેલાં છે

૧ પ્રભુની સરખા થઇ શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને ઉક્ત સઘળી ધર્મકરણી કષ્ટરૂપ થાય છે—સફળ થઈ શકતી નથી. જેનાં મન વચન અને કાયા ત્રણે ગંગા નીરની જેવાં શુદ્ધ—નિર્મળ છે તેને પોતાના ઘરે બેઠા છતાં પણ કર્મક્ષય થવા પામે છે. કેમકે તે જે કંઈ કર્તવ્ય કર્મ કરે છે તે નિષ્કામપણે—નિ:સ્વાર્થપણે નિર્લેપ વૃત્તિથી કરે છે, તેથી તેને બંધાવાનું રહેતું નથી પરંતુ ઉદય અનુસારે જે કંઇ કરણી કરવાનું પ્રાપ્ત થાય છે તે કેવળ સાક્ષી ભાવે કરાતી હોવાથી ઉદિત કર્મનો અનાયાસે ક્ષય થવા પામે છે અને નવીન કર્મ બંધ થવા પામતો નથી. વળી ત્રિકરણ શુદ્ધિથી—શુદ્ધ સંકલ્પ બળથી બહુ ભારે મહત્વનાં કામ અલ્પ પ્રયાસે થઇ શકે છે. તે ઉપર સીતા, દ્રૌપદી અને સુભદ્રાદિક અનેક ઉત્તમ સતીઓનાં તેમજ ભરતેશ્વર, બાહુબલી, જંબૂસ્વામી, સ્થૂલીભદ્રજી, વજ્રસ્વામી પ્રમુખ અનેક સત્ત્વવંત મહાત્માઓના અને પરમ ક્ષમાવંત શ્રી અરિહંત દેવોના, ગણધર મહારાજાઓના તેમજ ગજસુકુમાળાદિક પૂર્વ મહામુનિઓનાં જ્વલંત દ્રષ્ટાંતો સુપ્રસિદ્ધ છે. વળી વર્તમાનકાળે પણ પવિત્રપણે મન વચન અને કાયાની શુદ્ધિને પાળનારા કઇક સજ્જનો જગતમાં જયવંતા વર્તે છે. કહ્યું છે કે—

‘ मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा—
स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसंतः संति संतः कियन्तः ’ ॥

વિચારોમાં, વાણીમાં અને ક્રિયામાં પુન્ય અમૃતથી ભરેલા સતા ત્રણ્ય ભુવનના પ્રાણીઓને કરોડો ગમે ઉપગારોથી પ્રસન્ન કરતા અને સૂક્ષ્મદર્શક સમાન પોતાની સૂક્ષ્મ દ્રષ્ટિવડે પરના અલ્પમાત્ર ગુણને વિશાળરૂપે જોઇને પોતાના હૃદયમાં અતિ આનંદ પામતા એવા કેટલાએક સજ્જનો જગતીતળ ઉપર જયવંતા વર્તે છે. ત્રિકરણ શુદ્ધિથી પવિત્ર ધર્મકરણી કરતાં અમૃત જેવી મીઠાશ ઉપજે છે, રોમાંચ ખડા થાય છે, જેથી અનહદ આનંદ પ્રાપ્ત થાય છે અને અભીષ્ટ લાભ તત્કાળ મળે છે. ઉક્ત અમૃત ક્રિયાનો ખરો લાભ આપ્ત ( સર્વજ્ઞ—વીતરાગ )—પુરૂષોનાં પવિત્ર વચનાનુસારે સમજ સાથે શાસ્ત્રોક્ત ક્રિયા કરવાના સતત્ અભ્યાસવડે મળી શકે છે. જેવી રીતે મયણાસુંદરીને સતત્ નવપદજીની સેવા ભક્તિ સાથે ધ્યાનના અભ્યાસવડે અમૃત ક્રિયાનો લાભ પ્રાપ્ત થયો હતો અને તેના પ્રભાવથી તત્કાળ પોતાના પ્રાણપ્રિય પતિનો મેળાપ થયો હતો. એવા અનેક દ્રષ્ટાન્તથી સુજ્ઞ જનોએ પવિત્ર ધર્મ કરણી સમજ સહિત કરવાના નિત્ય અભ્યાસવડે જેમ બને તેમ શીઘ્ર મન વચન કાયાની શુદ્ધ એકાગ્રતા સાધી લેવી ઉચિત છે.

મુ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉત્તમકુળનો મહિમા–પ્રભાવ.

( ૧૨ )

સહજ ગુણ વસે જ્યું, શંખમાં શ્વેતતાઇ,
અમૃત મધુરતાઇ, ચંદ્રમાં શીતળાઇ;
[1]કુવલય સુરભાઇ, [2]ઇક્ષુમાં જ્યું મીઠાઇ,
કુળજ[3] મનુષ્ય કેરી, ત્યું સુભાવે ભલાઇ. ૨૭
જિણ ઘર વર વિદ્યા, જો હુવે તો ન ઋદ્ધિ,
જિણઘર દુય[4] લાભે, તો ન સૌજન્ય ઋદ્ધિ;
સુકુળ જનમ યોગે, તે ત્રણે જો લહીજે,
અભયકુમર જ્યું તો, જન્મ સાફલ્ય કીજે. ૨૮

( સુક્ત મુક્તાવળી )

જેમ સ્વાભાવિક રીતેજ શંખમાં શ્વેતતા–ઉજ્વળતા હોય છે, અમૃતમાં મિષ્ટતા–મધુરતા હોય છે, ચંદ્રમાં શીતળતા હોય છે, કમળમાં ખુશબો–સુગંધ હોય છે, અને શેલડીમાં મીઠાશ હોય છે તેમ સુકુળમાં ઉત્પન્ન થયેલા–કુલીન મનુષ્યોમાં સહજ સ્વભાવે જ ભલાઇ–હિતસ્વિતા યા ચિત્તની ઉદારતા હોય છે. કદાચ કોઇને સદ્વિદ્યા પ્રાપ્ત થઇ હોય છે તો તેને દ્રવ્યસંપત્તિ ( લક્ષ્મી ) હોતી નથી, અને કદાચ દૈવયોગે તે બંને મળ્યાં હોય છે તો સજ્જનતાની ખામી હોય છે, એટલે વિનય વિવેકાદિક ગુણ હોતા નથી. પરંતુ ઉત્તમ કુળયોગે જો એ ત્રણે વાનાં પ્રાપ્ત થઇ શકે તો અભયકુમાર ની પેરે માનવ ભવની સફળતા થઇ શકે છે. મતલબ કે સદ્વિદ્યા, સંપત્તિ અને સજ્જનતા એ સહુ વાનાં ઉત્તમ કુળયોગે પ્રાયઃ સહજે લાભી શકે છે. તેમાં પણ સજ્જનતા ( ભલાઇ ) વગરની વિદ્યા અને લક્ષ્મી લગભગ નકામી છે, સ્વપર હિતરૂપ થતી નથી, પણ ઉલટી અનર્થકારી નીવડે છે. તે ભલાઇ યા સજ્જનતા મુખ્યપણે ઉત્તમ કુળમાંજ લાભે છે. કેમકે ઉત્તમ કુળનું એ ખાસ લક્ષણ લેખાય છે. સજ્જનતા એજ ખરેખર સુકુળનું ભૂષણ ગણાય છે. અને સજ્જનતા યોગેજ ખરી કુલીનતા લેખી શકાય છે. સજ્જનતા યોગેજ વિનય વિવેકાદિક ગુણો આવે છે અને તેનાવડેજ પ્રાપ્ત થયેલી વિદ્યા અને લક્ષ્મીની સાર્થકતા થઇ શકે છે, માટેજ સજ્જનતાવાળું સુકુળ વધારે પ્રશંસનીય છે. અને એના પ્રભાવથી અનેક પ્રકારનાં સ્વપરહિતનાં કાર્યો કરી શકાય છે.

( સન્મિત્ર કર્પૂરવિજયજી. )

---

1 કમળ 2 શેરડીમાં 3 કુળમાં ઉત્પન્ન થએલ 4 બંને વાના. ( વિદ્યા ને લક્ષ્મી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિનય ગુણનું સેવન કરવા વિષે હિતોપદેશ.

( ૧૩ )

નિશિવિણ શશિ સોહે, જયું ન સોળે કળાઇ,
વિનયવિણ ન સોહે, ત્યું ન વિદ્યા વડાઇ;
વિનય વહિ સહાઇ, જેહ વિદ્યા સહાઇ,
વિનયવિણ ન કાંઇ, લોકમાં ઉચ્ચતાઇ. ૨૯
વિનયગુણ વહીજે, જેહથી શ્રી[1] વરીજે,
સુરનર પતિ લીલા[2], જેહ હેલા[3] લહીજે;
પરતણુય[4] શરીરે, પેસવા જે સુવિદ્યા,
વિનયગુણથી લાધી, વિક્રમે તેહ વિદ્યા. ૩૦

( સુક્ત મુક્તાવળી )

જેમ રાત્રી વગર ચંદ્ર સોળે કળાએ સંપૂર્ણ હોય તેમ છતાં શોભે નહિ—શોભા પામે નહિ, તેમ ગમે તેવી અને ગમે તેટલી વિદ્યા આવડતી હોય પણ નમ્રતા ગુણ વગર તે શોભે નહિ. વિનય ગુણવડે મેળવેલી વિદ્યા સફળ અને સહાયરૂપ થાય છે, અને વિનય વગર લોકમાં લાજ-પ્રતિષ્ઠા કે આબરૂ વધતી નથી. વિનય ગુણવડે આલોક સંબંધી અને પરલોક સંબંધી લક્ષ્મી-લીલા પ્રાપ્ત થઈ શકે છે. વિનય ગુણથી નિઃસ્પૃહી મહાત્મા પુરૂષો પણ પ્રસન્ન થઇ વિનીત-શિષ્ય ઉપર તુષ્ટમાન થાય છે. વિક્રમાદિત્યે જે **પરશરીરપ્રવેશ** વિદ્યા પ્રાપ્ત કરી અને નાગાર્જુને જે **આકાશગામિની** વિદ્યા પ્રાપ્ત કરી તે વિનય ગુણનોજ પ્રભાવ જાણવો. વિનય ગુણવડે ગમે તેવો કટ્ટો શત્રુ પણ વશ થઈ જાય છે. વિનય એ એક અપૂર્વ વશીકરણ લેખાય છે. તે માટે ઠીકજ કહ્યું છે કે:—

‘ મૃદુતા કોમલ કમલથેં, વજ્રસાર અહંકાર,
છેદત હૈ એક પલકમેં, અચરિજ એહ અપાર. ’

તેનો ભાવાર્થ એ છે કે મૃદુતા—નમ્રતા—લઘુતા—વિનય ગુણ કમળ જેવો કોમળ છે અને અહંકાર—અભિમાન વજ્રવત્ કઠણ છે. તેમ છતાં એવા કઠણ અહંકારને પણ એક પલકમાં વિનયગુણ ગાળી નાખે છે એ અપાર આશ્ચર્યજનક વાત છે.

સઘળા ગુણોનું મૂળ વિનય છે. તેથી ધર્મ પણ વિનય મૂળ કહ્યો છે. વિનય યોગેજ વિદ્યા વિવેક અને સમકિત રત્નની પ્રાપ્તિ થાયછે અને તેના પ્રભાવેજ ચારિત્રની અને છેવટ મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે. માતાપિતાદિ વડીલ વર્ગનો, વિદ્યાગુરૂનો, શુદ્ધ દેવ ગુરૂનો અને શ્રીસંઘ—સ્વધર્મીબંધુ પ્રમુખનો યથાયોગ્ય વિનય ભક્તિબહુમાનાદિકવડે અવશ્ય સાચવવો જોઇએ. **ઇતિશમ્. મુ. ક. વિ,**

૧ લક્ષ્મી. ૨ સંપત્તિ. ૩ ઉતાવળા. ૪ પારકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચંદરાજાના રાસઉપરથી નીકળતો સાર.

( અનુસંધાન પુ. ૩૦ ના પૃષ્ટ ૩૬૭થી. )

## પ્રકરણ ૧૯ મું.

ચંદરાજાવાળું પાંજરૂં લઇને દેશ દેશમાં ફરતાં શિવમાળાએ પુષ્કળ દ્રવ્ય સંપાદન કર્યું. તેને એક પંથ ને બે કાજ જેવું થયું. શિવમાળા કુર્કટ પાસે દરરોજ નવા નવા મેવા મીઠાઈ મૂકે છે અને તેનું પોતાના જીવની જેમ જતન કરે છે. આ પ્રમાણે નવા નવા રસપૂર્વક દેશ વિદેશમાં ફરતા ફરતા તેઓ બંગાળ દેશમાં **પૃથ્વીભૂષણ** નગરે આવી પહોંચ્યા. ત્યાં **અરિમર્દન** નામે રાજા રાજ્ય કરે છે. તેને ચંદરાજાના પિતા સાથે સારો સંબંધ હતો. ત્યાં નટોએ તંબુઓ નાંખીને પોતાનો પડાવ કર્યો અને તેમાં એક સિંહાસન ઉપર પાંજરૂં મૂક્યું. રાજાને નટ આવ્યાના ખબર મળતાં તેણે નાટક કરવા પોતાના દરબારમાં બોલાવ્યા. તેઓ પાંજરૂં લઇને આવ્યા અને કુર્કટને પ્રણામ કરી તેની આજ્ઞા લઇને અપૂર્વ નાટક કર્યું. રાજા નાટક જોઇને બહુ ખુશી થયો. તેણે પુષ્કળ દાન આપ્યું. પછી આ પંખી કોણ છે ? એમ પૂછ્યું, એટલે નટે તેનું વૃત્તાંત સંક્ષેપથી કહી બતાવ્યું. તે સાંભળી બંગાળનો રાજા તેને પગે લાગ્યો અને તેની પાસે મણિકંચનની રાશી તથા હાથી ઘોડા વિગેરે પેસકસીમાં આપતો હોય તેમ રજુ કર્યું ( ધર્યું ). પછી કહ્યું કે ' હે વીર નૃપતિના પુત્ર ચંદરાજા ! હું તારો સેવક છું, તમે મારા પ્રાહુણા છો, મારા ભાગ્યથીજ મારે ત્યાં પધાર્યા છો. ' આ પ્રમાણે કહેવાથી તેમાંથી કેટલુંક સ્વીકારીને નટોએ ત્યાંથી પ્રયાણ કર્યું. બંગાળાનો રાજા પોતાની સીમ-સુધી તેમને વળાવીને પાછો વળ્યો.

નટો અનુક્રમે ચાલતાં ચાલતાં સમુદ્ર કિનારે સિંહલદ્વીપ પાસે આવ્યા. ત્યાં કિનારા ઉપર **સિંહલપુર** નામનું નગર છે તેની બહાર પડાવ કર્યો. નટની બહુ પ્રસિદ્ધિ સાંભળી **સિંહલરાજાએ** તેને પોતાની પાસે નાટક કરવા બોલાવ્યા. તેઓ પાંજરૂં લઇને ગયા. નાટક કરી તેને પ્રસન્ન કર્યો. તેણે પાંચસો વહાણની જકાત જે તરતમાંજ આવી હતી તે નટને બક્ષીસ કરી દીધી. નટો સિંહલરાજાનો યશ બોલી ત્યાંથી વિદાય થયા અને પોતાને ઉતારે આવી પોતનપુર તરફ જવા તૈયારી કરી.

અહીં સિંહલરાજાની રાણી **સિંહલા** કુકડાને જોઇને તેની ઉપર રાગવાળી થઈ. તેણે રાજાને બોલાવીને કહ્યું કે " એ કુકડો મને લાવી આપો. એ કુકડો કામણગારો છે. એણે જગત બધું પોતાને આધીન કર્યું છે. મને તેના ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ રાગ ઉત્પન્ન થયો છે, તેથી જળ વિના મીન જેવી મારી સ્થિતિ થઇ છે. મારા પ્રાણ તેનામાં જઇને વસ્યા છે, મારૂં ચિત્ત તેણે ચોરી લીધું છે." રાજા કહે કે "એવો પંખીની ઉપર પ્રેમ શો ? વળી નટોને એ આજીવિકાનું સ્થાન છે. તે માગવાથી આપે કેમ ? જેમ મારી માગણી કોઈ કરે ને તું આપવા ના પાડે તેમ એને માટે સમજવાનું છે. એ નટ તને કોઇ રીતે તે આપે એમ ધારી શકાતું નથી, તેથી તેને માટે હઠ કરવો ઘટિત નથી." રાણી બોલી કે "તમે કહી તે બધી વાત સાચી, પણ મારૂં તો જીવતર જ તેના વિના અકૃતાર્થ છે; માટે ગમે તે રીતે તેને લાવી આપો. એને મોટો લોભ આપીને લલચાવો પણ કુકડો લાવી આપો."

રાણીનો અત્યંત આગ્રહ થવાથી રાજાએ કુકડો લેવા માટે નટની પાસે માણસો મોકલ્યા. તેણે નટ પાસે કુકડો માગ્યો, એટલે નટોએ કહ્યું કે "એ તો અમારો રાજા છે, તેને અમારાથી કેમ દેવાય ? એ અમને આપી શકે, અમે તેને આપી શકીએ નહીં. રાજાને અમે નાટક બતાવ્યું ત્યારે તેને કુકડો માગવાની ઇચ્છા થઈ. કદિ તમારો રાજા એમ માનતો હશે કે મેં એક નાટકના લાખ રૂપીઆ આપ્યા છે; પરંતુ અમને તો એથી અધિક આપનારા કઈક મળી ગયા છે, આણે કાંઈ નવાઈ કરી નથી. માટે તમારા રાજાને જઇને કહો કે કુકડો મળી શકે તેમ નથી." રાજસેવકો બોલ્યા કે "એમાં રાજાનો આગ્રહ નથી પણ અમારાં રાણી તેના વિના જીવે એમ નથી." નટોએ કહ્યું કે "રાણી ન જીવે તો એમાં કાંઈ અમને સ્નાન સુતક આવવાનું નથી, પણ અમારાથી કુકડો આપી શકાય તેમ નથી. રાણી જેમ રાજાને વહાલી છે તેમ આ અમારા જીવન સમાન છે."

રાજસેવકોએ જઇને રાજાને તે વાત કરી એટલે રાજા એકદમ કોપાયમાન થયો અને કેટલુંક લશ્કર લઇને જોરાવરીથી કુકડો લેવા ચાલ્યો. અહીં નટો પાસે પણ કેટલુંક લશ્કર હતું, તેઓ પણ એકદમ તૈયાર થઈ ગયા. સિંહલરાજાનું લશ્કર નટો ઉપર ઉપડ્યું એટલે ચંદરાજાના લશ્કરે તેના સૈન્ય ઉપર પાછળથી ધસારો કર્યો. પરસ્પર સંગ્રામ મચ્યો. પરિણામે ચંદરાજાના લશ્કરે સિંહલરાજાના લશ્કરને હઠાવ્યું એટલે રાજા ફીકો પડીને પાછો વળ્યો. નટો પાંજરૂં લઇને નગારે ઘા દેતાં ત્યાંથી પોતનપુર તરફ રવાને થયા. ચોતરફ કુર્કટ નૃપની જીત બોલાણી.

નટો અનુક્રમે પોતનપુર પહોંચ્યા. પોતનપુર શહેર ઘણું વિશાળ અને દેવપૂરી જેવું સુશોભિત હતું. સાક્ષાત્ લક્ષ્મીનો નિવાસ હોય તેવું દેખાતું હતું. ત્યાં **જયસિંહ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **સુબુદ્ધિ** નામે પ્રધાન હતો. તે મંત્રીને અત્યંત રૂપવંત **મંજુષા** નામે સ્ત્રી હતી, અને **લીલાવતી** નામે રૂપગુણ સંપન્ન પુત્રી હતી. તેને તે નગરના **ધનદ** નામે શેઠના **લીલાધર** નામના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્ર સાથે પરણાવી હતી. બંનેનો સરખે સરખો યોગ બન્યો હતો. તે દંપતી દોગંદુક દેવોની જેમ અથવા કામદેવ ને રતિની જેમ સુખભોગ ભોગવતા કાળ વ્યતિક્રમાવતા હતા.

એકદા કોઈ પુન્યહીન પુરૂષ લીલાધર પાસે કાંઇ માગવા આવ્યો, તેને લીલાધરે તીરસ્કાર કરીને કાઢી મૂક્યો. એટલે તે ભીખારી કોપાયમાન થઇને બોલ્યો કે– "હે શ્રેષ્ઠિપુત્ર ! આમ બહુ અભિમાન કરો નહીં. હું ગમે તેવો છું પણ તમારાથી સારો છું. હું તો હાથની કમાણીનો ખાનારો છું, અને તમે તો બાપની કમાણીના ખાનારા છો. માટે બહુ ઠમકા શેના કરો છો ? હું કાંઇ તમારી જેવો ઓશીયાળો નથી. જે પોતાની ભુજાના બળથી દ્રવ્ય કમાતો નથી તેના જીવિતને ધિક્કાર છે. પારકે પૈસે કુદાકુદ શી કરવી ? તારા પિતા બેઠા છે ત્યાં સુધી તું નિશ્ચિંત છે, પણ રે ભુંડા ! ધન યૌવનના મદથી કુદાકુદ શું કરે છે ? જોઇને પગલા ભર. તને મારી સ્થિતિ જોઇને હસવું આવતું હશે પણ એમાં હસવા જેવું નથી. કારણકે **આજ પાંદડાની દશા તે કાલ કુંપળીઆની.** તેનો વિચાર કર ને તે પછી અભિમાન કર. વળી પોતાની આંગળીઓમાં વેઢ વીંટીઓ જોઇને પણ મલકાઈ જતો નહીં, કેમકે પામરો પણ એવી સોનાની વીંટીઓ તો પહેરે છે, તેમાં કાંઈ નવાઈ નથી."

આ પ્રમાણેનાં તે પામરનાં વચનો સાંભળીને લીલાધર એકદમ લજવાઈ ગયો અને તે પામરને પગે લાગી બોલ્યો કે–'તું ખરેખરો મને ગુરૂ મળ્યો.' દ્રુમક તો એટલું કહીને ચાલ્યો ગયો, પણ લીલાધરને ખરેખરી તેની શિખામણ હાડોહાડ વ્યાપી ગઈ. તેણે પરદેશ દ્રવ્ય કમાવા માટે જવાનો નિરધાર કર્યો. તેણે વિચાર્યું કે 'સુખ કે દુઃખ તો જે પ્રાપ્ત થવાનું હોય છે તે દેશમાં કે પરદેશમાં જ્યાં રોઇએ ત્યાં પ્રાપ્ત થાય છે. દેશમાં રહેવાથી કાંઇ દુઃખ દૂર જતું નથી.' આવો દ્રઢ સંકલ્પ કરીને તે ગુટમુટ ખાટલી ઉપર જઇને સૂતો. તેના પિતા ઘેર આવ્યા ત્યારે પુત્રને આમ રીસાયેલો જોઇને તેણે પૂછ્યું કે–'હે વત્સ ! તને કોણે દુહવ્યો છે ? કે જેથી તું આમ રીસાણો છે.' લીલાધર બોલ્યો કે–'મને કોઇએ દુહવ્યો નથી, મારે તો પરદેશ દ્રવ્ય કમાવા જવું છે, માટે મને રજા આપો.' શેઠે કહ્યું કે–"તારી વય હજુ નાની છે, તું હમણાજ પરણ્યો છું. ઘરમાં પુષ્કળ લક્ષ્મી છે, કોઈ વાતની કમી નથી. તારે શા માટે પરદેશ કમાવા જવું પડે. તારાથી પરદેશ જવાય નહિ, માટે એ વાત છોડી દે." ત્યારે લીલાધરે પેલા દ્રુમકે આપેલા મેણાની વાત કરી. શેઠે કહ્યું કે–"અરે ભોળા ! એવા ભીખારીની વાત સાંભળીને આવો હઠ શું કરે છે ? એવો ઉંઘ વેચીને ઉજાગરો કોણ ખરીદ કરે." આ પ્રમાણે શેઠે, તેની માતાએ, મંત્રીએ અને બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધીઓએ તેને બહુ રીતે સમજાવ્યો પણ તેણે પોતાનો હઠ છોડયો નહીં. પછી જેમ તેમ કરીને તેના પિતાએ તેને જમાડયો. અનુક્રમે રાત્રી પડી એટલે લીલાવતી લલિત ગતિએ ચાલતી પતિ પાસે આવી. પણ લીલાધરે તેની સામું નજર માંડીને જોયું પણ નહીં; તે તો પોતાના વિચારમાંજ મશગુલ રહ્યો. એટલે કામણગારી લીલાવતી બોલી કે–" હે પ્રીતમ ! નેત્ર ઉઘાડીને મારી સામું તો જુઓ ! આ કીડી ઉપર કટક શું ? આમ તમે બીજા સૌને દુહવીને જશો પણ હું કેમ જવા દઇશ ? આવા સ્નેહમાંથી વિયોગ થાય તેનો પાછો સંયોગ કયારે થાય તેનો નિર્ણય શો ? આવા સુખ મુકીને પરદેશ જવાને ઇચ્છનારા તમારી જેવા આપમતિલા મેં તો કોઈ દીઠા નથી. " આ પ્રમાણે તે રમણીએ આખી રાત્રી અનેક પ્રકારે સમજાવ્યો પણ તે લગાર માત્ર તેના સ્નેહમાં લુબ્ધ થયો નહીં. અનુક્રમે સવાર પડી એટલે તેના પિતાએ પાછો ઘણો સમજાવ્યો પણ તેણે બીલકુલ પોતાનો વિચાર ફેરવ્યો નહીં. એટલે પછી અવસરનો જાણ મંત્રી ત્યાં આવ્યો અને તેણે કહ્યું કે–" જો હવે પરદેશ જવુંજ છે તો કાર્યસિદ્ધિ થાય તેવું સારૂં મુહૂર્ત્ત જોવરાવીએ. " શેઠે હા પાડી એટલે મંત્રીએ અનેક જોશીઓને બોલાવ્યા. મંત્રીએ તેમને સારૂં મુહૂર્ત્ત જોઈ આપવા કહ્યું. મંત્રીના કટાક્ષ વચનથી જોશીઓ સમજી ગયા કે પરદેશ જવા દેવાની મંત્રીની ઇચ્છા નથી. તેથી તેઓ સારી રીતે તપાસીને બોલ્યા કે–" પંચાંગ તપાસતાં છ મહીના સુધીમાં એવું સારૂં મુહૂર્ત્ત આવતું નથી કે જે મુહૂર્ત્તે પરદેશ જવાથી કાર્યસિદ્ધિ થાય, હવે માત્ર એકજ માર્ગ છે કે જો કુકડો બોલે તેજ વખત પરદેશ સીધાવે તો કાર્યસિદ્ધિ થાય અને પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કરીને આવે. "

મંત્રીએ બધા જોશીઓને યોગ્યતાનુસાર દાન આપી વિસર્જન કર્યા અને પછી તૈયારી કરવા માટે લીલાવતી અને લીલાધર બંનેને પોતાને ઘરે લઇ ગયો. મંત્રીએ ઘરે જઇને પોતાના તમામ સેવકોને બોલાવી ખાનગીમાં કહ્યું કે–" તમે આખા ગામમાંથી કુકડા બહાર કઢાવો. એક પણ કુકડો રહેવા દેશો નહીં. જમાઈ જો કુકડાનો સ્વર સાંભળશે તો પછી રાખ્યા રહેશે નહીં; માટે આ વાતની ગોઠવણ કોઈ ન જાણે તેમ તમે તાકીદે કરો. " સેવકો મંત્રીની આજ્ઞા માથે ચઢાવીને આખા શહેરમાં ફરી વળ્યા અને તમામ કુકડાઓને એકઠા કરીને બીજે ગામ પહોંચાડી દીધા. એક કુકડો પણ રહેવા દીધો નહીં. આ વાતની લીલાધરને કશી ખબર પડવા દીધી નહીં.

હવે લીલાધર તૈયાર થઈ કાન માંડીને કુકડાનો સ્વર સાંભળવા તત્પર થઈ રહ્યો પણ કુકડાનો સ્વર કોઇ રીતે કાને પડયો નહીં. લાખ સોનેયે પણ તે શબ્દ મળી શકે તેમ લાગ્યું નહીં. તે ઉતાવળો થવા લાગ્યો પણ મંત્રીએ કુકડાનો સ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળ્યા વિના જવાય નહીં એમ કહીને રોકી રાખ્યો અને લીલાધર પણ સારૂં મુહૂર્ત લીધા વિના જવું નહીં એવા વિચારમાં રહ્યો. લીલાવતી પણ પોતાના સ્વામીની આગે ને પાસે રહેવા લાગી. એક ક્ષણ પણ એકલા રહેવા દેતી નહીં. ચતુર પુરૂષો સ્વાર્થ સાધવા માટે અવસર ચુકતા નથી. આ પ્રમાણે લીલાધરને રોકી રાખી છ મહીના વ્યતીત કરાવી દીધા તોપણ લીલાધરના વિચાર જરા પણ ફર્યા નહીં. તેમ કુકડાનો સ્વર કાને ન પડવાથી જઇ પણ શકયો નહીં. એવામાં પેલા નટ ફરતા ફરતા ત્યાં આવ્યા અને ઢોલે ઢમકા દઇ શરણાઇ લલકારી રાજા પાસે જઇ ઉતારો માગ્યો, એટલે રાજાએ મંત્રીના ઘર પાસેજ ઉતારો આપ્યો. નટોએ ત્યાં ઉતારો કર્યો. સાથેના લશ્કરે નગરની બહાર સરોવરના કીનારા ઉપર ડેરા તંબુ નાંખ્યા. પછી નટો ભોજન કરી થાક ઉતારી વેશ બદલી સંધ્યાકાળે કુર્કટરાજની આજ્ઞા લઇ રાજા પાસે આવ્યા અને ત્યાં અનેક પ્રકારના રાગ લલકારી રાજાને ખુશી કર્યા. રાજાએ કહ્યું કે ' આજે તો તમે થાકયા પાકયા છો તેથી થાક ઉતારો; કાલે તમારૂં નાટક જોશું.' એટલે નટવર પોતાને ઉતારે આવ્યો. તે વખતે તેની સાથે કુકડાને જોઇને લોકોએ તેને કહ્યું કે— એક વાત ધ્યાનમાં રાખજો ! આ કુકડાને બોલવા દેશો નહિ. જો કુકડો બોલશે તો તેનો સ્વર સાંભળતાં જ મંત્રીનો જમાઇ પરદેશ જશે અને તેનો દોષ તમારે માથે ચઢશે.' આ વાત કુર્કટરાજે પણ સાંભળી, એટલે તેણે પણ મૌન ધારણ કર્યું. લોકો પોતપોતાને સ્થાનકે ગયા.

અનુક્રમે રાત્રી વ્યતીત થઇ, પ્રભાત થવાની તૈયારી થઇ, એટલે કુર્કટરાજે પોતાના સ્વભાવને વશ થઇને રાત્રીની વાત ભુલી જઇ ઉંચે સ્વરે ઉપરા ઉપર મધુર અવાજો કર્યા. તે સાંભળી આખું શહેર જાગી ઉઠયું. દેવમંદિરમાં ઝાલરો વાગવા માંડી અને જગતનો સાક્ષી સૂર્ય પણ ઉદય પામ્યો.

કુર્કટનો સ્વર સાંભળતાં જ લીલાધર અશ્વ ઉપર સવાર થઇને પરદેશે ચાલ્યો. લીલાવતીએ ઘણો આગ્રહ રોકવા માટે કર્યો પણ તે ખરેખરૂં મુહૂર્ત મળવાથી ક્ષણ પણ રોકાણો નહીં. લીલાવતીના હૃદયમાં પતિનો વિયોગ ઘણોજ ખટકવા લાગ્યો. કુર્કટનો સ્વર લીલાધરને અમૃત જેવો લાગ્યો ત્યારે લીલાવતીને હળાહળ ઝેર જેવો લાગ્યો. પતિના વિયોગથી તે એકદમ મૂર્છિત થઇ ધરણી પર ઢળી પડી. અનુક્રમે મૂર્છા વળી ત્યારે તે વિલાપ કરવા લાગી કે—" કોણે દુશ્મન થઇને કુકડો રાખ્યો અને મારૂં ખરેખરૂં અહિત કર્યું ( વેર વાળ્યું ). હે વિધાતા! તેં કુકડો શા માટે રચ્યો કે જેણે મારો વિછોહ કરાવ્યો. આ નગરમાં એવો કોણ છે કે જેણે રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કુકડો છાની રીતે રાખ્યો ?" પછી લીલાવતીએ તરતજ પોતાના પિતાને બોલાવીને પતિના પરદેશ ગમનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત જણાવી અને પોતાનો દુશ્મન થયેલો કુકડો લાવી આપવા આગ્રહ કર્યો.

મંત્રીએ પુત્રીના કહેવાથી તરતજ કુકડાની શોધ કરવા માણસો દોડાવ્યા. તેણે ચારે તરફ શહેરમાં ફરી વળી કુકડાની શોધ કરી. છેવટે નટોની પાસે કુકડો છે એમ પત્તો લાગ્યો, એટલે તે વાત મંત્રી પાસે આવીને પ્રકાશિત કરી. મંત્રીએ પુત્રીને કહ્યું કે–" કુકડો તો કાલે આવેલા નટોની સાથે છે. પણ એ પરદેશી પ્રાહુણા છે, તેથી તે આપણને કુકડો આપે નહીં. વળી આપણું જોર નગરના લોક સાથે ચાલે પણ પરદેશી સાથે આપણું જોર ચાલે નહીં. તેમ નટની જાત પણ હઠીલી હોય છે, તેથી તારે એ વાતનો આગ્રહ કરવો યુક્ત નથી. " મંત્રી પુત્રી બોલી કે–" ગમે તેમ કરીને એ કુકડાને મને લાવી આપો. એ મારા વૈરીને મારી નાંખુ તોજ મને નિરાંત વળે. એ કામ કર્યા વિના હું પાણી પણ પીવાની નથી. " પુત્રીની આવી આકરી પ્રતિજ્ઞા સાંભળીને મંત્રી વિચારમાં પડયો. તેને બીજો માર્ગ સૂઝ્યો નહીં, એટલે તેણે નટને પોતાની પાસે બોલાવ્યો અને તેની પાસે કુકડાની માગણી કરી.

નટ બોલ્યો કે–" હે મંત્રી ! એ કુકડો અપાય તેમ નથી. એનાથી અમારી આજીવિકા છે, એટલુંજ નહીં પણ એ અમારો રાજા છે. તમારી પુત્રીને એના ઉપર દ્વેષ થયો છે પણ અમે જીવતાં એનો વાંકો વાળ થઈ શકે એમ નથી. અમે પાંચશેં જણા છીએ તે બધા એના સેવકો છીએ, એને માટે પ્રાણ દેવા તૈયાર છીએ, એટલુંજ નહીં પણ બીજા સાત હજાર અસ્વારો તેના રક્ષણ કરનારા છે તે નગર બહાર રહેલા છે. જો એ કુકડો હુકમ કરે તો અમે મોટા રાજ્યને પણ એકવાર મેદાન મેદાન કરી શકીએ તેમ છીએ. એ વાતની ખાત્રી થતી ન હોય તો સિંહળરાજાને પૂછાવી જુઓ કે શા હાલ થયા ? કોની માએ સુંઠ ખાધી છે કે જે તેની સામું પણ જોઈ શકે. માટે તમારે એ વાત છોડી દેવી. વળી તમે એને સામાન્ય કુકડો ન જાણશો, એ તો કોઈ અલૌકિક કુકડો છે. " આ પ્રમાણેનાં નટોનાં વચનથી મંત્રી મૌન થઈ ગયો, તેણે પુત્રીને સમજાવી અને પછી નટને કહ્યું કે–" મારી પુત્રીનું વચન રાખવા તમે એ કુકડાને થોડા વખત માટે મને આપો, તમને અખંડ હું પાછો સોંપીશ. તેમ છતાં તમને વિશ્વાસ આવતો ન હોય તો મારા પુત્રને તમે ત્યાં સુધી તમારા કબજામાં રાખીને કુકડો આપો. " મંત્રીનો બહુ આગ્રહ હોવાથી નટોએ તે પ્રમાણે કરવું કબુલ કર્યું અને મંત્રીના પુત્રને લઈ પોતાને ઉતારે આવીને કુર્કટનું પાંજરૂં મંત્રીના સેવકોને આપ્યું. તેઓ પાંજરૂં લઈને લીલાવતી પાસે આવ્યા. કુર્કટને જોતાંજ લીલાવતીનો રોષ સાત્ર ટળી ગયો અને સ્નેહ ઉત્પન્ન થયો. પછી તે પાંજરૂં પોતાના ખોળામાં લઈ કુર્કટની સાથે વાત કરવા લાગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે લીલાવતી ને કુર્કટ પરસ્પર વાર્તાલાપ કરશે, એક બીજાના હૃદયના ઉભરા ઠાલવશે. તે આપણે હવે પછીના પ્રકરણમાં વાંચશું હાલ તો આ પ્રકરણમાંથી કહેવાનું શું ગ્રહણ કરવાનું છે તે વિચારીયે.

## પ્રકરણ ૧૯ માનો સાર.

આ પ્રકરણમાં હકીકત ઘણી છે, પરંતુ તે બધી ચંદરાજાની કુર્કટાવસ્થામાં થયેલી મુસાફરીને લગતી છે. ગુણાવળી પાસેથી પાંજરૂં લઇને માર્ગે પડેલા નટો ફરતા ફરતા પૃથ્વીભૂષણ નગરે આવે છે. ત્યાં સારૂં દાન માન મેળવી ફરતા ફરતા સિંહલદ્વીપે પહોંચે છે. ત્યાં પણ પ્રથમ પ્રવેશ તો સુખે સુખે પસાર થાય છે, પરંતુ બીજા પ્રવેશમાં સિંહલરાણી દેખાવ આપે છે અને તે પોતાના પતિ પાસે આગ્રહપૂર્વક કુકડો મંગાવી આપવાની માગણી કરે છે. વિચક્ષણ રાજા પ્રથમ તો તેને સમજાવે છે, પરંતુ પાછળથી રાણીના હઠને આધીન થઈ કુકડાની માગણી કરવાને સેવકોને મોકલે છે. તેની માગણીનો ચોખો ઉત્તર નટ તરફથી મળતાં રાજા ન્યાયને ભૂલી જઇ બળાત્કાર કરવા તૈયાર થાય છે. લશ્કર લઇને નીકળે છે, પરંતુ પરિણામે સત્યનો જય થાય છે. એમાં ચંદરાજાની પુણ્ય પ્રકૃતિ પણ અવાંતર કારણરૂપ છે. સિંહલરાજાને પરાસ્ત કરી કુર્કટ સહિત નટો આગળ પ્રયાણ કરે છે.

નટો અનુક્રમે પોતનપુર આવે છે. ત્યાંના મંત્રીની પુત્રી શ્રેષ્ટીપુત્ર લીલાધર સાથે પરણાવેલી છે. લીલાધર હજુસુધી ઉછરતી વયમાં હોવાથી તેની પાસે માગવા આવેલા એક રંકનું અપમાન કરી તેને તે કાઢી મૂકે છે. રંક પણ તેના માથાનો નીકળે છે, તે બરોબર મર્મસ્થાનમાં પ્રહાર કરે એવા શબ્દબાણ મારે છે. લીલાધરને પણ તે આરપાર ઉતરી જાય છે. તેના મનમાં ચોકસ થાય છે કે–'પરદેશ જવું અને હાથે કમાણી કરવી.' આ વિચાર તેના પિતાને તે જણાવે છે. તેના પિતા આવ્યા ત્યારે તે ખુટખુટ ખાટલી ઉપર સૂતો હતો, તે રીસાયાની નીશાની છે. પિતા બહુ રીતે સમજાવે છે, પણ તે માનતો નથી. તેના સસરા સુબુદ્ધિ મંત્રી પણ પ્રયાસ કરે છે, પરંતુ તે નિષ્ફળ જાય છે. શેઠ જેમ તેમ કરી જમાડે છે. પછી રાત્રીએ લીલાવતી સમજાવશે એવી આશામાં રહે છે. લીલાવતી પણ પ્રયાસ કરવામાં બાકી રાખતી નથી; કારણ કે તેનો પતિ સાથે અપ્રતિમ પ્રેમ છે. વળી તે સુરૂપા તેમજ વિચક્ષણ હોવાથી પોતાને પણ એવો ભરૂંસો છે કે હું પતિને સમજાવી શકીશ, પણ આગ્રહમાં દૃઢ થયેલો લીલાધર તેની વાત ઉપર ધ્યાન આપવું તો દૂર રહ્યું પણ તેની સામી સીટ પણ માંડતો નથી. અપૂર્વ સ્નેહ છતાં અને સ્નેહ યોગ્ય પાત્ર છતાં વૃત્તિ જ્યારે બીજામાં રોકાણી હોય છે ત્યારે ઇંદ્રિયો પણ જડ જેવી થઇ જાય છે. અંતે લીલાવતી થાકે છે. અહીં મોહની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ બીજે રૂપે કામ કરે છે. સ્ત્રી મોહ તરીકે ફાવતો નથી, ત્યારે દ્રવ્ય મોહ તરીકે તેના અંતરમાં વાસ કરે છે. તે સાથે માન તરીકે પણ સત્તા જમાવે છે; કેમકે રંકના વચનોએ માનદશા જાગૃત કરી છે. મોહરાજા એક પ્રકારે ન ફાવે તો બીજી રીતે પણ આ પ્રાણીને પોતાના પાશમાંથી છુટો થવા દેતો નથી. મુગ્ધ જીવો તેના પરાક્રમને જાણતા નથી, બાકી તે તો અપ્રતિહત પરાક્રમી છે. ખરા જ્ઞાની પુરૂષો જ તેનો અંત આણી શકે છે. મોટા મોટા તપસ્વીઓ જેના ફંદમાં ફસી પડે એવી મનોહરા સ્ત્રી પણ આ વખત લીલાધર પાસે ફાવી શકતી નથી. અનુક્રમે સવાર પડે છે.

બીજી રીતે સમજાવી શકાણો નહીં ત્યારે હવે અનુકૂળ ઉપસર્ગ કરવાની શક્તિ બુદ્ધિમાન મંત્રી અજમાવે છે. પરદેશ જવાની તેના પિતા પાસે હા પડાવે છે અને મુહૂર્ત્ત જોવરાવવા જોશીઓને તેડાવે છે. લીલાધર રાજી થાય છે. જોશીઓને વાત કરતાં એવા સમજાવી દે છે કે તે છ મહીના સુધી મુહૂર્ત્તજ આવતું નથી એમ કહે છે. પછી આગ્રહ કરીને પૂછતાં કુકડો બોલે ત્યારે જવાનું મુહૂર્ત્ત આપે છે. મંત્રી લીલાધરને રાજી કરી તૈયારી કરવા પોતાને ત્યાં લઇ જાય છે અને બીજી બાજુએ કુકડા માત્રને દેશાટન કરાવે છે. લીલાધર તૈયાર થઇને રહે છે પણ કુકડાનો શબ્દ ન સાંભળવાથી પ્રયાણ કરી શકતો નથી. તે ઘણો ઉંચોનીચો થાય છે પણ કુકડાના શબ્દ વિના છ મહીના નીકળી જાય છે. તેના મનમાં પણ જોશીએ આપેલા મુહૂર્ત્તથી વિરૂદ્ધ ન વર્તવાનું ઠસી ગયેલું છે. અનુક્રમે સ્થિતિ પરિપક્વ થાય છે એટલે કુર્કટેશ્વર સહિત નટોનું ત્યાં આવવું થાય છે. બનવાકાળ હોવાથી સંયોગ પણ એવોજ બને છે. જુઓ ! નટોને ઉતારો મંત્રીના ઘર પાસે અપાય છે અને સાંજે નાટક કરવાની ના પાડવામાં આવે છે. જો તે વખતે હા પાડી હોત તો કુકડો મંત્રીના જોવામાં આવત ને તેને હરેક પ્રકારે તે દૂર કરત; પરંતુ ભવિતવ્યતા પાસે મનુષ્યપ્રયત્ન ચાલી શકતો નથી. પાંચ કારણો પૈકી છ માસ સુધી મંત્રીના ઉદ્યમરૂપી કારણે બળ કર્યું હતું, અત્યારે ભવિતવ્યતા બળ કરે છે. પાછલી રાત્રે પ્રભાત થતાં કુકડો બોલે છે. જો કે તે પણ આગલા દિવસે લોકોના કહી જવાથી ન બોલવું ઠીક છે એમ સમજી મૌન થઇ ગયો હતો, પરંતુ સવારે સ્વભાવ દબાવી શકતો નથી. તે બોલે છે ને લીલાધર ઘરની બહાર નીકળે છે. લીલાવતીનું જોર હવે ચાલતું નથી એટલે તે મોહવશ મૂર્છાગત થાય છે. સાવધ થતાં પતિમોહ કુર્કટપરના દ્વેષરૂપે પરિણામ પામે છે. કોણ વૈરીકુર્કટ નીકળ્યો કે જેણે મને પતિનો વિરહ પાડ્યો, એમ તેના મનમાં થઇ આવે છે. પિતા મારફત કુર્કટની શોધ કરાવતાં તરતજ તેનો પત્તો લાગે છે. તેનાપર વેર લેવા માટે તે ડાહી વિચક્ષણ છતાં તેને મારી નાખવા તત્પર થાય છે. જો કે તેથી પતિવિયોગ દૂર થવાનો નથી એમ તે સમજે છે પણ આવેશમાં

For Private And Personal Use Only

બુદ્ધિ બહેર મારી જાય છે. તે પોતાના પિતાને કુકડો મંગાવી આપવા આગ્રહ કરે છે. મંત્રી તેને સમજાવે છે, પરંતુ તે હઠ છોડતી નથી. મંત્રી નટોને બોલાવી આગ્રહ કરી જુએ છે પણ ત્યાંથી તો અક્કડ ઉત્તરજ મળે છે. એટલે તે ફરીને પુત્રીને સમજાવે છે, અને છેવટ માત્ર એકવાર કુર્કટને તેની પાસે લાવી આપવાનું કબુલ કરે છે. નટો તેનો વિશ્વાસ કરતા નથી, એટલે તે બદલામાં પોતાના પુત્રને સોંપીને કુર્કટનું પાંજરૂં લીલાવતીને લાવી આપે છે. આ પુણ્યશાળી કુર્કટને જોતાંજ લીલાવતીનો તેનાપરનો દ્વેષ ગળી જાય છે. તે તેને ખોળામાં લેય છે અને તેની સાથે વાત કરવા માંડે છે. બંને વિચક્ષણ છે. કુર્કટ મનુષ્યભાષા સમજે છે, તેમ લીલાવતી પણ પક્ષીભાષાથી તદન અજ્ઞાત નથી. હવે તેઓ શા આલાપ સંલાપ કરે છે તે આગલા પ્રકરણમાં વાંચશું. અહીં તો કુર્કટની પુણ્ય-પ્રકૃતિ ઉપર લક્ષ આપવાનું છે કે કુર્કટ થયા છતાં તેનું રક્ષણ ને પોષણ કેવું થાય છે? કુર્કટપણામાં પણ તે સર્વત્ર પૂજાય છે ને તેનો વાળ પણ કોઈ વાંકો કરી શકતું નથી. આ હકીકતને લક્ષમાં લઈને ભવ્ય જીવોએ અનેક પ્રકારે પુણ્યનો સંચય કરવો. જો પુણ્ય બાંધ્યું હશે તો દરેક સ્થિતિમાં, દરેક વખતે, દરેક પ્રસંગે, ગમે તેવા સંયોગોમાં ઉપયોગીજ થશે. બીજી વાત એ ધ્યાનમાં રાખવી કે આ જગતમાં જેનો સંયોગ તેનો વિયોગ થાયજ છે, તેથી સંયોગને અચળ માની તેમાં તીવ્રતા ધરાવવી નહીં. લીલાવતીને જો તેમાં અતિ તીવ્રતા હતી તો મૂર્છિત થવું પડ્યું અને વિયોગ તો થવાનો હતો તે થયો. વસ્તુમાત્ર સંયોગ ને વિયોગ બે સ્વભાવવાળીજ હોય છે. એક વખત મળેલ વસ્તુનો અમુક કાળે વિયોગ થાયજ છે. આ વાત જગતના નિયમ તરીકે ખાસ ધ્યાનમાં રાખવી. જેઓ એ વાત ધ્યાનમાં ન રાખતાં ઇષ્ટવિયોગાદિ અનિષ્ટ પ્રસંગે અકળાઈ જાય છે, તેઓ સ્વપરને અનેક પ્રકારની વિડંબના કરે છે, અને ફોગટનો કર્મબંધ કરે છે. તેમ કરવાથી વિયોગસ્થિતિ કિંચિત્ પણ ઘટતી નથી અને શાંતિ પ્રાપ્ત થતી નથી. ઉલટો દુઃખમાં વધારો થાય છે. ઇષ્ટસંયોગ વિગેરે પ્રસંગોમાં પણ એવા મનુષ્યોજ લયલીન થઈ જાય છે અને પ્રાપ્ત થયેલ ઇષ્ટ પદાર્થોને નિરંતર સંયોગમાં રહેનારા માને છે. એ પ્રસંગે રાગ દશાને આધીન થઈ અનેક પ્રકારના કર્મબંધ કરે છે; પરંતુ સંયોગ પણ અમુક સ્થિતિ પર્યંતજ રહે છે, નિરંતર અવિચ્છિન્ન તે ને તે સ્થિતિમાં રહેતોજ નથી. એવો જગત સ્વભાવજ છે. માટે સંયોગ વિયોગ બંને અવસ્થામાં સુજ્ઞ જનોએ પોતાની ચિત્તવૃત્તિને જેમ બને તેમ વધારે સ્થિર રાખવી અને કર્મબંધ ન કરવો. આ પ્રકરણ અહીં સમાપ્ત કરવામાં આવે છે અને બંને સરખે સરખી સ્થિતિવાળા–વિયોગના દુઃખે દુઃખીનો વાર્તાલાપ સાંભળવા વાચકબંધુઓ સાવધાન થવાનું સૂચવવામાં આવે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શત્રુનો અનુનય.

## ( નવમ સૌજન્ય. )

( અનુસંધાન પુષ્ટ ૬૭ થી. )

( લેખક-કાપડીઆ મોતીચંદ ગીરધરલાલ. સોલીસીટર. )

રાગ અને દ્વેષ કષાયને ઉત્પન્ન કરનાર છે. કષાય ચાર છે: ક્રોધ, માન, માયા અને લોભ. ક્રોધ દ્વેષથી ઉદ્ભવે છે. માન બહુધા સ્વગુણુપરના રાગથી થાય છે, માયાના અંતરમાં રાગ અને દ્વેષ બન્ને હોય છે, કારણકે પરને છેતરવા માટે જે વિરૂપ સ્થિતિ ઉત્પન્ન કરવી જોઇએ તે દ્વેષજન્ય છે અને તેમાં પરવસ્તુ પ્રાપ્તિ આદિ જે પ્રાધાન્ય હોય છે તે રાગજન્ય હોય છે. લોભ જે સર્વ ગુણનો નાશ કરનાર કષાય છે તે રાગથી ઉત્પન્ન થાય છે. એમાં ધન આદિની પ્રાપ્તિના હેતુપરનો પ્રેમ છે અને સાથે અન્ય પાસેથી અમુક વસ્તુ લઇ લેવી તે દ્વેષનું પરિણામ છે. કોઈ જગોએ એવું પણ વાંચવામાં આવ્યું છે કે ક્રોધ અને માન દ્વેષના ઘરનાં છે અને માયા અને લોભ રાગના ઘરનાં છે. કોઈ ક્રોધ અને લોભ દ્વેષજન્ય તરીકે અને માન અને માયા રાગજન્ય તરીકે જણાવે છે. એ સર્વ બાબતમાં સત્ય છે. જે મુદ્દો ધ્યાનમાં રાખી વિભાગ પાડવામાં આવ્યા હોય તેની અપેક્ષાએ તે વિભાગ ઉચિત ગણી શકાય તેમ છે; પણ આ સર્વ વાતમાંથી એક સત્ય તો સ્પષ્ટ જણાઈ આવે તેમ છે અને તે એ છે કે રાગ અને દ્વેષ એ બન્ને કષાયના ઉત્પાદક છે અને કષાય ને કર્મના સ્થિતિ ને અનુભાગબંધ સાથે એટલો ગાઢ સંબંધ છે કે રાગ અને દ્વેષને કર્મબંધમાં બહુ અગત્યનું સ્થાન આપવામાં આવે અથવા એટલે સુધી કહેવામાં આવે કે એ બન્નેને લઇનેજ આ પ્રાણીનો સંસાર છે અથવા સંસારમાં રખડાવનાર તે બેજ છે એમ જણાવવામાં આવે તો તેમાં જરા પણ અતિશયોક્તિ જેવું નથી.

રાગ દ્વેષને આટલું બધું મહત્વનું સ્થાન આપવામાં આવ્યું તેનું ખાસ કારણ એ છે કે કર્મબંધ વખતે જે કર્મનો રસ ( તેની ગાઢતા અથવા ચીકાશ ) થાય છે તેનો આધાર રાગ દ્વેષ ઉપર રહે છે. અમુક કર્મોમાં ગાઢતા કેટલી છે તે ક્રિયમાણ કાર્યમાં રાગ અથવા દ્વેષ કેટલો છે તેથી મુકરર થાય છે. દૂધપાક પૂરી ખાવા બેસનાર પૈકી એક સમ્યગ્ દૃષ્ટિવાન્ જીવ હોય અને બીજો સંસારરસિક હોય તે બન્નેના વર્તનમાં બહુ તફાવત સ્પષ્ટ દેખાય છે. સંસારરસિક ખાવામાં સુખ સમજનાર રાગાંધ પ્રાણીને રાગે અંધી ચઢાવેલી હોય છે તેથી તે દૂધપાકમાં રહેલી મીઠાશ, તેના રંગનો ઝગઝગાટ અને તેની સુગંધીની સુરમ્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુએ છે અને તેમાં એટલો આસક્ત થઈ સબડકા મારે છે કે તેને તેનું જીંદગીનું સુખ જાણે પ્રાપ્ત થયું હોય, તેની મોટી ઈચ્છા પૂરી થઈ હોય એમ તે માને છે અને સાથે રસોઈના સ્વાદની, અન્ય સ્થળે ખાધેલ રસોઈની અને ખાવાના આનંદની એવી વાતો કરે છે કે તેને જાણે જમવામાંજ પ્રાસગ્ય મળી ગયું હોય એમ તે ગણે છે, ખાધેલા દૂધપાકને તે પોતાનોજ માને છે અને જેટલું ખવાય તેટલું ખાય છે. સાધ્ય દૃષ્ટિવાન્ જીવ પણ ખાય છે ખરો, પરંતુ તેને તેમાં કાંઈ વિશેષતા દેખાતી નથી. તે દેહને ભાડું આપવા તુલ્ય સમજે છે, દૂધપાક અને અન્ય પદાર્થોમાં તેને તફાવત લાગતો નથી અને તે રસથી ખાતો નથી. તેને ખાતાં ખાતાં વિચાર થાય છે કે આ પ્રાણીએ મેરૂપર્વત જેવડા મોટા ઢગલા થાય તેટલા પદાર્થો ખાધા પણ તેને તૃપ્તિ થઈ નહિ. વળી ખાવાનો હેતુ પેટ ભરવાનો નથી પણ શરીર જે યોગપ્રક્રિયામાં અને આત્મપ્રગતિ કરવામાં સાધનભૂત છે તેને પોષણ થાય તેવી રીતે ગૃદ્ધિ વગર જે મળે તે ખોરાક આપવાનો છે. તે ખાધેલ વસ્તુને પોતાની માનતો નથી પણ શરીરપોષણ માટે જરૂર હોય તેટલા પૂરતીજ તેને ઉપયોગી માને છે અને રૂચિપ્રમાણે જરૂર જોગું ખાય છે. ખાવાના પ્રસંગે પણ તે વિચારણા આત્મતત્ત્વનીજ કરે છે અને વાતો કરે છે તો તે પણ સાધક જીવને ઉચિતજ હોય છે. ભોજન સંબંધી વાતો કરે તોપણ ભોજન ઉપર ગૃદ્ધિ થાય તેવી વાતો કરતો નથી, પણ તેમાંથી સારભૂત તત્ત્વ તારવી કાઢે છે. આવી રીતે એકને એક ક્રિયા કરવામાં પણ સાધક જીવોમાં અને સંસારી જીવોમાં બહુ તફાવત રહે છે અને તે તફાવતનું કારણ રાગદ્વેષની તરતમતા છે. એ રાગ દ્વેષની તરતમતાને પરિણામે જ્યારે સાધક જીવ અતિ અલ્પ કર્મબંધ કરે છે અને કોઈવાર સદ્વિચારને પરિણામે નિર્જરા પણ કરે છે ત્યારે સંસારરસિક પ્રાણી મહા આકરા તીવ્ર કર્મો બાંધે છે. એકજ ક્રિયામાં આવી રીતે રાગ દ્વેષ કર્મબંધનને અંગે મોટો તફાવત પાડે છે અને તે તફાવતને લઈને કર્મની ચીકાશમાં મોટો તફાવત પડે છે. જેમ રાગથી ઉપર જણાવ્યું તેમ કર્મબંધનને અંગે ફેર પડે છે તેમ દ્વેષથી પણ એમજ થાય છે. મીઠું ઓછું હોય કે રસોઈ ફીકી થઈ હોય તો રસોઈ કરનારપર ગુસ્સે થઈ જનાર, થાળી પછાડી જમતાં જમતાં ઉભા થઈ જનારની રસવતીમાં કેવી ગૃદ્ધિ હશે તે આપણો દરરોજના અનુભવનો વિષય છે. એમાં રાગ અને દ્વેષ બંને મિશ્રિત છે. આવી રીતે રાગ અને દ્વેષ કર્મની ચીકાશમાં બહુ મોટો તફાવત પાડી દે છે, પરભાવમાં રમણ કરાવે છે અને પ્રાણીની આંતર દશાને મોટો ધક્કો પહોંચાડી તેને બાહ્ય ભાવમાં રમણ કરાવે છે.

દ્વેષ કોઈના ઉપર કરવો અથવા રાખવો તે અત્યંત હાનિકારક દુર્ગુણ છે

For Private And Personal Use Only

અને મનને તે અત્યંત મલીન કરે છે. જેઓ કર્મવ્યવસ્થાનો અનિવાર્ય સિદ્ધાન્ત સમજે છે તે પોતાની ઉપર દ્વેષ રાખનાર ઉપર પણ સમચિત્ત રહે છે. તે સમજે છે કે પોતાના તરફ ખરાબ વૃત્તિ રાખનાર તેના પોતાના ખરાબ વર્તન કે વિચારનું પરિણામ સ્વતઃ મેળવશે. એ બાબતમાં પોતે અન્ય ઉપર દ્વેષ રાખવો એ અજ્ઞાનતાનું પરિણામ છે અને વિશ્વ નિયમ કેવી રીતે ચાલે છે તે ન સમજવાથીજ એવી વૃત્તિ ઉત્પન્ન થાય છે. અમુક પ્રાણી ઉપર દ્વેષ રાખવો પછી તે સકારણ હોય કે નિષ્કારણ હોય પણ તે પોતાની અધમ વૃત્તિ સૂચવે છે. જેઓ એમ સમજે છે કે પોતાના ઉપર દ્વેષ કરનાર તેનું ફળ તાત્કાળિક નહિ તો ભવિષ્યમાં પણ મેળવશે તેઓ કદિ દ્વેષને તાબે થઈ જતા નથી, કારણકે એક વખત આ અત્યંત હાનિકારક દુર્ગુણને તાબે થઇ ગયા પછી ચિત્તની ક્લિષ્ટતા બહુ વધી જાય છે. પરભાવ ત્યાગ કરવાની બાબતમાં યોગશાસ્ત્રકારો વારંવાર પ્રેરણા કરેછે તેનું કારણ આજ છે. આ વૃત્તિ એટલી અધમ છે કે એના પંજામાં એક વખત પ્રાણી આવી પડે છે એટલે ત્યારપછી અનેક અધમ આચરણની પરંપરા કરતો કરતો તે ચાલ્યો જાય છે અને તેને આત્મહિતમાં આગળ વધવાના દ્વાર બંધ થઇ જાય છે; આથી પરભાવરમણતા દૂર કરવા માટે જેમ બને તેમ દ્વેષથી દૂર રહેવાની ખાસ આવશ્યક્તા છે.

અહીં જે વિશ્વનિયમ અને કર્મના અબાધિત સિદ્ધાન્ત પર વાત કરી તે બહુ સ્પષ્ટ રીતે સમજવાની જરૂર છે. આપણા આખા વર્તનમાં વ્યવહારમાં કે ચિંતવનમાં જે કાંઇ કામ કરીએ કે વિચારણા કરીએ તેનું ફળ જરૂર મળે છે. તેવીજ રીતે અન્ય પ્રાણી માટે પણ સમજવું. તે અન્ય પર દ્વેષ રાખતો હોય તો તેને તેનું ફળ મળે છે, દ્વેષને અંગે તે અમુક અધમ કામો કરતો હોય તો તેનાં ફળ પણ તેને જરૂર મળે છે. સંસાર સ્થિતિમાં કર્મનું કયું સ્થાન છે અને તે કેવી રીતે કામ કરે છે તે પર વિચારણા કરવાનું આ સ્થાન નથી. જૈન દર્શનકારોએ અનેક ગ્રંથોમાં એ સિદ્ધાન્તને વિસ્તારથી બતાવ્યો છે. કર્મગ્રંથાદિ અનેક ગ્રંથો તે માટે વિદ્યમાન છે. અહીં ગ્રંથવાંચનના પરિણામે આપણે જે વિચાર કરવાનો છે અને જે મજબુત રીતે હૃદયમાં રાખી મૂકવાનો છે તે એ છે કે ગમે તે કાંઇ કરવામાં આવે, વિચાર કરવામાં આવે, પ્રવૃત્તિ કરવામાં આવે તેનું ફળ જરૂર મળે છે અને તેમાં જેટલો વેગ હોય, જેટલી તરતમતા હોય તેટલે અંશે તે ઓછા કે વધારે જોરથી ફળ આપે છે. બળદને નિસાસો મૂકાવવાના કાર્યને પરિણામે શ્રી આદિનાથ પ્રભુને એક વરસ સુધી ઉપવાસ કરવા પડ્યા કે શ્રી વીર પરમાત્માને અભિમાન એક વખત કરવાથી ઘણા ભવ સુધી નીચ ગોત્રમાં રખડવું પડ્યું તેમાં જરા પણ અન્યાય નથી કે કૃત્યના પ્રમા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુમાં શિક્ષા વધારે નથી એનો વિચાર કરવા માટે આપણે એક અન્ય વાત જોઇએ. સ્પર્શેંદ્રિયને વશ થઇ પાંચ મિનિટના સુખ સારૂ અન્ય સ્રી ઉપર બળાત્કાર ( rape ) કરનારને કાયદામાં પાંચ વરસના સખત કેદખાના સુધીની સજા ફરમાવી છે અને એવી સજા થતી જોવામાં આવે છે. તેમાં વધારો ઘટાડો સંયોગ પ્રમાણે થાય છે, પરંતુ પાંચ મિનિટ અને ઉપરોક્ત વરસો વચ્ચે જે તફાવત છે તે ધ્યાન રાખવા યોગ્ય છે. ગુન્હાની સખ્તાઈ અને સંયોગો પ્રમાણે સજામાં વધારો ઘટાડો થાય છે પણ પાંચ મિનિટથી તો જરૂર વધારે સજા થાય છે. આવી રીતે દ્વેષ કોઇ ઉપર પાંચ દિવસ કર્યો હોય તો તેનું પરિણામ કેટલું ભયંકર આવે તે વિચારી જોવા વિજ્ઞપ્તિ છે. વાત એટલી છે કે આ નિયમને અંગે જે ફળ મળે છે તે અદૃશ્ય રીતે મળે છે. તેથી ખબર પડતી નથી કે અમુક પાપનો ઉદય થયો તે કયા અશુભ કાર્ય કે વિચારણાનું પરિણામ હતું, પરંતુ ફળ મળ્યા વગર રહેતું નથી એ ચોક્કસ જણાય છે. માનસિક, શારીરિક અને સંયોગિક ઋદ્ધિમાં પ્રત્યેક પ્રાણીમાં જે મોટો તફાવત જણાય છે તે આ અબાધિત કર્મના સિદ્ધાન્તને સ્પષ્ટપણે બતાવી આપે છે અને તેનું રહસ્ય જે સમજે તે અન્ય ઉપર દ્વેષ કરવા દોરવાઇ જાય એમ સહજ લાગતું નથી.

ઉપરની હકીકત જાણવા છતાં પ્રાણી દ્વેષ કરવા લલચાઇ જાય છે એ સામાન્ય અવલોકનથી પણ જોવામાં આવે છે-તેનો ખુલાસો કરવો પણ ઉચિત છે. પ્રાણીમાં વિચારશક્તિ હોય છે તેનો ઉપયોગ તે કરે ત્યારેજ તેને તેનું સામ્રાજ્ય સમજાય છે અને વિચારશક્તિના ઉપયોગ પછી જે કાર્ય તે કરે તે તો બહુ સુંદર થાય તેમાં નવાઇ જેવું નથી. પરંતુ ઘણીવાર પ્રાણી યંત્રની જેમ કામ કરી નાખે છે. જેમ શરીરમાં કેટલીક ગતિઓ સ્વતઃ ચાલે છે તેમ તે વિચાર કરવા બેસતો નથી અને ગમે તે પ્રકારના ક્ષણિક બાહ્ય ભાવને વશ થઇ કાર્ય કરી નાખે છે. દૂરથી એક ઝીણું મગતરૂં આંખ તરફ આવ્યું અથવા દડો કુદતો કુદતો માથા સુધી આવ્યો, તે વખતે જો આંખ તેને દેખીને જ્ઞાનતંતુદ્વારા મગજમાં તેનો વિચાર મૂકે, ત્યાં દલીલ ચાલે કે મગતરૂ આંખમાં જાય તો બહુ નુકશાન થાય માટે તેને અટકાવવું જોઇએ અને દડાથી માથાનો બચાવ કરવા માથાને પાછું ખેંચી લેવું જોઇએ અથવા બાજુ પર ઢાળી દેવું જોઇએ અને પછી મુખ્ય ગ્રંથીને તેમ કરવા હુકમ થાય અને તેવી રીતે કામ ચાલે તો વિચાર થયા પહેલાં તો મગતરૂં આંખમાં ચાલ્યું જાય અને દડો માથાને વાગી ચૂકે; પણ તે પ્રસંગે યંત્રની માફક કામ ચાલે છે અને બચાવદ્વારો પોતેજ કામ કરી લે છે. આંખના પોપચાં, ગળાનાં દ્વારપાળો અને નાક વિગેરે ઘણા રક્ષકો શરીરમાં છે અને જરૂરને પ્રસંગે સ્નાયુઓ મગજ તરફથી હુકમની રાહ જોયા વગર સ્વતઃ કામ કરી શકે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે તે આપણે જોઇએ છીએ. તેવી રીતે દરરોજ હજારો અકસ્માતોમાંથી આપણે બચીએ છીએ. આવું યંત્રવત્ કામ શારીરિક દૃષ્ટિએ બહુ લાભકર્ત્તા છે, પણ પરભાવરમણતાને અંગે મનોવિકાર દશામાં અંતરાત્માને તે પ્રમાણે કરવાની ટેવ પડી જાય તો આ ચેતનની પરભાવ રમણ કરવાની અનાદિ ટેવને લઇને બહુ નુકશાન કરે છે. જ્યારે વિશિષ્ટ દશા પ્રાપ્ત થાય ત્યારે સ્વતઃ કામ કરવાની ટેવ લાભ કરે છે, કારણકે પછી પરભાવમાં ગમન થતું નથી અને શુદ્ધ રીતે આત્માનું હિતકર કાર્ય તરફજ વલણ થાય છે. એવી વિશુદ્ધ દશા ન થાય ત્યાંસુધી વિચારણા કરવાની જરૂર રહે છે અને તેવી વિચારણા કર્યા વગર જેઓ કામ કરવા મંડી જાય છે તેઓ કર્મનો અબાધિત સિદ્ધાન્ત સમજતાં છતાં પણ ક્ષણિક મનોવિકારને વશ થઇ જાય છે. આથી આપણા પ્રત્યેક કાર્યપર–વિચારણાપર–વર્તનપર બહુ બારીક નજર રાખવાની જરૂર છે. એવી રીતે નજર રાખ્યા વગર જે કાંઇ કામ થાય છે તેમાં બહુધા આત્માવનતિજ થાય છે, કારણકે વિશુદ્ધ વિચારણાને અભાવે આ પ્રાણી પરભાવમાં રમણ કર્યા કરે છે અને તેથી સ્વતઃ કાર્ય જે કાંઈ થાય છે તેમાં વિશુદ્ધિનાં તત્ત્વ કરતાં વિભાવનું તત્ત્વ જરૂર વધારે રહે છે અને વિભાવ પ્રાણીને અધઃપાત કરાવનાર છે તે તેના નામથીજ સમજાય તેવું છે.

શ્રી યશોવિજય ઉપાધ્યાયે દ્વેષના સંબંધમાં એક સઝાય લખી છે તેમાં એક બહુ અર્થસૂચક વાત કહી છે. સૂત્ર જેવા એ નાના વાક્યમાં તેઓ કહે છે કે '**ચરણ કરણ ગુણ બની ચિત્રશાળી, દ્વેષ ધુમે હોયે તે સવિ કાળી લાલન તે સવિ કાળી.**' આ બહુ અર્થગર્ભિત વાક્ય છે. તેમાં તેઓ કહે છે કે અમુક ચારિત્રવાન્ સાધુ હોય તે અનેક પ્રકારની વિશુદ્ધ ક્રિયા કરતા હોય અને ચારિત્રના ગુણો પણ સારી રીતે પાળતા હોય–આવી રીતે તે ક્રિયા અને ચારિત્રગુણોમાં બહુ યોગ્ય રીતે આસકત હોય, તે ચારિત્ર અને ક્રિયાના ગુણો જેને ચરણ સિત્તરી અને કરણ સિત્તરી કહેવામાં આવે છે તે દરેકને રૂપક આપી એક ચિત્રશાળા બનાવો. એટલે એક સુંદર ગૃહના મધ્ય આવાસમાં ભીંતોને ચોખી કરી તે ઉપર બહુ સુંદર રીતે અતિ કુશળ કારીગરો પાસે તેમાં ચિત્રો પડાવો. તેમાં સંયમનાં સત્તર પ્રકારો જેમાં ઇંદ્રિયપર સંયમ, કષાયનો નિગ્રહ અને મહાવ્રતો જેવા વિશિષ્ટ ગુણો આવે છે તેનો તેમજ ચરણ કરણના સર્વ ગુણોનો સમાવેશ કરો અને તે પ્રત્યેકને અંગે સાધુ મહાત્મા જે જે વર્તન કરતાં હોય તેનું ત્યાં ચિત્ર કાઢો એટલે એ સર્વને રૂપ આપી અતિ આકર્ષક રીતે આળેખો. પછી તે આવાસગૃહને જુઓ તો તમને તે બહુ સુંદર લાગશે. આવી રીતે અતિ પ્રયાસથી તૈયાર કરેલ સુંદર આવાસમાં પછી ધુમાડો કરો તો સુંદર રંગથી આકર્ષિત થયેલ આવાસ તદ્દન નિર્માલ્ય થઈ જશે, ગંધ મારતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે એ તદ્દન સ્વાભાવિક લાગે છે. જ્યાં નૈસર્ગિક પ્રકૃતિજ એવી થઇ જાય કે પછી દુરાચારમાં કે અધમ વર્તનમાં હોરાય નહિ, એટલુંજ નહિ પણ વિશિષ્ટ ભાવનાને અનુરૂપ સદ્વર્તન રાખ્યા કરે ત્યાં પછી તે અન્યના ગુણો ઓળખી તેના પર રાગ કરે અને પોતે વિશિષ્ટ ગુણ ધારણ કરનાર થાય એ એક પછી એક પગથી દરેકની અવલંબે છે અને તદ્દન સાધારણ લાગે છે. આવા ગુણવાન્ અને અન્ય ગુણના રાગી પ્રાણીઓની અંતે તો દુનિયામાં કીર્ત્તિ જરૂર થાય છે, જોકે એવા ગુણવાળા મહાપુરૂષો કીર્ત્તિ મેળવવા સારૂ કાંઈ પણ વર્તન કરતા નથી. નિર્ગુણી માણસો આવા મહા પુરૂષોના ગુણો તરફ ગમે તેવો દ્વેષ કરે તોપણ અંતે તો ગુણવાનની કીર્ત્તિ દુનિયામાં થાયજ છે. આતો એક તદ્દન સાધારણ વાત કરી પણ આ ઉપરાંત ગુણી અને ગુણરાગીને જે સ્વાત્મસંતોષ થાય છે, તે અનિર્વાચ્ય છે. આટલા ઉપરથી જો કોઇ વાત સિદ્ધ થતી હોય તો તે એ છે કે ગુણ ઉપર ગુણ ખાતર કોઇપણ પ્રકારના ફળની-માનની કે લાભની-અપેક્ષા રાખ્યા વગર પ્રીતિ રાખવી અને પોતે બની શકે તેટલા ગુણો અમલમાં મૂકવા પ્રબળ પ્રયાસ કરવો.

આટલા ઉપરથી સહરહુ બીજા પદમાં ઉપાધ્યાયજી કહે છે કે જ્યાં ગુણ હોય ત્યાં રાગ કરવો, એટલે અન્ય ગમે તેવી પંક્તિના પ્રાણીમાં ગુણ હોય તો તેટલા પૂરતો તેના ઉપર રાગ કરવો, તેની યોગ્ય કિંમત આંકવી અને તેને તદનુસાર માન આપવું, ગુણ પ્રાપ્ત કરવાનું પ્રબળ સાધન ગુણને ઓળખવા એ છે, અને ગુણને ઓળખવા માટે ગુણવાન્ પ્રાણીઓ ઉપર રાગ કરવાની જરૂર છે. આવી રીતે જેનામાં જેટલા ગુણો હોય તેટલા પૂરતો તેના તરફ સદ્ભાવ રાખવાથી ગુણની પીછાન થાય છે અને ગુણની ઉપર રાગ (Love) થવાથી તેને પ્રાપ્ત કરવા વિચાર થાય છે. ગુણ પ્રાપ્ત કરવાનું આ પ્રબળ સાધન છે. આની સાથે નિર્ગુણી પ્રાણી ઉપર સમચિત્ત રહેવાની જરૂર છે; એવા પ્રાણી ઉપર દ્વેષ કરવાની જરૂર નથી. કારણકે દ્વેષ એ ત્રીજી વસ્તુ છે અને પ્રાણીનો અધઃપાત કરાવે છે. નિર્ગુણી પ્રાણીને જોઇને તેના કર્મઆધીનપણા તરફ ખેદ થાય તો તેમાં હાનિ નથી. એવા પ્રાણીને જોઇને વિચાર થાય કે એને સુંદર તકો મળી છે, સારો અવસર મળ્યો છે તેનો તે લાભ લેતો નથી. તો તેવી વિચારણામાં કાંઈ વાંધા જેવું નથી, પણ તેના ઉપર વેર બુદ્ધિ ન રાખવી. એને આધ્યાત્મિક દૃષ્ટિએ દુઃખી વર્ગમાં ગણી તેના તરફ ઉપેક્ષા રાખવી-તેની દયા ખાવી એ ઉચિત છે. આ વિષય ઉપર સૌજન્યના બારમા વિષયમાં વિશેષ વિચાર કરવાનો છે તેથી અત્રે વિશેષ ન લંબાવતાં એટલુંજ જણાવવાની જરૂર રહે છે કે ગુણહીન ઉપર રોષ રાખી તેને હલકો પાડવાનો વિચાર ન કરવો, કારણકે તેમ કરવા જતાં પો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત કરેલ ગુણોનો તેટલે અંશે ક્ષય થાય છે. એક બાબત એ પણ જણાવવાની જરૂર છે કે અહીં જે ગુણ તરફ રાગ કરવાની જરૂર બતાવવામાં આવી છે, તે પ્રશસ્ય રાગ છે અને અરાગ દશા પ્રાપ્ત કરવા માટે આગળ જણાવવામાં આવ્યું છે તેમ ખાસ કર્તવ્ય છે. અપૂર્ણ.

# केळवणी प्रत्ये मावापनी फरज.

( લેખક-નરોતમ બી. શાહ. ધોળેરા. )

વર્તમાન કાળમાં અપાતી કેળવણી વિષે વારંવાર પુષ્કળ બોલવામાં આવ્યુ છે, છતાં માબાપ, તથા વાલી તરીકે પોતાની કેળવણી આપવા પ્રત્યે કેવી ફરજો હોવી જોઇએ તે વિષે આપણે ઘણુંજ થોડું જાણીએ છીએ અને તેથી કરીને આ વિષય માબાપની તે પ્રત્યેની ફરજને લગતો લખેલો છે. માબાપોએ પોતાના બચ્ચાંને કેવી રીતે કેળવવા જોઇએ અને તે ફરજ બરોબર રીતે બજાવવી જોઇએ તે તેઓએ ખાસ કરીને જાણવું જોઇએ. અહીં ચર્ચવામાં આવેલો વિષય, માબાપો કે જેઓ પોતાના બચ્ચાંને ફકત નીશાળની કેળવણી આપીને વ્યવહારિક જ્ઞાન મેળ-વાવવામાંજ પોતાની ફરજ સંપૂર્ણ થયેલી સમજે છે તેમને માટે છે અને કેળવણીથી પોતાના આત્માની કેવી રીતે ઉન્નતિ થવા પામે છે અને કયા કયા ફાયદાઓ થાય છે તે તરફ બેદરકાર રહેનાર માબાપ માટે ખાસ લખાયેલો છે. માબાપે પહેલી ફરજ બજાવવાની છે તે એ છે કે જે પ્રકારની કેળવણી પોતાના બચ્ચાંને આપવા માગે છે તેવા પ્રકારની કેળવણી પોતે ધરાવે છે કે નહિ ? તેની-પોતાની જાતની પહેલેથી પરીક્ષા કરવી જોઇએ. માબાપોએ ખાસ વિચાર કરવો જોઇએ કે જેવી રીતે તમો બીજાને જેવા કરવા માંગો છો તેવા તમો પોતે છો કે નહિ ? તમારો પોતાનો સ્વભાવ શાંત છે ? તમારા પોતાના મનને, વચનને અને બીજા કૃત્યોને તમે દાબમાં રાખી શકો છો ? તમે પોતે પ્રમાણિક, ઉદ્યોગી ને કરકસ-રથી ચાલનારા છો કે જેથી કરીને તમારા કુટુંબમાં તમો દાખલારૂપ થઈ પડો ? ઉપર પ્રમાણે માબાપોએ પોતે પોતાની પોતાની મેળે પરીક્ષા કરવી જોઇએ. જો આ પ્રમાણે માબાપો વર્તતા હોય અને પોતાના બચ્ચાંને કેળવણી આપતા હોય તો તેઓ આશીર્વાદરૂપ થઇ પડે પણ જો તેઓ તે પ્રમાણે ન કરે તો નિષ્ફળતા-જ મેળવે છે.

ધારો કે ઉપર પ્રમાણેના સવાલનો ખુલાસો કર્યા પછી નિર્ણય ઉપર આવીએ કે માબાપ પોતાની ફરજ બરોબર રીતે સમજે છે તો હવે આગળ વિવેચન કરીએ. માબાપની ફરજ પોતાના છોકરાં અને બચ્ચાંને ખરેખરી અને ન્યાય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળી કેળવણી આપવાની છે કે જેને લીધે તેમનું વર્તન અને રહેણી કહેણી એવા ઉંચા પ્રકારની થાય કે જેથી કરીને તેઓ આખી જીંદગી પર્યન્ત તેવી સ્થિતિમાં નભી શકે. માબાપ પોતાનાં બચ્ચાંના જવાબદાર વાલીઓ તરીકે ગણાય છે તે કોઈથી ના પાડી શકાય તેમ નથી અને તેથી કરીને પોતાના બચ્ચાંને કેવા પ્રકારની કેળવણી મળે છે તથા તેમનું કેવીરીતે પોષણ કરવામાં આવે છે તેને માટે તેઓ પોતાની ફરજો નીમકહલાલ પિતા તરીકે અથવા બીજી રીતે બજાવે છે કે નહિ તેના ખરેખરા જોખમદાર તેઓ પોતેજ છે. માબાપે જાણવું જોઈએ કે તેઓને ફક્ત થાકેળવણી આપવાની આવશ્યકતા છે એટલુંજ નહિ પણ પોતાની જ્ઞાતિ તેમજ સ્વદેશ તરફ તેમને ઉંચી અને જોખમભરી ફરજ બજાવવાની છે અને તેથી કરીને જો માબાપ બરોબર કેળવણી આપતા નથી તો તેઓ પોતાની ફરજ બરોબર રીતે બજાવી શકતા નથી. ઘણા લોકો પોતાનાં બચ્ચાંને ત્રણ ચાર વરસની ઉમરે જડ અને કાંઇપણ સમજવાને અશક્ત હોય છે એમ સમજી કોઇપણ પ્રકારની કેળવણી આપતા નથી આ ઘણુંજ શોચનીયછે. કારણકે બચ્ચું જન્મેછે ત્યારથી પોતાની કેળવણી લેવાનું શરૂ કરે છે. તેઓ સમજી શકતા નથી કે પોતાની માની આંખોના દરેક પલકારા, પોતાના પિતાના દરેક કૃત્ય અને દરેક જુદી જુદી જાતના રીવાજો, જે જે બચ્ચાંના જોવામાં અથવા સાંભળવામાં આવે છે તેની ઘણી મોટી અસર ભવિષ્યની તેમની જીંદગી ઉપર થાય છે. ચતુર જાપાનીઝ માતા આ બધું સમજી શકે છે, જ્યારે વિદ્યાહીન—અજ્ઞાન હિંદુ માતા આવું કાંઈ સમજી શકતી નથી. આ પ્રમાણે શરૂઆતથી જે પ્રકારનું વર્તન (Character) બંધાય છે તે સારૂં ખરાબ અથવા બેદરકારીભરેલું હોય છે તો તે પાછળથી દાખલા દલીલોથી અથવા સારી શીખામણોથી પણ ફેરવાઈ શકતું નથી. માબાપોએ પોતાના બચ્ચાંને કેવી રીતે લાયક બનાવવા, કેવી રીતે તેમની કુદરતી શક્તિ ખીલવી શકાય, અને કેવા પ્રકારના પ્રયત્નથી તેમનું શારીરિક તેમજ માનસિક બળ વધે તે સઘળું સમજવું જોઇએ. તેઓ પોતે કેવા પ્રકારના સંયોગો વચ્ચે છે તે યાદ રાખવું જોઇએ કે જેથી કરીને બચ્ચાંઓનું વર્તન સુધારવાને તે ઘણુંજ ઉપયોગી થઈ પડે. પોતાના બચ્ચાંને ત્રણથી ચાર વર્ષ સુધી કેળવવા માટે આપણે તેની માતાને જવાબદાર ગણીશું, કારણકે જેવા પ્રકારની કેળવણી બચ્ચાંના કુમળા મગજ ઉપર ઠસાવવામાં આવે છે તે છેવટ સુધી ખસતી નથી. જો માતા પોતાની વૃત્તિઓને મધ્યમસર રાખે, પોતાની ખાનપાનની રૂચિને દાબમાં રાખે, પોતાની દરેક આતુરતાને સુધારે અને પોતાના બચ્ચાંના મગજ ઉપર પોતાની પૂરેપૂરી સત્તા ચલાવી શકે તો ખરેખર પોતાનાં બચ્ચાંને તે શુદ્ધ વર્તનવાળો અને બહાદુર બનાવી શકે છે. કેટલાક માણસો એમ પણ કહેછે કે શિક્ષકો પણ છોકરા માટે જોખમદાર ગણાય છે. ઘડીભરને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે આપણે તે પણ ખરૂં છે એમ કબુલ કરીએ પણ માબાપ અને વાલીઓની ફરજો કરતાં શિક્ષકોની ફરજો ઘણા ટુંકા વખતની હોય છે. જ્યારે બચ્ચાંઓ નિશાળે જતાં શીખે છે ત્યારેજ નવા સોબતીઓ, તેમના જુદા જુદા પ્રકારનો સ્વભાવ અને નવી નવી ચીજો જુએ છે અને તેથી માબાપની ફરજોમાં નીશાળનાં છોકરાંઓની સાથે કેમ વર્તવું અને કેવા સોબતીઓ સાથે રહેવું તે ઉપર લક્ષ આપવાની ફરજનો વધારો થાય છે. બચ્ચાંની કેળવણીનો આધાર એકલા શિક્ષક ઉપર હોવો જોઇએ નહિ. માબાપની ફરજો ફક્ત બચ્ચાંઓને કપડાંલત્તાં પૂરાં પાડવાની અને પોષણ કરવાની નથી. તેઓ પોતાનાં બચ્ચાંના વર્તન ખીલવનાર તરીકે લાયક વાલીઓ છે. પોતાના શિક્ષકોને અને સ્કુલના નીશાળીઆઓને—એક બીજાને ચહાતા શીખે અને વડીલના હુકમને તાબે રહે તે માબાપે શીખવવું જોઇએ. જે છોકરાંઓ પોતાનાં શિક્ષકના શીક્ષણ પ્રમાણે વર્તેછે તેઓ શિક્ષકને ઉપયોગી થઈ પડે છે પણ જો તેઓ પછાત રહે છે તો શીક્ષણ બરાબર લઈ શકાતું નથી. ઉપર પ્રમાણે કેળવણી આપવા સારૂ માબાપો તેમજ શિક્ષકોએ સાથે મળી કામ લેવું જોઇએ. કેટલાક લોકોને નીશાળની શીક્ષણ પદ્ધતિ માટે ફરીઆદ કરતાં સાંભળીએ છીએ પણ તેજ વખતે પોતાના છોકરાંઓમાં કેવી કેવી ખામીઓ છે તે તેઓ બીલકુલ જોતા નથી. જો તમે તેમને લાડમાં ઉછેરશો અને તેના દુરાચારી મનના વલણને અટ્-કાવી શકશો નહિ તો તેઓ બેદરકાર અને કાળજી વિનાના થશે કે જેથી કરીને નીશાળની કેળવણી લેવા તેમજ સારી ચાલ ચલગત ચલાવવામાં પછાત પડશે. પહેલાં જે પ્રકારનું શીક્ષણ મળ્યું હોય તેની ખામીઓ શોધી કાઢો અને ત્યાર પછી શીખવનારની ખામીઓ શોધો. કાંઈ પણ કારણસર છોકરાંઓને તેમના અભ્યાસમાં ખલલ પહોંચે તેમ કરવું જોઇએ નહિ. તેમને નિયમીતરીતે નીશાળે મોકલવા. નીશાળની કેળવણી પૂરી થયા પછી તેઓએ વર્તમાનપત્રો તેમજ મા-સીકો વિગેરે વાંચીને, પોતાની કેળવણી આગળ વધારવી જોઇએ. તેમજ સારાં સારાં પુસ્તકો વાંચીને, ઉતમ ભાષણો સાંભળીને તેમજ પાકા અનુભવી અને ડાહ્યા માણસોની ચતુરાઇભરેલી વાતો સાંભળીને કેળવણી લેવી જોઇએ. જ્ઞાન મેળવવા સારૂ તેમની રૂચિ વધારી, અભ્યાસ તરફ તેમનો પ્રેમ ઉત્પન્ન થાય અને બુદ્ધિ ખીલવવા તરફ તેમનો પૂર્ણ ભાવ થાય તેવાજ પ્રકારની કેળવણી મળવી જોઇએ. માબાપોએ પોતે જ્ઞાનને પહેલા વહેલાં ચહાવું જોઇએ અને તેમાંજ મગ્ન તથા આનંદ માનવો જોઇએ. જો તેઓ તેમ નહિ કરે તો પોતાનાં બચ્ચાંને કેવી રીતે તેવા બનાવી શકશે? જેમ બને તેમ વધારે અને વધારે કોઇપણ બાબત માટે જ્ઞાન મેળવવા ઉત્સુક થાઓ. જો તેમ કરવામાં ન આવે તો તેઓ પોતાને, પોતાનાં બચ્ચાંઓને અને જેઓ તેમના સંબંધમાં આવે છે તેઓને કેળવણીની ગેરહાજરીને લીધે ખરાબ કરશે, કારણકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાહ્યા, ડાહ્યા, સદ્ગુણી અને ચતુર પુરૂષોની સાથે બેસવાનો વખત તેમને મળશે નહિ. બચ્ચાંઓને સાંસારિક ખોટી વાસનાથી દૂર રાખવા જોઇએ અને પોતાના જ્ઞાનસાંજ તેઓ ખરો આનંદ માને તેમ શીખવવું જોઇએ. જે જુવાન માણસોને વારંવાર નજીવી અને ખરાબ વાસનાઓમાં આનંદ માનવાની ટેવ પડી હોય છે તેઓને ખરેખર સાચી કેળવણી મળેલી હોતી નથી. બચ્ચાંઓને વારંવાર વાંચ્યા પછી મનન કરવાની ટેવ ખાસ પાડવી જોઇએ કે જેથી કરીને પોતાની કુદરતી શકિત ખીલવવામાં તે આનંદ માને અને નકામી વાર્તાઓની ચોપડીઓ જે હાલના જમાનામાં ઘેર ઘેર વંચાય છે અને જેનાવડે જીંદગીના ભૂલભરેલા વિચારો ને નિતિભ્રષ્ટ કલ્પનાઓ થાય છે તેમ કરવામાં પોતાનો અમૂલ્ય વખત ગુમાવે નહિ. તેઓએ સારા પ્રતિષ્ઠીત ગ્રંથકારનાં પુસ્તકો વાંચવા જોઇએ. આવાં પુસ્તકો સાધારણ સ્થિતિના માણસોને માટે ખરીદવા બહુ ભારે થઈ પડે છે, પરંતુ હાલના વખતમાં જે મોટું સુખ આપણે મેળવીએ છીએ તે મોટા મોટા શહેરમાં પ્રજાને માટે ખુલ્લી મુકવામાં આવેલી લાઇબ્રેરીઓ છે કે જે દ્વારા ઉત્તમ પુસ્તકોનો લાભ ઘણીજ સહેલાઈથી મફત મેળવી શકાય છે. બચ્ચું સદ્ગુણી, ડાહ્યું અને ચતુર હશે તો તે પોતાના માબાપને આનંદ આપશે એટલુંજ નહિ પણ તમામ મિત્રો અને સંબંધીઓને ચતુરાઇભરેલી વાતોથી આનંદ આપશે. કેળવણીને લીધેજ માણસનું વર્તન બંધાય છે. માટે જે માબાપો પોતાનાં બચ્ચાંને એક આગેવાન શહેરી તરીકેના તમામ હકો ભોગવતા જોવાને ઇચ્છા ધરાવે છે, અને પોતાના શહેરમાં કીર્ત્તિ અને માન લેવાની ઇચ્છા ધરાવે છે તેઓએ પોતાનાં બચ્ચાંને ખાસ કરીને કેળવવા જોઇએ. જાપાન, અમેરીકા, જર્મની અને ઇંગ્લાંડ તરફ નજર કરો કે જે ઠેકાણે તમામ માણસો પ્રતિષ્ઠિત થવા આકાંક્ષા રાખે છે અને કેળવણીને લીધે તેઓ તેવા પ્રકારનું ખરૂં સુખ ભોગવે છે, તેથી કરીને જો આપણાં બચ્ચાંને ખરી રીતે કેળવવામાં આવશે તો તે આપણું તેમજ આ દુનીઆમાં ઘણાનું ભલું કરવાને શક્તિમાન્ થશે; માટે આપણા બચ્ચાંને જેમ બને તેમ ઉત્તમ કેળવણી આપવાની આપણી ખાસ ફરજ છે.

# મન સ્થિર કેમ થાય ?

## તેના સંભવિત ઉપાયો.

જગતમાં લગભગ સર્વ મનુષ્યો, જ્યારે આપણે તેઓને એવો ઉપદેશ આપીએ છીએ કે ' સાંસારિક અને ધાર્મિક દરેક કાર્યો કરતી વખતે માનસિક સ્થિરતાની પ્રથમમાં પ્રથમ જરૂર છે, એ વિના એ કાર્યો યથાર્થ ફળદાયી થઈ શકતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી ' ત્યારે તરતજ એમ પ્રશ્ન કરેછે કે ' તમારૂં એ કથન સત્ય છે, પણ તે સ્થિરતા કેમ પ્રાપ્ત થઇ શકે ? એ માટે કાંઇ સમજાવવા પ્રયત્ન કરશો ? ' એઓનો આ પ્રશ્ન સત્ય છે, પણ તેમાં મ્હોટે ભાગે, કુપથ્યનું સેવન કરનાર રોગી ' મને ઔષધથી કાંઈ ફાયદો નથી, તબીયત હજી જેવીને તેવીજ છે ' એમ કહે ત્યાં આરોગ્યને હરકત કરનાર જે સ્થિતિ રહેલી છે તેવીજ સ્થિતિ ઉપરોક્ત પ્રશ્ન કરનારને અંગે રહેલી હોય છે. આપણે આ બાબતને જરા વિશેષ સમજવા યત્ન કરીએ.

એક રોગી મનુષ્ય વૈદ્યનું ઔષધ સેવે છે, ઔષધમાં તેનો રોગ દૂર થાય, તે સ્વાસ્થ્ય મેળવે એવો ગુણ રહેલો છે, વૈદ્યે તે અમુક અમુક નુકશાનકારક ચીજો ખાવાની મના કરેલી હોયછે, ઔષધ સેવનાર વૈદ્યના કથનની અવગણના કરી મના કરેલી ચીજો ખાય છે, વૈદ્ય તે જાણતો નથી, રોગી ફરીયાદ કરે છે કે ' મને ઔષધની સારી અસર થતી નથી ' પણ વૈદ્યને પોતાનું કરેલું ઔષધ વ્યાધિને અટકાવનાર અને આરોગ્ય અર્પનાર છે એમ ચોક્કસ ખાત્રી છે તેથી અને દરદી કુપથ્ય સેવે છે એથી પોતે અજ્ઞાત હોવાથી આશ્ચર્ય થાય છે. રોગી નિરોગી થવા માટે એક બાજુથી ઔષધ સેવે છે અને બીજી તરફથી કુપથ્ય સેવન પણ ચાલુ રાખે છે, પરિણામે પોતે નિરોગી થઇ શકતો નથી અને ફરીયાદ કરે છે કે ' મને ઔષધથી કાંઈ ગુણ થયો નહિ, ઔષધ ગુણકારકજ નહિ, કોઈ બીજું ઔષધ બતાવશો ? ' રોગીની આ ફરીયાદમાં જેટલી વિચારશૂન્યતા છે, તેટલીજ મન સ્થિર કરવાના ઉપાયો જાણવા ઇચ્છનાર પ્રાશ્નિકના પ્રશ્નમાં હોય છે. એટલે જે જે ઉપાયોના સેવનથી મન સ્થિર થાય છે તે તે પ્રત્યે ઉપેક્ષાપૂર્વક તેનું સેવન કરવામાં આવતું નથી અને ઉલટું સ્થિરતાને હાનિ પહોંચાડનાર કારણોનું સેવન થાય છે અને ફરી ફરી તેનો એ પ્રશ્ન તો પ્રસંગવશાત્ અનેક સાધુ અને સભ્ય જનો આગળ ચાલુજ હોય છે. આ ઉપરથી કોઈ પણ વિચારકને એમ લાગી શકે કે પ્રશ્ન કરનારમાં ચોક્કસ અંશે બેદરકારીનું તત્ત્વ છે પણ સમર્થ યોગીજનો પણ આવી ફરીયાદ પ્રભુ પાસે કરે છે. ( જેમ આનંદઘનજીએ કુંથુનાથ પ્રભુ પાસે અને ચિદાનંદજીએ પ્રભુ પાસે કરી છે ) એમ જાણ્યા પછી આવા પામર જીવોનો એકાંત દોષ કાઢવા કરતાં મન અતિ દુર્જય છે એમ સ્વીકારવું એજ વ્યાજબી છે; એટલે કે પ્રશ્ન કરનાર અમુક અંશે વ્યાજબી છે એમ સમજવા યોગ્ય છે પરંતુ તેણે સંભાળ રાખી વર્તવું જોઇએ એ આથી રદ થઇ શકતું નથી.

હવે આપણે પ્રથમ મનનું સ્વરૂપ-સ્વભાવ જાણીએ અને પછી તેને જીતવાના-વશ કરવાના ઉપાયો વિષે વિચાર કરીએ.

મન એ નોઇંદ્રિય છે. ઇંદ્રિયો જ્યારે જ્યારે સ્વસ્વ વિષયોનો ઉપભોગ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ત્યારે ત્યારે તેમાં મનનો સહુવાસ મુખ્ય રીતે હોય છે, તે એટલે સુધી કે એ ઇંદ્રિયો જડ વસ્તુ હોઇ પોતપોતાનું કાર્ય કરી શકતી નથી. તેમાં પણ જે ઇંદ્રિયો સાથે મનનો સહુવાસ હોય છે તે એકજ ઇંદ્રિય પોતાનું કાર્ય કરી શકે છે અને શેષ ઇંદ્રિયો તે વખતે સમાધિ દશામાં હોય તેમ લાગે છે.

મનુષ્ય માટે જ્યારે મુસાફરીનો પ્રદેશ અને વખત નિર્મિત હોય છે ત્યારે મન માટે એવું કાંઇજ નથી. તે સ્વેચ્છાએ આકાશ, પાતાળ અને ગમે ત્યાં વિહાર કરે છે. દિવસે કે રાત્રિએ ગમે ત્યારે તે વિશ્રાંતિ વગર ફરી શકે છે. તેની ગતિ-વેગ અપ્રતિમ અને અસ્ખલિત છે.

આત્મસ્વરૂપ પ્રગટ કરવા ઇચ્છનારે પ્રથમ મનને નિર્વિકલ્પ બનાવવું જોઇએ. તેમ ન કરવામાં આવે તો તે શત્રુરૂપ બની આત્માને અવળે રસ્તે દોરી જાયછે.

મન ઇંદ્રિયોની પાછળ ગુપ્ત રીતે રહી તેઓને આગળ કરી, વિષયોનો ઉપભોગ કરાવે છે, પણ પોતાને તે તે ઉપભોગોનો હિસ્સો મળતો નથી. એવી રીતે તે બહારથી શાહુકારરૂપે અને અંદરથી ધૂર્તરૂપે કાર્ય કરે છે. અંદર ભાગે તે ઇંદ્રિયો સાથે પૂર્ણ મળેલું હોય છે અને બહારથી તદ્દન દૂરજ જોવામાં આવે છે. આવી સ્થિતિ જાળવી રાખવી મુશ્કેલ છતાં તે તેમ કરી શકે છે એ તેનામાં આશ્ચર્યકારક ગુણ છે.

સંસ્કૃત ભાષામાં મનનું લિંગ નપુંસક રાખ્યું છે પણ તેનાં કાર્યો એવાં મોટાં છે કે તેને પુરૂષ કહેવામાં આવે તો જરાપણ ખોટું નથી, તે એટલે સુધી કે એની સહાય ન હોય તો પુરૂષ નપુંસક જેવો થઇ જાય છે; કારણકે પુરૂષ-દેહનો ઉપભોગ કરવામાં માનસિક અનુકૂળતા-પ્રસન્નતાની પ્રથમ જરૂર રહે છે. તેમજ પુરૂષને પણ ઠેલનાર નપુંસક કહેવાતું મન છે.

હમણા તે પ્રસન્ન દેખાય છે અને થોડીવાર પછી ક્રોધિત અવસ્થા અનુભવે છે. ધ્વજા જેમ પવનના વહન પ્રમાણે આમ તેમ ડોલે છે તેમ તેની આ ક્ષણે એક સ્થિતિ અને અન્ય ક્ષણે બીજી સ્થિતિ થાય છે.

કુતરાની પુંછડી સીધી કરી હોય તેને વાંકી થતાં વાર લાગતી નથી તેમ મહા મુશ્કેલીએ મનને પકડી રાખ્યું હોય છતાં તેમાંથી તેને છટકી જતાં વાર લાગતી નથી એવું તે ચંચળ છે. પકડવા પ્રયાસ કરનારને તે તોબા તોબા પોકરાવે છે અને મહાપુરૂષો તેને વશ કરવા જતાં પરાજય પામે છે.

વક્ર ચાલવાળા અશ્વને સીધો ચલાવવા જતાં તે વાંકોજ ચ...છે એટલે જે રીતિએ અન્ય અશ્વો ચલાવાય તે રીતિ એને અંગે નકામી પડે છે; તેમ મનના વેગને એક બાજુ વાળવા પ્રયત્ન કરીએ ત્યાં તે બીજો માર્ગ ગ્રહણ કરે છે.

ઉપર્યુક્ત થોડા ફકરાઓ ઉપરથી મનનું ચાંચલ્ય તથા સામર્થ્ય અતિશય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એ સહુજ સમજી શકાશે.

મન, ચિત્ત, હૃદય, અંતઃકરણ એ બધા એકાર્થવાચી શબ્દો છે. જેટલા પ્રમાણમાં વિચારો કરવા હોય તેટલા પ્રમાણમાં, વિચારોને યોગ્ય મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરી તેનું પરિણમન કરવાથી મન બને છે. શરીરમાં તેનું સ્થાન મસ્તક કહેવાય છે.

આ વિશ્વમાં કોઈ મનુષ્ય આપણાથી વિરૂદ્ધ હોય અને બળવાન્ હોય તેને આપણી સત્તાથી દાબી દેવા આપણે બળાત્કાર વાપરીએ તો થોડો વખત તો તે દબાઈ જશે પણ ગુપ્તરીતે તે પોતાનું સામર્થ્ય એકઠું કરશે અને તેનો લાગ ફાવશે ત્યારે પ્રથમ કરતાં દ્વિગુણ ત્રિગુણ બળથી તે બહાર પડશે અને આપણને હંફાવશે. દાબી દેવાની આ રીતિ કુદરતી નિયમથી વિરૂદ્ધ છે. બંગાળી પ્રજાની યોગ્ય માગણીઓ ઉપર દુર્લક્ષ્ય બતાવી તેને દાબી દેવા પ્રયત્ન કર્યો તેનું પરિણામ તેની ફરીયાદો—માગણીઓ સ્વકારવામાં આવ્યું તે જગજાહેર છે. મન ઉપર પણ આ પ્રમાણે દબાણ કરવાથી તેનું પરિણામ વિરૂદ્ધજ આવે છે એટલે એક સ્થળે તેને આપણે દાબી દેશું, તેનું બળ ભાંગી નાંખશું તો તે બીજે સ્થળે નવા સ્વરૂપમાં, નવા બળપૂર્વક દેખાવ દેશે. તેથી મનને વશ કરવાનો આ સાહજિક ઉપાય નથી એમ અત્ર કહેવાનો હેતુ છે. થોડાં બીજાં દ્રષ્ટાંતો લઈ આપણે આ બાબતને વિશેષ સ્પષ્ટ કરીએ.

ઝેરી સર્પ કે હિંસક સિંહને જોર જુલમથી પકડી, બાંધી કેદ કરવામાં આવે તો થોડો વખત તેઓ રાંક થઈ ગયેલા જોવામાં આવશે, બળહીન થઈ ગયેલા છે એમ જણાશે પણ તેના રક્ષકો, તેઓ હવે નિઃસત્વ છે એમ ગણી વિશ્વાસ ધરાવી તેની પાસે જશે તો પોતાના પ્રાણ ખોઈ બેસશે. તેને બદલે જો પ્રથમથી તેઓને અનુકૂળ થઈ, પ્રેમ ઉપજાવી, પ્રસન્ન કરવામાં આવશે તો તેઓ અલ્પ પ્રયાસે ખુશીથી વશ થઇ જશે અને આપણે તેઓને જેમ નચાવવા, રમાડવા માગશું તેમ તેઓ નાચશે અથવા રમશે. જેને પ્રેમથી વશ કરવામાં આવે તે આપણી સાથે હળી જાય છે. પછી તેના ઉપર ક્વચિત્ સખ્તાઈ વાપરવામાં આવે તો તે પણ તે મુંગે મોઢે સહન કરે છે અને તે વખતે તે બળ રહિતજ થઈ ગયેલો હોય છે. મેસ્મેરિઝમના પ્રયોગમાં પણ કાંઇક આવીજ સ્થિતિ હોય છે. મદારી લોકો મોરલીના નાદથી સર્પને વશ કરે છે અને પછી સદાને માટે તેને એક દોરડાની પેઠે લોકમાં ફેરવે છે તથા ગળે વીંટે છે એ પ્રસિદ્ધ વાત છે. તેમજ ગુજરાતી જુની હોપસીરીઝમાં એક ગુલામ અને સિંહની વાત છે. જેમાં ગુલામે સિંહના પંજામાંથી કાંટો કાઢી તેને વ્યાધિરહિત કર્યો હતો, તેથી તે તેનો મિત્ર થયો હતો અને છેવટે ગુલામને જરાપણ ઇજા કરી નહોતી તથા તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહાંતદંડ—શિક્ષામાંથી પણ મુક્ત થયો હતો એ વાત પણ તેટલીજ પ્રસિદ્ધ છે.

જગતમાં ચાર પ્રકારના હઠ કહ્યા છે. બાળ હઠ, સ્ત્રી હઠ, રાજ હઠ અને યોગી હઠ. આ ચારે વ્યકિતઓને જો વશ કરવી હોય તો બળાત્કારથી એ ક્યારે પણ બની શકતુ નથી; પણ તેમના સ્વભાવને જાણી લઈ તેને અનુકૂળ વર્તન રાખવામાં આવે, તેમને ફોસલાવીને, પટાવીને, ખુશ કરીને કામ લેવામાં આવે તો તેઓ સહેજે આપણે વશ થઇ જાય છે. આ ચારની પેઠે મન પણ હઠીલુ છે, તેથી તેના ઉપર પણ વિચારીને પ્રયોગ કરવો જોઇએ એમ અત્ર કહેવાની મતલબ છે.

બાળક ઉપર અતિ દબાણ રાખવામાં આવે છે તો તેના હૃદયબળને હાનિ પહોંચે છે ને તે બેદરકાર થઈ જાય છે. જે બાબતની તેને સખ્ત મના કરવામાં આવી હોય તે તે પુન: પુન: સેવે છે, પુન: પુન: માર ખાય છે; છતાં તે તેની કુટેવ ચાલુ રાખે છે. પરિણામે તે નિર્ભર, હઠીલુ થઈ સુધરવાને બદલે બગડે છે. તેને બદલે તેની રસવૃત્તિને, તેને સુધારવાના શુભ આશયપૂર્વક, અનુકૂળ થઈ જે કુટેવથી આપણે તેને બચાવવા માગીએ તેથી થતા નુકશાનનો તેને બોધ આપીએ, તેવી કુટેવથી અમુક બાળકો હેરાન થયાં એમ દૃષ્ટાંતથી સમજાવીએ અને તેને છોડવાથી અમુક અમુક બાળકો સુખી થયાં એની સમજણ આપીએ તો તે પોતાની હઠ છોડી ખુશીથી આપણું કથન સ્વીકારશે. તે પોતે સરળ હોવાથી તેની રસવૃત્તિને એક બાજુથી વાળી બીજી બાજુ દોરી જવામાં આવશે તો તે ફોસલાઇને પોતે લીધેલી વાત ભૂલી જશે અને ભૂલનો ભોગ થતો બચશે.

સ્ત્રીઓ ઉપર 'બુધે નાર પાંશરી' નો જુનો અને અકકલ વગરનો પ્રયોગ કરવા જતાં તેઓ પ્રાણાંત કષ્ટ વ્હોરી લે છે અને પાછળનાંઓની જીંદગી અતિ ભયમાં નાંખે છે. આ બાબત એટલી બધી રોજના પરિચયની અને સુપ્રસિદ્ધ છે કે એ બાબત લંબાવવાની બહુ જરૂર નથી. માત્ર અહીં એટલુંજ વકતવ્ય છે કે તે શા માટે પ્રતિકૂળ વર્તે છે? તેનાં કારણો અને તેનું દુ:ખ ધૈર્ય રાખી સાંભળી લેવાય અને પછી તેનું ઘટે તે પ્રકારનું ઔષધ કરાય તો તે આપણને વશ થઇ જાય છે. આ પ્રમાણે સંભાળીને વર્તનાર ઘણાં દંપતીઓ પોતાનો ગૃહસંસાર સુખે નિર્વહી શકે છે.

રાજાને જરાપણ પ્રતિકૂળ થતાં આપણા પ્રાણ જોખમમાં આવી પડે છે અને અનુકૂળ રહી કામ કાઢી લેવામાં આવે તો મલ્લરાજ જેવાને વશ કરવામાં જરાશંકરની જેમ સંપૂર્ણ ફત્તેહ મળે છે. માત્ર આવે વખતે સમય ઓળખી સામા મનુષ્યના મનની ગતિને બીજી દિશામાં સંભાળથી ફેરવવાની આવશ્યકતા સ્વીકારવી પડે છે. પ્રજાપાળ રાજા મયણા ઉપર અતિ ક્રોધિત થયા તે વખતે સમયના જાણ પ્રધાને રયવાડીની સ્મૃતિ આપી ચાલુ પ્રસંગને ફેરવી નાંખ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા મનુષ્યો રાજાની પ્રસન્નતા મેળવી શકે છે અને સુખી થઈ શકે છે. બુદ્ધિધને પોતાના બુદ્ધિરૂપ ધનનો સંભાળથી ઉપયોગ કર્યો, તો છેવટે પોતાના રાજાને વશ કરવામાં તેનો પ્રયત્ન સફળ થયો અને તે નિશ્ચિંત થયો. આ જરાશંકર અને બુદ્ધિધનનાં દૃષ્ટાંતો સરસ્વતીચંદ્ર નામક પ્રસિદ્ધ નવલકથામાંથી લીધેલાં છે.

યોગીને પ્રતિકૂલ થવાથી શાપના ભાજન થવું પડે છે (દ્વીપાયન ઋષિ પ્રત્યે યાદવોની પેઠે) અને અનુકૂળ થવાથી રક્ષણ મેળવાય છે (કૃષ્ણ અને બળભદ્રની પેઠે.)

આ રીતે ચારે પ્રકારના હઠનું સ્વરૂપ પ્રતિપાદન કરી કાંઈક ઉંડાણમાં ઉતરવાનો હેતુ એ છે કે મનને વશ કરવામાં દબાણ, જોરજુલમ કે હઠનો પ્રયોગ જરા પણ કાર્યકર થઇ શકતો નથી, પણ ઉલટો પડે છે. તેને એમ સમજાવવામાં આવે કે તારે અમુક જોવું નહિ તો તે ગમે તેમ કરી નિષિદ્ધ પદાર્થને જોઈ લેશે. આમ અનેક પ્રસંગોમાં બને છે. યોગીરાજ આનંદઘનજી અને ચિદાનંદજીનાં નીચે લખેલાં કેટલાંએક વાકયો કે જે તેઓનાં હૃદયોને સ્પર્શીને નીકળ્યાં છે તેથી આ વાતને પુષ્ટિ મળે છે.

શ્રીમાન્ આનંદઘનજી કુંથુનાથ પ્રભુની સ્તુતિ કરતાં કથે છે:—

મનડું કીમહી ન બાજે હો કુંથુજિન મનડું કિમહી ન બાજે;
જીમ જીમ જતન કરીને રાખું, તીમ તીમ અળગું ભાજે.

* * * *

કીહાં કણે જો હઠ કરી હટકું (તો) વ્યાલતણીપેરે વાંકું;

* * * *

જો જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુરનર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો.

* * * *

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવી માનું, એ કહી વાત છે મોટી.
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું.

શ્રી ચિદાનંદજી કહે છે:—

મનડો હટકયો ન માને પ્રભુ મેરો મનડો હટકયો ન માને,
બહુત ભાત સમજાયો યાકું, ચોડેહું અરૂ છાને;
પણ ઇમ શીખામણ કછુ રંચક, ધારત નવી નિજ કાને.

* * * *

ચિદાનંદ પ્રભુ એહ વિનતિકિ, અબ તો લાજ છે થાંને,

For Private And Personal Use Only

આથી સહજ સમજી શકાશે કે મનને વશ કરવું એ સ્હેલું કામ નથી પણ અતિ દુષ્કર છે. હવે આપણે મનને વશ કરવાના–જીતવાના–સ્વાધીન કરવાના સંભવિત ઉપાયો વિચારશું અને પછી મનને સાધવા ઇચ્છનારની દશા કેવી હોવી જોઇએ? કેવી સ્થિતિ સ્વીકારનાર મન વશ કરી શકે? એ સમજવા પ્રયત્ન કરી વિષયને પૂર્ણ કરશું.

મનને વશ કરવાનો ક્રમ એવો છે કે તેને અપ્રશસ્ત ભાવો તથા સ્થાનોમાંથી અટકતું વારી પ્રશસ્ત ભાવો તથા સ્થાનોમાં જોડી દેવું જોઇએ. આ પ્રયત્નમાં ધીમે ધીમે ટેવ પાડવાથી ફતેહ મળશે. પછી તેનો આત્મામાં લય થવો જોઇએ. તેનો સ્વભાવ ભ્રમણશીલ હોવાથી તે ક્યારે પણ સ્થિર ઠરી બેસતું નથી, પણ જો તેને કોઇ યોગ્ય કાર્યો સોંપવામાં આવે તો ભેળવાઈ જઈ તે પોતાને મળેલાં કાર્યોમાં રોકાઈ જશે અને પાપોત્પાદક થવાને બદલે પુન્યોત્પાદક થશે. જો તેને બલાત્કારે અપ્રશસ્ત સ્થિતિમાંથી અટકાવવામાં આવશે તો તે અંદરખાને અનેક ધાંધલ અને તોફાન મચાવી મુકશે અને જ્યારે તેને કંઇ વિષય મળશે ત્યારેજ તે ઠરી ઠામ બેસશે. દેવચંદ્રજી મહારાજ નેમિનાથ પ્રભુને સ્તવતાં કહે છે કે:–“ અપ્રશસ્તતા રે ટાળી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી; સંવર વાધે રે સાધે નિરજરા, આતમ ભાવ પ્રકાશેજી.” આમાં જે ક્રમ આત્મભાવ પ્રકટ કરવા બતાવ્યો છે તેજ ક્રમ મનને અંગે પણ અક્ષરશઃ મળતો છે એમ સ્વીકરણીય છે.

દીક્ષા લેવા ઇચ્છનારે પ્રથમ માર્ગાનુસારીના ગુણો મેળવવા જોઇએ. બાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શ્રાવકપણું ગ્રહણ કરવું જોઇએ અને એ ક્રમે અભ્યાસ પાડવા પૂર્વક આગળ વધતાં સંયમ લેવાય તો યોગ્યતા સાથે તે સંયમનું યથાર્થ આરાધન થઇ શકે છે અને તેથી વિરૂદ્ધ, ક્રમ વગર કુદકો મારનાર ક્વચિત ઉભય ભ્રષ્ટ પણ થાય છે, એવું અનેક વાર જોવામાં આવે છે. મનની કેળવણી પણ આવાજ ક્રમ પૂર્વક યોજવામાં આવે તો સાધક મજબુતી સાથે પોતાના પ્રયાણમાં આગળ વધતો રહે છે. ટેવ પાડ્યા વગર, અધિકાર–યોગ્યતા મેળવ્યા વગર વિષયોનો પ્રસંગ નિડરપણે કરવામાં આવે તો સિંહગુફાવાસી મુનિની પેઠે ઉલટા પાછા પડવાનું થાય છે.

વિષયોપરની આસક્તિ ઘટ્યા વગર વ્રત પ્રત્યાખ્યાનાદિ કરવામાં આવે તો દ્રવ્યથી તો ત્યાગ થાય છે, પણ તે ત્યાગ ભાવથી કહી શકાતો નથી અને તેવા ત્યાગ વગર યથાર્થ–પૂર્ણ ફળ મળતું નથી. ‘ ઘાણીનો બળદ છ માસ ચાલે તો પણ એક તસુ આગળ વધતો નથી ’ ‘ અંતર મેલ મીટયો નહિ મનકો, ઉપર તન ક્યા ધોયારે ’ ઇત્યાદિ વાક્યોમાં પણ એજ વિવક્ષા રહેલી છે. અપૂર્ણ.

પણ રહે સર્વ વિનયમાંહે. સુણો૦ ૪
નમી ચાલે [1]નીર સિર વિરપૂરા, [2]ઘટ શબ્દ ભરેલ કરે અધુરા;
જેમ [3]ધુર્ક ગતિ જયમ અક્ષર [4]શુરા. સુણો૦ ૫
વશીકરણ મંત્ર વિનય જગમાં, તજે વૈર રહે શત્રુ વગમાં;
શાશ્વત સુખ પણ એ મારગમાં. સુણો૦ ૬
મંત્ર જંત્રથી કાર્ય નથી થાતું, દોરા ચીઠ્ઠી એ વ્હેમ તણી વાતું;
[5]વિશ્વ વિનયવડે વશ સહુ થાતું. સુણો૦ ૭
[6]સંજ્ઞા ચારે પશુ પક્ષી વરે, પણ ઉત્તમ નર ભવ શાથી ઠરે;
દુર્લભ ગુણ વિનય અધિક વરે. સુણો૦ ૮

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા. (વળા)

# આત્મોપદેશક પ્રસ્તાવિક દુહા.

આવે પ્રાણી એકલો, જાય એકલો આપ;-
સાથી પુત્ર કલત્ર નહિ, સાથ પુણ્ય ને પાપ. ૧
અપંગથી પેદા કરે, સ્વજન ખાય લેઇ લાગ;
સુખ દુઃખ ભોક્તા પ્રાણીયો, સ્વજન ન લે કાંઈ ભાગ. ૨
પુત્ર મિત્ર તુજ દેખતાં, થયા લાખ જન રાખ;
એક દીન જીવડા આપણે, બળી થવું છે ખાખ. ૩
ક્ષણ ક્ષણ આવરદા ઘટે, ઘટે દીવસ ને રાત;
આજ તજું હમણાં કરો, કાલ તણી શી વાત? ૪
ભોગ દેઈ લખ પ્રાણના, વસુમતી કરી નિજ હાથ;
રાવ રંક ક્ષણમાં ગયાં, ગઇ ન પૃથ્વિ સાથ. ૫
છત્રપતિ લખપતિ ગયા, ગઇ ન ઋદ્ધિ સાથ;
જાલમ જોદ્ધા સબ ગયા, ખંખેરી દોય હાથ. ૬
કાદવ કીટ સમ માનવી, લેશ ન કર અભિમાન;
હું તું આ સંસારમાં, બે દીનના મેમાન. ૭
સંપત ગઇ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ. ૮
માટે ભક્તિ સ્તુતિ થકી, જપ જીવડા પ્રભુ નામ;
સદાચાર પાળી સદા, કર પરમારથ કામ. ૯
દ્રોહ ન કરવો પારકો, સૌ જીવ બંધુ સમાન;
દયા દાન ઇંદ્રિય દમન, જિવન મુક્ત જીવ જાણ. ૧૦

કવિ સાંકળચંદ.

---

૧ પાણી. ૨ ઘડા ૩ ઘુમાડો. ૪ મરાન-અભિમાની. ૫ જગત. ૬ આહાર ભય નિદ્રા ને મૈથુન એ ચાર સંજ્ઞા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सज्जन महाशयोंने कदापि प्रकृतिविकार थवा पामतो नथी.

૧ ગાય, ભેંસ અને અજાદિકનાં દૂધનું દહીં બીજે દિવસે કે તે દિવસેજ (તત્કાળ) થાય છે; પરંતુ ક્ષીર સમુદ્ર તે અદ્યાપિ પર્યન્ત જેવો ને તેવો વિકૃતિ-રહિત રહ્યો છે. તેનું દહીં થવા પામ્યું જ નથી. ખરી વાત છે કે મહાશયને વિકાર કેમ થાય. ?

૨ ગંગા નદી પાપને, ચંદ્રમા તાપને અને કલ્પતરૂ દીનતાને દૂર કરે છે ત્યારે સન્ત મહાશયો પાપ, તાપ અને દીનતા એ બધાને દૂર કરી નાંખે છે. સન્તોનો સમાગમ સદાય સુખદાયી જ નીવડે છે.

૩ પ્રકોપિત કરેલા એવા પણ સન્ત–સાધુનું મન વિક્રિયા પામતું નથી. એક ઉંબાડીયાવડે સમુદ્રનું પાણી કંઈ ગરમ થઇ શકતું નથી.

૪ પરોપકાર કરવો, પ્રિય બોલવું અને સાચો સ્નેહ કરવો તે સજ્જનોનો કુદરતી સ્વભાવ જ હોય છે. ચંદ્રને કોણે શીતળ કર્યો છે ? જેમ એ સ્વાભાવિક રીતે જ શીતળ છે તેમ સજ્જનો આશ્રી પણ સમજી લેવું.

૫ સજ્જનોની સમીપે કહેલાં સૂક્ત વચનો શોભાને પામે છે. પરંતુ દુર્જનોની પાસે કહેવાયેલાં એજ વચનો અરણ્યમાં રૂદન જેવાં શોકદાયી થઈ પડે છે. એટલો બધો પટાંતર સજ્જન દુર્જન વચ્ચે રહે છે.

૬ સજ્જનનું ચિત્ત સંપત્તિ વખતે કમળ જેવું કોમળ બન્યું રહે છે; અને આપત્તિ વખતે એમનું ચિત્ત વજ્ર જેવું કઠણ બની જાય છે તે યુક્ત જ છે. કેમકે વસન્ત માસમાં વૃક્ષનાં પત્ર ઘણાંજ કુણાં હોય છે અને ગ્રીષ્મ રૂતુમાં તે પત્ર કઠણ–મજબૂત બની જાય છે.

૭ સુવર્ણને જેમ જેમ અગ્નિમાં નાંખી તપાવવામાં આવે તેમ તેમતેનો વાન વધતો જ જાય છે (તેમાં કાળાશ આવવા પામતી નથી); ચન્દનને જેમ જેમ ઘસવામાં આવે છે તેમ તેમ તે મજાની ખૂશબો આપે છે (ઘસનાર, પીડા કરનાર કે છેદી નાંખનારને પણ ચન્દન તો પોતામાં રહેલો પરિમલ–ખૂશબો જ આપ્યા કરે છે); શેલડીને જેમ જેમ છેદવામાં કે પીલવામાં આવે છે તેમ તેમ તે પોતામાં રહેલો મધુર રસ–સ્વાદ જ આપે છે; તેવીજ રીતે પ્રાણાન્ત કષ્ટ આવ્યે સતે પણ સજ્જનો પોતાની સ્વાભાવિક પ્રકૃતિને સાચવી રાખે છે જ. ઇતિશમ્.

સુ. કે. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્ગુણ પ્રાપ્ત કરી લેવા સુજ્ઞ જનોએ કરવો જોઈતો પ્રયત્ન.

૧ ઉત્તમ પુરૂષો પોતાનાજ ગુણોવડે પ્રસિદ્ધિ પામે છે, મધ્યમ પુરૂષો પિતાના નામથી પ્રસિદ્ધ થાય છે, અધમ પુરૂષો મોસાળના નામથી ઓળખાય છે અને અધમાધમ પુરૂષો સાસરાના નામથી ઓળખાય છે.

૨ સદ્ગુણો પ્રાપ્ત કરી લેવા સુજ્ઞ જનોએ અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ. કેમકે સદ્ગુણના યોગેજ સઘળું સુખ પ્રાપ્ત થઈ શકે છે. સદ્ગુણવડેજ ચંદ્રે શિવના અલંઘ્ય ઉત્તમાંગ ( મસ્તક ) ઉપર નિવાસ કર્યો છે. સદ્ગુણ સર્વત્ર માર્ગ કરી સ્થાન મેળવી શકે છે.

૩ મૃગલાનું માંસ, હાથીનાં દાંત, વાઘનું ચર્મ, વૃક્ષનાં ફળ, સ્ત્રીનું સુંદર રૂપ, અને મનુષ્યની લક્ષ્મી એટલા વાનાં ઉલટાં હાનીકારક થઈ પડે છે. એ ગુણો પણ તેને નુકશાનકારી થાય છે.

૪ નિર્ધને દીધેલું દાન, અધિકારીની ક્ષમા, યુવાનનું તપ, જ્ઞાનીનું મૌન, સુખી જનોની ઇચ્છા–નિવૃત્તિ અને સર્વ પ્રાણી ઉપર દયા એ સદ્ગુણો, જીવને સદ્ગતિમાં લઈ જાય છે.

૫ શઠતાવડે ધર્મ, કપટવડે મિત્રતા, પરોપતાપવડે સમૃદ્ધિભાવ, સુખવડે વિદ્યા, અને બળાત્કારવડે નારીને જે વાંચ્છે છે તે પ્રગટપણે મૂર્ખ–અજ્ઞાન છે.

૬ યતિ, વ્રતી, પતિવ્રતા ( સ્ત્રી ), શૂર, વીર, દયાવંત, ત્યાગી, ભોગી અને બહુશ્રુત ( પંડિત ) જનો સત્સંગ માત્રથી પાપને બાળી નાંખે છે.

૭ અર્થી–યાચકને જે ન દેવાય તે ધન શા કામનું ? શત્રુઓનો નિગ્રહ ન કરાય તે બળ શા કામનું ? ધર્માચાર ન સેવાય તે જ્ઞાન શા કામનું ? ઈન્દ્રિયોનું દમન ન કરાય તે જીવિત શા કામનું ? તે ધન, તે બળ, તે જ્ઞાન અને તે જીવિત જ સફળ કે જેનો સ્વપર ઉપકાર માટે ઉપયોગ કરી શકાય.

૮ સંપૂર્ણ કુંભ છલકાતો નથી, અધુરો ઘડો હોય તેજ છલકાય છે. વિદ્વાન્ અને કુળવંત હોય તે ગર્વ કરતા જ નથી, જે સદ્ગુણો વગરના હોય છે તેજ બહુ બકવાદ કરતા આપબડાઈ હાંકે છે.

૯ સદ્ગુણોરૂપી સાચાં રત્નોનો સંચય કરી લેવા સદોદિત પ્રયત્ન સેવો.

ઇતિશમ્.

સન્મિત્ર કર્પૂર વિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# शास्त्र उपदेश याने हितशिक्षा.

૧ હે મિત્ર ! સત્પુરૂષથી અપમાન પામવું સારૂં પણ નીચની સોબતથી ફુલાવું સારૂં નથી. ઘોડાની પાટુ ખાનારો શોભે છે પણ ગર્દભ ઉપર અશ્વારી કરનાર શોભતો નથી. સત્પુરૂષનું કટાક્ષ વચન પણ પરિણામે ઘણુંજ લાભદાયક થાય છે પણ નીચની પ્રશંસા લાભકારી થતી નથી. એમ સમજી નીચની સંગતિ તજી ઉત્તમની જ સંગતિ કરવી.

૨ સહુનું સારૂં ચિન્તવવાથી આપણું પણ સારૂં થાય છે અને સહુનું બૂરૂં ચિન્તવવાથી આપણું પણ બૂરૂં થાય છે. જેવું કરવું તેવુંજ પામવું.

૩ કષ્ટ વખતે મિત્રની પરીક્ષા થઈ શકે છે, શૂરવીરની પરીક્ષા રણસંગ્રામ વખતે થઈ શકે છે, શિષ્યની યા ચાકરની પરીક્ષા વિનય વખતે થાય છે અને દાનીની પરીક્ષા દુષ્કાળ વખતે થાય છે.

૪ સ્ત્રીનો વિયોગ, સ્વજનનો અપવાદ, માથે રહેલું કરજ, કૃપણની સેવા-ચાકરી, અને નિર્ધન અવસ્થામાં સ્વજન મેલાપ એ પાંચ વાનાં અગ્નિ વગર કાયાને બાળે છે ( જીવને શલ્યની પેરે સાલે છે. )

૫ કાગડામાં શૌચ ( પવિત્રતા ), જૂગારીમાં સત્ય, સર્પમાં ક્ષમા, સ્ત્રીમાં કામોપશાન્તિ, કાયરમાં ધૈર્ય, મદ્યપાન કરનારમાં તત્ત્વચિન્તા જેમ અસંભવિત છે તેમ રાજા કોઈનો કાયમી મિત્ર હોય એવું કોણે દેખ્યું કે સાંભળ્યું છે ? એ વાત સંભવિત જ નથી.

૬ શાસ્ત્ર ઉપર એક નિષ્ઠા (દ્રઢ શ્રદ્ધા), શાસ્ત્રનો સુગમ બોધ, હુંશીયારી, પ્રિય પથ્ય અને સત્ય વાણી, વખતસર કામ કરવાની ટેવ, અને અપૂર્વ બુદ્ધિ-બળ એ ગુણો વ્યવહારમાં ઘણા ઉપયોગી છે.

૭ મૂર્ખાને મૂર્ખ સંગાતે અને પંડિતોને પંડિત સંગાતે એમ સરખે સરખાની પ્રીતિ હોય છે.

૮ કષ્ટ વખતે પણ ધૈર્ય ન તજવું, કેમકે ધૈર્યથી જીવ કષ્ટને તરી શકેછે.

૯ દુનીયામાં ( પાત્ર ) દાન જેવો કોઇ નિધિ નથી, અને લોભ સમાન કોઇ શત્રુ નથી, શીલ સમાન કોઇ સરસ ભૂષણ નથી અને સંતોષ સમાન કોઇ ધન નથી.

૧૦ લોભી માણસ ગુરૂને કે બંધુને ગણતો નથી, કામી માણસ ભયને કે લજ્જાને ગણતો નથી, વિદ્યાતુર સુખ કે નિદ્રાને ગણતો નથી અને ક્ષુધાતુર રૂચિ કે વેળાને ગણતો નથી.

૧૧ સદ્વિવેક બીજો સૂર્ય અને ત્રીજું નેત્ર છે. તેથી બીજી વાત તજી ફક્ત તેનોજ આદર કરો. ઇતિશમ્. મુ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# शास्त्र बोध.

૧ અનેક સંશયોનો ઉચ્છેદ કરનાર અને પરોક્ષ (અપ્રગટ) અર્થને બતાવનાર એવું શાસ્ત્ર સર્વનું લોચન છે. જેને એ શાસ્ત્રચક્ષુ નથી તે અંધ જ છે.

૨ કાકચેષ્ટા-કાગડાની જેવી ચંચળતા, બગધ્યાન-બગલાની જેવી એકાગ્રતા, શ્વાન નિદ્રા ( અલ્પ માત્ર નિદ્રા ), સ્વલ્પ-પરિમિત આહાર અને સ્ત્રીનો ત્યાગ ( અપરિચય ) એ પાંચ લક્ષણ વિદ્યાર્થીનાં જાણવાં.

૩ સુખ સંપદાને ઇચ્છતા પુરૂષે નિદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, આળસ અને દીર્ઘસૂત્રતા ( કાર્ય કરવામાં મંદતા ) એ છ દોષો ખાસ તજવા જોઇએ.

૪ સંયમ-આત્મ દમનરૂપ અગાધ જળથી ભરેલી ( પવિત્ર આરાવાળી ), સત્યરૂપ દ્રહવાળી, શીલરૂપ તટવાળી, અને દયારૂપી તરંગવાળી આત્મારૂપી નદીમાં હે, ભવ્યાત્મન્! તું સ્નાન કર અને શુદ્ધ થા. તે વગર કેવળ જળવડે જ અન્તરાત્મા શુદ્ધિ પામતો નથી-શુદ્ધ થતો નથી.

૫ સદાચારનું સેવન નહીં કરવાથી અને દુરાચાર સેવવાથી તથા ઇન્દ્રિયોને પરવશ બની જવાથી મનુષ્ય અધોગતિને પામે છે.

૬ સજ્જનોના મુખમાં દોષો ગુણનું આચરણ કરે છે અને દુર્જનોના મુખમાં ગુણો દોષનું આચરણ કરે છે તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી. જુઓ! મહામેઘ ખારૂં ( સમુદ્રનું ) જળ પીએ છે અને મધુર જળ વર્ષે છે અને ફણીધર-સર્પ દુગ્ધ પાન કરીને અતિ ઉગ્ર વિષ વમે છે.

૭ મૃત્યુનું શરણ કર્યા વગર સર્પના મણિ ઉપર, કૃપણના ધન ઉપર, સતીના હૃદય ઉપર, કેસરીસિંહની બ્યાલ ઉપર અને ક્ષત્રીને શરણે આવેલા ઉપર હસ્તપ્રક્ષેપ કોઈ કરી શકતું નથી.

૮ જે જેના ગુણપ્રકર્ષને જાણતો નથી તે તેને સદાય નિન્દે છે તેમાં કંઇ આશ્ચર્ય નથી. જુઓ! ભીલડી મુક્તાફળ ( મોતી ) ને તજી દઇને ચણોઠીને ધારણ કરેછે. કેમકે તેને મોતીની ખરી કિંમત જ નથી.

૯ જિતેન્દ્રિયપણું વિનયનું કારણ છે અર્થાત્ વિનય ગુણની ઉત્પત્તિ જિતેન્દ્રિયપણાથી થાય છે. વિનયથી ( અનેક ) સદ્ગુણો પ્રકાશે છે, અધિક સદ્ગુણી પુરૂષ ઉપર લોકો પ્રેમ રાખતા થાય છે અને એવી લોકપ્રિયતાથી સંપદા પ્રાપ્ત થાય છે. માટે ઇન્દ્રિયજિત્ થવું જરૂરનું છે. ઇતિશમ્.

મુનિમહારાજ કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कच्छना जैनसंप्रदाय संबंधी सामान्य अनुभव.

ભુજ, માંડવી, મુદ્રા અને અંજાર એ કચ્છના ચાર શહેરોમાં મુખ્યપણે ગુર્જર જૈનોની વસ્તી છે. સૌથી વધારે વસ્તી માંડવીમાં છે. તે બધાયમાં સ્થાનકવાસી ગણાતા ઢુંઢકોની પણ વસ્તી છે. આ તરફ સંવેગી સાધુજનોની ગેરહાજરીને લઇને જૈની ભાઇઓ સ્વધર્મ વિષે જોઇએ એવી દ્રઢતા રાખી રહ્યા નથી. યતિ લોકો કેટલેક સ્થળે છે, પણ મોટે ભાગે હવે તેમનું માન નથી. તેમના પૂર્વજોએ પ્રથમ કંઇક સારૂં પાણી બતાવેલું જણાય છે. પ્રથમ આ ચારે શહેરોમાં પ્રાય: એક સરખી રીતે તપગચ્છની આચરણા વર્તતી હતી; પણ થોડાંક વર્ષો થયાં તેમાં કેટલોક વિક્ષેપ થવા પામેલ છે. દીર્ઘદ્રષ્ટિની ખામીથી મતાગ્રહી સાધુઓ આવી વિક્ષેપ પડાવી જાય છે, પણ તેનાં પરિણામ બહુ માઠાં આવે છે. જો કે હાલ કંઇક શાન્તિ દેખાય છે. પણ મોતીની પેરે મન ફાટયાં પછી સંધાવાં મુશ્કેલ પડે છે. લોકો કેળવણીમાં પશ્ચાત છે. અબડાસામાં પ્રાય: અંચળની આચરણા દેખાય છે. ત્યાંના જૈનો બહુધા સરલ પ્રકૃતિના દેખાય છે, તેથી તેઓ ઉપર ઉપદેશની અસર સારી થઈ શકે છે. આ તરફ સંવેગી સાધુઓનું વિચરવું અલ્પ થાય છે. કેટલાક સાધુઓ આ તરફનો વિહાર કઠણ સમજતા હશે પણ તેવી કઠીનતા જોવામાં આવતી નથી. ગુજરાત કાઠીયાવાડની સાથે સરખાવતાં લોકો સંવેગી સાધુ ઉપર ઓછા રાગી નથી, બલ્કે વધારે રાગી દેખાય છે. આ તરફના લોકોનો મોટો ભાગ ખેડુત વર્ગનો છે. તેઓ સાધુના આગમનને મંગલ-ઓચ્છવ સમજી પાખી પાળીને ધર્મ શ્રવણ કરી વ્રત નિયમો આદરે છે. અહીં તેમજ હાલાઈ અને કાંઠીના ભાગમાં પણ લોકો ભદ્રક પરિણામી લાગે છે. કેટલાક ગામોમાં તો તપગચ્છના સંખ્યાબંધ ઘરો હોય છે પણ સાધુઓના તથાપ્રકારના સમાગમને અભાવે જેમના વધુ સમાગમમાં આવે છે તેમની આચરણા પાળે છે. બાકી બારીકીથી તપાસ કરાય તો સંખ્યાબંધ ગામોમાં સંખ્યાબંધ તપગચ્છી શ્રાવકોનાં ઘરો પણ છે. એમના હિતની ખાતર પણ આત્માર્થી સાધુ સાધ્વીઓએ આ તરફ વિહાર કરવો ઘટે છે. લોકો પરીક્ષાવંત પણ છે. દંભી લોકોનો સત્કાર ઓછો થાય છે. આ ઉપરાંત વાગડ દેશ વિશાળ છે, તેમાં પ્રાય: સર્વત્ર તપગચ્છનીજ આચરણા પ્રવર્તે છે. તેમાં કેળવણીનો પ્રચાર બહુ અલ્પ છે. તેમના હિત માટે સુસાધુ જનોએ અવશ્ય પ્રયત્ન કરવાની જરૂર જણાય છે.

સુજ્ઞેષુ કિંબહુના, સુ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચંદ રાજાના રાસઉપરથી નીકળતો સાર.

( અનુસંધાન પૃષ્ટ ૮૬ થી. )

## પ્રકરણ ૨૦ મું.

લીલાવતી કુર્કટ પ્રત્યે કહે છે કે—"હે પક્ષી રાજ ! તેં ફોગટ મને અવગુણ કરીને મારી સાથે વેર વસાવ્યું. તું ઉપરથી રૂડો લાગે છે પણ અંદરથી કડવો જણાય છે. તેં શબ્દ માત્ર બોલીને મારા પિયુથી મને વિરહ પડાવ્યો, તેના પાપથી તું ક્યાં છુટીશ ? તું સોનાના પાંજરામાં રહીને નિરંતર આનંદ ભોગવે છે તેથી તને પારકી વેદનાની ખબર પડતી નથી. પણ હે કુર્કટ ! પતિનો વિરહ સ્ત્રીને અત્યંત દુઃસહ હોય છે. તમે પંખી છો તેમાં પણ પંખીણી પંખી વિના વ્યાકુળ થઈ જાય છે, તો અમે તો મનુષ્ય થયા છીએ, એટલે અમારા સ્ત્રી જાતિના દિવસો પતિ વિના કેમ જાય ? તેં પૂર્વ ભવે આવો ઘણાને વિયોગ પડાવ્યો હશે તેથીજ આ ભવે પંખી થયો જણાય છે. હૃદયમાં વિચારી જોજે. તમે પંખી જાતિજ અવિવેકી છો. વળી તું તો અત્યંત નિષ્ઠુર અને નિર્મોહી જણાય છે. જો તું કાંઈક વિવેક રાખીને બોલ્યો ન હોત તો મને પતિવિયોગ ન થાત. હે પક્ષીરાજ ! તને તો મારી ઉપર દયા ન આવી પણ મને તારૂં રૂપ જોઇને દયા આવે છે." આ પ્રમાણેનાં મર્મમાં ઘાત કરે તેવાં લીલાવતીનાં વચનો સાંભળીને કુર્કટને એકદમ પોતાની પૂર્વાવસ્થા સાંભરી આવી, તેથી જેમ વગર ઋતુએ વરસાદ વરસે તેમ આંખમાંથી અશ્રુની ધારા વરસાવતો સતો તે એકદમ મૂર્છિત થઇને પાંજરામાં પડી ગયો. અને ઉંડા નિસાસા મુકવા લાગ્યો. તે જોઈ લીલાવતી એકદમ ગભરાઈ ગઇ. તેણે પાંજરામાંથી તેને કાઢીને પોતાની બાથમાં લીધો અને તેને ગરમી આપી સાવધ કર્યો. પછી તે કહેવા લાગી કે—"હે પંખી ! મેં તો તને ભોળે ભાવે કહ્યું, તેમાં તને આટલું બધુ દુઃખ કેમ લાગી ગયું. મને તો મારા પિયુના વિયોગનું દુઃખ સાલે છે તેથી મેં કહ્યું પણ તને એવું શું દુઃખ સાલે છે કે જેથી તું મૂર્છિત થઈ ગયો ? મારે તો ઉલટું લેણાનું દેવું થયું. મેં જાણ્યું કે તું મને મનાવશે તેનો મારે તને મનાવવો પડ્યો. પરંતુ તું મારા કરતાં પણ વધારે વિરહી દેખાય છે, તો તને શું દુઃખ છે તે કહે." પછી કુકડે ભૂમિ ઉપર અક્ષરો લખીને જણાવ્યું કે—"હું આભાપુરીનો ચંદરાજા છું. મને કાંઇ લીધા દીધા વિના મારી ઓરમાન માતાએ કુકડો બનાવી દીધો છે. મને મારી રાણી ગુણાવળીનો વિરહ ખટકે છે. મારા દુઃખની હું કેટલીક વાત કહું, કહી જાય તેમ નથી. મને એ ખટકે છે, એને હું ખટકું છું, વળી આમ નાટકીઆની સાથે હું ભટકું છું. ક્યાં તે મારૂં નગર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાં મારૂં રાજ્ય, ક્યાં તે રાણી, ક્યાં મનુષ્યપણે રહેવું ને ક્યાં તિર્યંચપણું ભોગવવું ! મારા દુઃખનો પાર નથી. તારો પતિ પરદેશ ગયેલ છે તે તો કાલે આવશે ને તને મળશે; પરંતુ મારા વિછોહનો મેળો તો થશે કે નહિ તે પણ કોણ જાણે ? માટે હે બ્હેન ! મારા જેવું તારે દુઃખ નથી. મારા ને તારા દુઃખમાં રાઇ ને પર્વત જેટલું અંતર છે. વળી મારી સ્ત્રી જેવી દુઃખિણી છે તેના પ્રમાણમાં તું અસંખ્ય ગુણી સુખિણી છે. તું એક ક્ષણના પતિના વિરહમાં દુઃખી થઈ ગઇ તો મારી રાણીને કેમ થતું હશે તેનો વિચાર કર. તેના દુઃખના પ્રવાહમાં તું તો તણાઈ જાય તેમ છે."

આ પ્રમાણેના કુર્કટનાં વચનથી લીલાવતી કાંઇક ખુશી થઈ-તેને પોતાનું દુઃખ અલ્પ લાગ્યું-તેણે વિચાર્યું કે-'આતો સરખે સરખી જોડ મળી છે.' પછી તેણે ચંદરાજાને કહ્યું કે-"હે ચંદરાજા ! તમે દુઃખ બહુ ધરાવશો નહીં, થોડા વખતમાં તમને તમારી ઋદ્ધિ ને રમણી વિગેરે બધું પ્રાપ્ત થશે. તમે મારા મનના માન્ય ભાઈ છો ને હું તમારી બહેન છું. વિધાતાએજ આ સગપણ કરી દીધું છે. હવે તમે જયારે મનુષ્ય થાઓ ત્યારે જરૂર મને મળજો. મેં જે કાંઈ વગર વિચાર્યું તમને કહ્યું હોય તેની ક્ષમા કરજો અને હે વીરા ! તમારી આશા ફળીભૂત થજો, મને વહેલા આવીને મળજો અને મને ભૂલી જશો નહીં. મેં તો તમને જોઇને જન્મારો સફળ કર્યો છે." આ પ્રમાણે કુર્કટ સાથે વાતચિત કરીને નટને તે પાછો સોંપ્યો એટલે મંત્રીપુત્ર પણ ઘરે આવ્યો.

હવે નટ ત્યાંથી નીકળી અનેક ગામો અને શહેરો ફર્યા. ઘણી જગ્યાએ કુર્કટને માટે લડવું પણ પડ્યું. નટની કળા અદ્ભુત હોવાથી લોકોને તે ગમી ગયા. એમ ફરતા ફરતા તેઓ અનુક્રમે વિમળાપુરીએ આવ્યા અને જ્યાં માતા વીરમતીએ આંબો રાખ્યો હતો ત્યાંજ ડેરા તંબુ નાંખીને પડાવ કર્યો. કુર્કટે તે જમીન ઓળખી. તેને પૂર્વનો પ્રેમ યાદ આવ્યો. પ્રેમલાલચ્છીને ભાડે પરણ્યાનું પણ સ્મરણ થયું. તેણે ધાર્યું કે "જરૂર આ તેજ નગરી છે કે જેના કારણથી હું પંખી થયો છું. હવે પાછો ફરતો ફરતો ત્યાંજ આવ્યો છું તો મારૂં દુઃખ નાશ પામવા સંભવ છે. ક્યાં આભાપુરી ને ક્યાં વિમળાપુરી ? તેનો મેળો સુગમ નથી પરંતુ પંડિતો કહે છે કે **જીવતો મનુષ્ય મેળો પામે** તે વાત ખરેખરી છે. મને અહીં આવવાની હોંશ ઘણી હતી પણ આવી શકું તેમ નહોતું, તે કારણેજ વિધાતાએ મને પંખી બનાવી પાંખ આપી જણાય છે." આ પ્રમાણે કુર્કટ વિચાર કરે છે ને નટો ત્યાં આનંદથી રહે છે.

હવે અહીં પ્રેમલાલચ્છી પોતાના મહેલમાં સખીઓ સાથે બેઠી છે તેવામાં તેનું ડાબું નેત્ર ફરક્યું એટલે તે ખુશી થઇને સખીઓને કહેવા લાગી કે-"આજતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી શરીરચેષ્ટાથી મને જણાય છે કે જરૂર મારા શીરતાજ—મારા સ્વામીનો અને મેળાપ થવો જોઇએ—તેમનો વિયોગ થયા સોળ વર્ષ થઇ ગયા છે. તે વખતે કુળદેવીએ પણ કહ્યું હતું કે સોળ વર્ષ પછી તને પતિનો મેળાપ થશે. તેનો તાકડો બરાબર મળ્યો છે. પણ મારા મનમાં મોટો સંદેહ છે કે—ક્યાં આભાપુરી ને ક્યાં મારા ભર્ત્તાર. અહીંથી ગયા પછી કશો સંદેશો કે કાગળપત્ર પણ નથી. તેનો મેળો શી રીતે થશે? પણ દેવીનું વચન મિથ્યા થાય તે પણ સંભવતું નથી. કેમકે દેવવાણી અમોઘ હોય છે, એમ સૌ કહે છે. હવે તેની ખબર પડશે. મને વારંવાર એમ થયા કરે છે કે હજારો ગાઉનો આંતરો શી રીતે ઘાંગશે? બાકી આજે અંતઃકરણમાં ખાત્રી થાય છે કે જરૂર મારા પતિ મને મળવા જોઇએ." આ પ્રમાણેનાં પ્રેમલાનાં વચનો સાંભળીને સખીઓ બોલી કે—"હે બહેન! તારૂં વચન ખરૂં પડજો. પીયરનો સ્નેહ ગમે તેટલો હોય પણ સ્ત્રીને સાસરૂંજ પ્યારૂં લાગે છે. વળી ચંદરાજા જેવો તારો પ્રાણેશ તો સૌને સાંભરે તેમ છે. કોઇ તેને ભૂલે તેમ નથી. તારૂં તપ એવું છે કે જરૂર તને તેનો મેળો થશે. દેવીએ આપેલી અવધી ઘણી લાંબી હતી તે પણ પૂરી થઈ છે, તો હવે તારા પતિ મળવાજ જોઇએ; કેમકે કાળે કરીને તો ઉંબરાનું વૃક્ષ પણ ફળે છે, કેરડાને પત્ર પુષ્પ આવે છે અને ખાલી સરોવર જળવડે ભરાય છે, તો તારૂં વાંચ્છિત કેમ ન ફળે? ફળવુંજ જોઇએ."

આ પ્રમાણે સખીઓ પરસ્પર વાતો કરે છે તેવામાં નટો પાંજરૂં સાથે લઈ રાજદરબારમાં આવ્યા. રાજાને મળ્યા અને આશીષ આપીને કહ્યું કે "હે રાજેન્દ્ર! ધન્ય છે તારા સોરઠ દેશને ને વિમળાપુરી નગરીને! બહુ દિવસથી તે નગરી જોવાની હોંશ હતી તે આજે પૂરી પડી છે. પૂર્વના પૂણ્યથી તમારા દર્શન કરવાની અમારી આશા પણ પૂર્ણ થઈ છે. અમે બહુ દેશમાં ફર્યા પણ એક આભાપુરી જોઈ છે તેવી આ વિમળાપુરી દીઠી. બીજી કોઇ નગરી એવી દીઠી નથી." આ પ્રમાણે કહીને તેઓએ નાટક કરવાની તૈયારી કરી.

પ્રથમ એક ઠેકાણે જમીન પવિત્ર કરી ત્યાં કુસુમનો ઢગલો કરી તેની ઉપર પાંજરૂં મૂક્યું. પછી ઘણો લાંબો વાંસ ઉભો કર્યો અને તેના દોર ચોતરફ બાંધી દીધા. ખીલા મારીને તેને દ્રઢ કર્યા. પછી શિવમાળા તમામ શણગાર સજી પુરૂષનો વેશ ધારણ કરીને વંશના મૂળ પાસે આવીને ઉભી રહી, તેને જોઇને આખી સભા ચમત્કાર પામી. રાજા પણ વિચારવા લાગ્યો કે આવી સુરૂપા કન્યા કોણ હશે? સાક્ષાત્ રવિપ્રભા જેવું તેનું તેજ છે. પછી રાજાએ તરતજ નાટક જોવા પ્રેમલાને બોલાવી. તે પણ આવીને પિતાના ખોળામાં બેઠી. રાજાએ પુત્રીને કહ્યું કે "આ નાટકીઆઓ આભાપુરીથી આવ્યા છે તેનું નાટક જો. આ નટપુત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉંચા વંશપર ચઢીને અનેક પ્રકારના ખેલ કરશે.” રાજા આ પ્રમાણે વાત કરે છે તેવામાં નગરના લોકોના જોતાંજ શિવમાળા વંશપર ચઢી ગઇ અને ત્યાં જઇને અનેક પ્રકારના આસનો કરી બતાવ્યા. એમ કેટલીક વાર વંશપર નૃત્ય કરી પછી દોરે દોરે નવા નવા પ્રકારે ખેલ કરતી નીચે ઉતરીને રાજા પાસે આવી તેણે પ્રણામ કર્યા. રાજા અને નગરના લોક બહુજ પ્રસન્ન થયા. રાજાએ પ્રસન્ન થઇને પુષ્કળ દાન આપ્યું. નગર લોકોએ પણ વસ્ત્રાદિકની વૃષ્ટિ કરી જેથી ત્યાં મોટો ઢગલો થયો.

એવામાં પાંજરામાં રહેલા કુર્કટે પ્રેમલાને દીઠી. એટલે તરતજ તેને ઓળખી. તે મનમાં ઘણો ખુશી થયો. તેણે માન્યું કે સોળ વરસે મેં આજે મારી સ્ત્રીને દીઠી. કુવેકુવા અપદ હોવાથી દૂર રહેલા મળી શકતા નથી; પણ મનુષ્ય સપદ હોવાથી ગમે તેટલું અંતર પડયું હોય તોપણ મળે છે. કુર્કટ વિચારે છે કે “શું કરૂં? હું અત્યારે પંખીપણામાં છું, નહીં તો આનંદ વધામણા કરત. મારી માતા કરોડ વરસ જીવજો કે તેણે મને કુકડો કર્યો, નહીં તો પછી અહીં શી રીતે આવત? ને મારી પ્રિયાને મળત? વળી આ નટોનું પણ કલ્યાણ થજો કે જે મને અહીં સુધી લાવ્યા અને સર્વત્ર મારો યશ બોલ્યા. આજ સવારે મેં કોઈ પુણ્યશાળીનું મુખ જોયું હશે કે જેથી મને મારી સ્ત્રીનો દીર્ઘકાળે પણ મેળો થયો. આજનો દિવસ પણ ધન્ય છે કે જ્યાં સંયોગના અંકુર ઉગ્યા અને વિરહપણું નાશ પામ્યું. હવે જો આ નટ પાસેથી લઈને પ્રેમલા મને પોતાની પાસે રાખે તો જરૂર હું પંખી ટળીને પુરૂષ થાઉં અને મારા મનોરથ બધા સફળ થાય; પણ જો શિવમાળા મને એને આપે તો એ બધી વાત ઠીક થાય.”

આ પ્રમાણે કુર્કટ વિચારે છે તેવામાં પ્રેમલાએ પાંજરા સામું જોયું અને નટોને તેમાં રહેલા કુકડાની સલામો કરતા દીઠા, એટલે તે મનમાં આશ્ચર્ય પામી. તેણે નિહાળીને કુકડાની સામું જોયું એટલે કુકડે પણ જોયું. બંનેની દ્રષ્ટિ મળી અને જેમ ધ્યાનની તાળી લાગી હોય એમ એકાગ્રતા થઈ ગઇ.

આ પ્રમાણે તે બંનેનો નેત્ર મેળાપ થયો છે. હવે પુણ્યના પસાયથી આગળ પતિપ્રેમદાનો મેળાપ થશે, ચંદરાજા ઘણી ઋદ્ધિસિદ્ધિ પામશે અને ચંદ્ર કરતાં પણ નિર્મળ તેની કીર્ત્તિ વૃદ્ધિ પામશે. આ બધું આપણે હવે પછીના પ્રકરણમાં વાંચશું, જેથી એ દંપતીનું વિયોગ દુઃખ નાશ પામેલું વાંચી આપણા અંતઃકરણ પણ રાજી થશે. હાલ તો આ પ્રકરણમાંથી જે સાર ગ્રહણ કરવાનો છે તે વિચારી તેમાંથી હૃદયમાં ધારણ કરવા યોગ્ય હોય તે કરી લઇએ.

## પ્રકરણ ૨૦ માનો સાર.

આ પ્રકરણના પ્રારંભમાં લીલાવતી ને ચંદરાજા (કુકડા) નો આલાપ સંલાપ વિસ્તારથી વર્ણવવામાં આવ્યો છે. તેનાપરથી સાર એ લેવાનો છે કે—કોઈપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈષ્ટ વસ્તુનો સંયોગ કે વિયોગ થાય છે, તે પોતાના પૂર્વ કર્મના પરિણામે થાય છે; પરંતુ આ પ્રાણી તેના નિમિત્ત કારણ ઉપર અત્યંત ખેદ અથવા સંતોષ ધારણ કરે છે. કુકડો બોલ્યો ન હોત તો પણ લીલાધર અવશ્ય પરદેશ જાત, તે કાંઈ સાસરાને ઘરે બેસી રહેત નહી, છ મહીના ધીરજ રહી તે હવે રહેવાની નહોતી. લીલાવતીને અમુક સમયનો પતિવિયોગ ભાગ્યમાં લખેલો હતો તે ઉદયમાં આવતજ, પણ માત્ર કુકડો બોલ્યો ને તે ગયો એટલે લીલાવતી માને છે કે જાણે આ કુકડાએજ મને વિયોગ કરાવ્યો. આ માન્યતામાં ભૂલ થાય છે અને તેને લઈનેજ તે અનેક લાગતા વચનો ચંદરાજાને કહે છે, તેથી બીના વિયોગી ચંદરાજાને મર્મમાં ઘાત થાય છે, એટલે તે મૂર્છિત થઈ જાય છે. લીલાવતીનાં કહેલાં વાકયોમાંથી કેટલાક ખાસ નોટ કરી લેવા જેવા છે. આવો વિયોગ કરાવનારને આગામી કાળે શું ફળ પ્રાપ્ત થાય છે અને આવું પશુપણું શાથી પ્રાપ્ત થાય છે તે તેણે બતાવી આપ્યું છે. સંયોગ સુખના ઈચ્છક મનુષ્યોએ કદિ પણ કોઇનો વિયોગ થાય તેવું પગલું ભરવું નહીં. પશુ પક્ષીનો પણ વિયોગ કરાવવો નહીં. તેની સ્ત્રીનો કે બચ્ચાંઓનો વિયોગ પડાવવાથી પણ પરભવે અસાધારણ વિયોગ દુઃખ સહન કરવું પડેછે. એને માટે શાસ્ત્રોમાં અનેક દ્રષ્ટાન્તો દ્રષ્ટિગોચર થાય છે. ટુંકામાં એટલું ધ્યાનમાં રાખવું કે **જે પોતાને ન ગમે તે બીજાને ન કરવું; જે પોતાને પ્રિય લાગે તે બીજા માટે કરવું.**

અહીં કુકડાના મૂર્છિત થવાથી લીલાવતી ગભરાય છે, તેના બે કારણ છે. એક તો તેને બદલે પોતાના ભાઇને સોંપેલો છે એટલે કુકડો શા કારણથી બેશુદ્ધ થયો તેની ખબર ન પડતાં પંચાતી થઇ પડે, વળી પોતે કહેલાં વચનો સાંભળીને કુકડો બેશુદ્ધ થયો હતો તે પણ તેના સમજવામાં હતું. તેણે કુકડાને સાવધ કર્યો અને પછી બેશુદ્ધ થવાનું કારણ પૂછયું એટલે કુર્કટે જમીનપર અક્ષર લખી બધું સમજાવ્યું. વિચક્ષણ લીલાવતી થોડા શબ્દોમાં બધું સમજી ગઈ અને પોતે તેના દુઃખની ભાગીદાર બની. પોતાનો ને તેનો ભાઇ બ્હેનનો સંબંધ જોડી દીધો. ચંદરાજાનું દુઃખ સ્વલ્પ કાળમાં દૂર થવા અંતઃકરણથી આશીષ આપી. ચંદરાજાએ એક વાત કરી, બીજી ન કરી. પ્રેમલાની વાત બાકી રાખી. કારણ સિવાય પોતાની ગુહ્ય વાત બધી બીજાને શામાટે કહેવી? બહુબોલા માણસો વગર પૂછયે પોતાની વાત બીજાને કહેવા મંડી જાય છે. પરંતુ તેમાં કાંઇ ડહાપણ ગણાતું નથી.

લીલાવતી કુકડો નટોને પાછો સોંપે છે પણ તેની સાથે સ્નેહ બંધાઈ જાય છે. વળી પોતાના કરતાં અત્યંત દુઃખવાળાને જોવાથી તેનું દુઃખ ઓછું થઈ જાય છે. જગતનો એ સ્વભાવજ છે કે જ્યાં સુધી પોતાના જેવું દુઃખી બીજું દેખાતું નથી ત્યાં સુધી પોતાનું દુઃખ અસહ્ય લાગે છે. પણ જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની જેવા કે તેથી વધતા દુઃખી બીજાઓને દેખે છે એટલે પોતાનું દુઃખ ઓછું થઈ જાય છે અને સહ્ય લાગે છે.

નટો ત્યાંથી નીકળીને ઘણું ફર્યા. એટંદર પ્રેમલાને પરણીને ચંદરાજા પાછા ગયા હતા તેને ૧૬ વર્ષ થઇ ગયા એટલે નટો ફરતા ફરતા વિમળાપૂરી આવ્યા. તે નગરી જોઈને નટો બહુ રાજી થયા. કુર્કટે પણ કેટલાક ચિન્હો ઉપરથી તે નગરીને તેમજ આંબાવાળી જગ્યાને ઓળખી લીધી. પ્રેમલાને પરણ્યાનું સ્થાન પણ યાદ આવ્યું અને કેટલેક અંશે તેના મનમાં નિવૃત્તિ થઇ. પ્રેમપાત્રનું સ્થાન પણ પ્રાણીને આનંદ આપે છે, તો પછી પ્રેમપાત્ર આનંદ આપે તેમાં શું નવાઈ?

નટો મકરધ્વજ રાજા પાસે નાટક કરવા દરબારમાં આવે છે, પરંતુ ત્યાર અગાઉ વામ નેત્ર ફરકવાથી પ્રેમલાના મનમાં એમ ઉગે છે કે–જરૂર મને આજે મારા સ્વામીનો મેળાપ થવો જોઈએ. તે પોતાની સખીઓને તે વાત જણાવે છે; કુળદેવીએ કહેલી મુદત યાદ આવે છે અને ૧૬ વર્ષની મુદત પૂરી થવાથી આશાની તીવ્ર જાગૃતિ થાય છે, પણ તેનું મન હિંડોળે ચઢે છે. એક બાજુથી દેવીનું વચન ને નેત્રનું ફરકવું પતિ મેળાપની ખાત્રી આપે છે ત્યારે બીજી બાજુથી આભાપુરીનું અત્યંત દૂરપણું અને ચંદરાજાના ગયા પછી સંદેશાનો પણ અભાવ એ મેળાપ થવામાં શંકા ઉત્પન્ન કરે છે. સખીઓ તેની આશા ફળીભૂત થવાની આશીષ આપે છે. આમ વાતચીત ચાલે છે તેવામાં રાજા તરફથી માણસ તેડવા આવે છે એટલે તે રાજસભામાં જાય છે. પિતા કહે છે કે "આ નટો આભાપૂરીથી આવ્યા છે, તેનું નાટક જો." પોતાના પતિના ગામના નટવા પણ વહાલા લાગે છે અને તેનું નાટક જોવા તત્પર થાય છે. **પ્રેમની ગતિ ન્યારી છે.**

નટો આભાપુરીને વિમળાપુરી સાથે સરખાવે છે, તેમજ અહીં આવવાથી પોતાનો રાજીપો પ્રગટ કરે છે. નાટકના પ્રારંભમાં પાંજરાનું સન્માન કરી તેને પુષ્પના ઢગલા ઉપર ઉંચું ગોઠવી કુર્કટરાજને સલામ કરી તેની રજા લઈ નાટકની શરૂઆત કરે છે. આ નાટકનું મુખ્ય પાત્ર શિવમાળા છે. તે અતિ રૂપવતી છે. જ્યારે તે શૃંગાર સજીને નાટક કરવા આવે છે ત્યારે તેનું રૂપ જોઇને સૌ ચમત્કાર પામે છે. રાજા વિચારે છે કે આ સાક્ષાત્ શમતા, ક્ષમા કે નિર્ગમતા છે? કોણ છે? આવી શાંત, રૂપવંત ને કાર્યદક્ષ કોઈ સ્ત્રી જોવામાં આવી નથી. રાજા આવો વિચાર કરે છે તેવામાં શિવમાળા અત્યંત ઉંચા વાંસ ઉપર પક્ષીની જેમ ચઢી જાય છે. ત્યાં કુબ્જાસન, યોગાસન વિગેરે આસનો કરે છે. તેણે વાંસ ઉપર રહીને એવું અપૂર્વ નાટક કર્યું કે તે જોઇને નગરલોક સૌ ચિત્રામણમાં આળેખેલા હોય તેવા સ્તબ્ધ થઈ ગયા. ત્યાર પછી તે દોરેદોરે એવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી કે જેમ જીવ ચોરાશી લાખ જીવાયોનિમાં ફરે છે. તે ફરતી ફરતી પાછી વંશાગ્રે આવે છે તે જેમ સમકિતથી ચ્યુત થયેલ પ્રાણી અમુક કાળે સમકિત પામી પાછો પોતાની પૂર્વ સ્થિતિને મેળવે છે તેમ જાણવું. વંશના અગ્રભાગ ઉપર નાભી રાખીને તે ચક્ર ભ્રમણ કરતી હતી ત્યારે જાણે કેવળી સમુદ્ઘાત કરતી વખતે ત્રીજે સમયે મંથાન કરે છે અને ચોથે સમયે સમગ્ર લોકને આત્મપ્રદેશવડે પૂરી દે છે તેમ લાગતું હતું. ચોતરફ તે દેખાવ આપતી હતી. આખા ચક્રમાં કોઈપણ સ્થાન તેના વિના ખાલી લાગતું ન હોતું. આ પ્રમાણે વંશાગ્ર ઉપર નાટક કરીને જે વખત તે નીચે ઉતરી તે વખત જાણે ઉપશમ શ્રેણીએ ચઢેલા મુનિ અગ્યારમે ગુણઠાણેથી પડી નીચે આવે તેવી જણાતી હતી. તેનું અપૂર્વ નાટક જોઈને સર્વ સભા અત્યંત રંજીત થઈ હતી.

નાટક જોઇને પ્રસન્ન થયેલ રાજા શિવમાળાને પુષ્કળ દાન આપે છે, તે વખત કુકડાની નજર પ્રેમલા ઉપર પડે છે એટલે તે તરત તેને ઓળખે છે. એક રાત્રીમાં માત્ર પ્રહર કે બે પ્રહર થયેલા મેળાપને પણ કુર્કટ ૧૬ વર્ષ થયાં છતાં ભૂલતો નથી. તીવ્ર પ્રેમ બે ઘડીનો હોય તોપણ સેંકડો યા હજારો વર્ષે ભૂલાતો નથી. પ્રેમલાને જોતાંજ પોતે પશુપણામાં છતાં મોહવશ રાજી રાજી થઈ જાય છે, અને કુકડો બનાવનાર પોતાની માતાને પણ ઉલટી આશીષ આપે છે, તેમજ ગામેગામ ભમાડનાર નટોનું પણ ભલું થાય એમ ઈચ્છે છે. આ બધો મોહનો વિલાસ છે. અહીં **અપદ** તે પગ વિનાના કુવા અને **સપદ** તે પગવાળા મનુષ્યનું મેળાપ થવામાં દૃષ્ટાંત ઘટાવે છે. વળી **જીવતો નર ભદ્ર પામે.** એ કહેવતને પણ ફળિતાર્થ થયેલી માને છે.

અત્યાર સુધી નટની સાથે રહી આનંદ મેળવનારા કુર્કટનું મન હવે બદલાય છે. 'હવે કોઇ રીતે પ્રેમલા પોતાને માગી લેય ને શિવમાળા તેને આપે તો ઠીક' એમ ઇચ્છે છે. જે દશામાં કાંઈપણ ઉપભોગ લઇ શકાય તેમ નથી તેવી દશામાં પણ પ્રેમલાનો સંયોગ ઇચ્છે છે. તેમાં પ્રેમલા પાસે રહેવાથી મનુષ્ય થવાનો સંભવ એ પણ એક કારણ છે, બાકી તો મોહવિલસિત છે. કુર્કટ આમ વિચારે છે તેવામાં પ્રેમલાની દૃષ્ટિ તેનાપર પડે છે. બધા નટોને કુકડાને પ્રણામ કરતા જોઇ તે આશ્ચર્ય પામે છે. કુકડાની ને તેની બંનેની દૃષ્ટોદૃષ્ટ-નજરેનજર મળે છે અને બંને આનંદ પામે છે. કુર્કટ ઓળખે છે પણ તિર્યંચાવસ્થામાં છે; પ્રેમલા ઓળખતી નથી પણ તેનો પતિપ્રેમ અવ્યક્તપણે કુકડા ઉપર દોડે છે. આ તો તેજ ભવ છે પણ ભવાંતરમાં પણ પૂર્વભવના સ્નેહીને જોતાંજ રાગ ઉત્પન્ન થાય છે અને દ્વેષીને જોઇને દ્વેષ ઉત્પન્ન થાય છે. વિચક્ષણ મનુષ્ય પણ તેનું કારણ સમજી શકતા નથી. પશુ વિગેરેને જોતાં પણ જે સ્નેહ ઉત્પન્ન થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં તેવા પૂર્વ ભવ સંબંધી કારણુનો સદ્ભાવ હોય છે.

કર્ત્તા શ્રીભર્ત્તારનો નજરબોળાવો કરાવી તે મલયાંજ નીતિ ખંડ પૂર્ણ [illegible] છે. હવે પ્રેમલા કુર્કુટની આગળી કરશે અને તે પ્રેમલાને મળશે. [illegible] તીર્થના મહીમાથી તેનું મનુષ્યપણું પણ પ્રગટ થશે અને દુઃખનો [illegible] પામશે. આ બધું આપણે હવે પછીના પ્રકરણોમાં વાંચશું અને ચાંદરાજા [illegible] પ્રેમલાની જેમ આપણા ચિત્તમાં પણ આનંદ રસને પ્રવેશ કરાવશું. હાલ તો આ પ્રકરણમાંથી ગ્રહણ કરવાનું રહસ્ય ટુંકામાં દર્શાવી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે. છેવટે એટલું ખાસ લક્ષપર લાવવામાં આવે છે કે ગમે તેવા દુઃખની પ્રાપ્તિમાં કે વિયોગના પ્રાદુર્ભાવમાં માણસે ગભરાઈ ન જવું. કાળક્ષેપ કરવા પણે કરીને દુઃખનું સુખ થાય છે અને વિયોગનો સંયોગ થાય છે. સર્વ કાળ [illegible] એકખી સ્થિતિ ચાલતી નથી. પરંતુ તેને માટે ધૈર્યની ખાસ જરૂર છે. એવા પ્રસંગમાં ઉતાવળા થયેલા અને ગભરાઈ ગયેલા કેંક મનુષ્યોએ અને સ્ત્રીઓએ પોતાના પ્રાણ પણ ગુમાવ્યા છે; પરંતુ તે વખત જો ધૈર્ય રાખ્યું હોત તો અમુક કાળે પાછું તે દુઃખ નાશ પામી સુખનો અનુભવ કરવાનો વખત આવત એમ પ્રતીતિકર થાય છે. માટે સુજ્ઞ મનુષ્યોએ—સ્ત્રીએ અથવા પુરૂષે સુખના કારણ પ્રાપ્ત થયે તેને અખંડ માની તેમાં લુબ્ધ થઇ જવું નહીં અને દુઃખના કારણ પ્રાપ્ત થયે તેને અચળ માની ગભરાઈ જવું નહીં. આ અંતિમ શિક્ષા આપીને અત્ર વિરમવામાં આવે છે.

## साधुनो अनुनय.

(નમ્રતા સૌજન્ય.)

( અનુસંધાન પૃષ્ઠ ૯૫ થી. )

દ્વેષને અંગે શાસ્ત્રમાં અને વ્યવહારમાં અનેક દૃષ્ટાન્તો મોજુદ છે. એ એટલો ખરાબ દુર્ગુણ છે કે એનાપર જેમ જેમ વિચારણા કરવામાં આવે તેમ તેમ તે દુર્ગુણમાં રહેલ વિષના તત્ત્વનો સવિશેષ ખ્યાલ આવે તેમ છે. શ્રીપાળ અને ધવળશેઠના ચરિત્રમાં લગભગ ઘણા ખરા વાકેફગાર છે. ધવળશેઠે શ્રીપાળનો ઉત્કર્ષ સહન ન કરવાથી કેવાં કેવાં અપકૃત્યો તેની તરફ કર્યાં તે વાંચતાં અત્યંત ખેદ થાય છે. વહાણના માંચ સાથે રાખેલ દોર કાપી તેને સમુદ્રમાં નાખી દેનાર, ડુંબનો તે સગો છે એમ કહેવડાવનાર અને છેવટે તેનું ખૂન કરવા [illegible] સાતમા આવાસપર જાતે ચઢનાર ધવળશેઠ દ્વેષનો, ઈર્ષ્યાનો અને લોભ [illegible] છે. એની સામે શ્રીપાળનું સૌજન્ય પણ એવુંજ આકર્ષક છે. ધવળ [illegible] દ્વેષ ન કર્યો એટલુંજ નહિ પણ પોતાના પિતાતુલ્ય સ્થાન ધવળશેઠને [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્યું અને અંતક્રિયા પણ પોતે કરી. તેટલુંજ નહીં પણ પોતાને રાજ્ય પ્રાપ્તિ થતાં તેના પુત્રને નગરશેઠની પદવી આપી. આ દ્વેષનો અને સૌજન્યનો ખરેખરો નમુનો છે, મનન કરવા યોગ્ય છે, ખાસ વિચારવા યોગ્ય છે. તત્ત્વદૃષ્ટિથી વિચારતાં શ્રીપાળને કાંઈ ખોવાનું હતુંજ નહિ અને તેના ઉત્કૃષ્ટ મનોવલણ પ્રમાણે તે સ્વગુણમાં સ્થિત રહ્યા, યોગ આરાધનાની સન્મુખ રહ્યા અને ઉત્કૃષ્ટ જીવન ગાળ્યું. અધમ કાર્ય કરનાર-દ્વેષમાં આસકત રહેનાર ધવળશેઠ ધનના વિચારોમાં અને શ્રીપાળનું નિકંદન કાઢવાના પ્રયાસોમાં આ ભવમાં ધનથી વેષ્ટિત છતાં મહા અંતર્વેદના પામ્યો અને પરભવમાં નારકીમાં ગયો. ધનમાં એકાંત સુખ નથી, ધનવાળા ખાસ સુખી હોય તેમ સમજવાનું નથી, સુખ માનસિક અને આધ્યાત્મિક સ્થિતિપર આધાર રાખે છે તેનું પણ આ ખાસ દૃષ્ટાંત છે. આવી રીતે અનેક પ્રાણી સ્થૂળ સંપત્તિવાળા હોવા છતાં આ ભવમાં પણ ગાઢા વ્યથા ( માનસિક ) ભોગવે છે, એ બહારથી સુંદર હવેલીઓ અને ઘોડા ગાડીના વૈભવની અંદર મહાલતા અંતઃકરણોનો અભ્યાસ કરવાથી જણાય તેવું છે. દ્વેષને અંગે પાંડવ કૌરવોનું દૃષ્ટાંત પણ એટલુંજ વિચારવા યોગ્ય છે. દ્વેષ કરીને સજ્જનને કષ્ટમાં પાડવા માટે જે ઉપાય ચિંતવવામાં આવે છે તે બહુધા સજ્જનને દુઃખ આપવાને બદલે સુખનાં કારણભૂત થાય છે, કારણકે એવા વિશાળ મનોરાજ્યમાં દ્વેષનો ધુમાડો હોતો નથી અને તેથી તેને તો તેનો લાભજ મળે છે. જો અમુક વખત સુધી ધીરજ ધારણ કરવામાં ન આવે અને સાધારણ રીતે લોકો જેને વ્યવહારૂ સમજે છે તેવા વિચાર સર્વ કાર્યને અંગે કરી લેવામાં આવે તો તો સૌજન્ય પ્રકટ થવાનો પ્રસંગ રહેતોજ નથી, કારણકે દ્વેષ સામે દ્વેષ કરવો એ અનુભવ વગરના વ્યવહારનું શિક્ષણ હોય છે, પરંતુ વૃત્તિની વિશાળતાપૂર્વક જરા દીર્ઘદૃષ્ટિ વાપરવામાં આવે તો જણાઈ આવે છે કે એવી બાબતમાં સ્થૂળ દૃષ્ટિએ વિચાર કરવો ઉચિત નથી.

સ્કંદકાચાર્યના પાંચશે શિષ્યોને ઘાણીમાં પીલવાનો હુકમ કરવા છતાં જરા પણ દ્વેષ ન કરવાનો નિશ્ચય કરનાર તે મહાત્મા અતિ માનને પાત્ર હતા. તેઓએ ધ્યાનો આધ્યાત્મિક-યૌગિક ખ્યાલ કરી અતિ સુંદર નિર્ણય કર્યો અને ૪૯૯ શિષ્યોને વસ્તુસ્વરૂપ સમજાવી મોક્ષ મોકલાવ્યા પણ અંતે ધીરજ રાખી શકયા નહિ. રાધાવેધ સાધવાને અવસરે જરા વાસ્તે ચૂકયા અને એક લઘુ શિષ્યની પહેલાં પોતાને પીલવા યાચના કરી. આટલી સામાન્ય યાચના-ઇચ્છાનો પણ અસ્વીકાર થતાં દ્વેષ ઉછળ્યો અને તે સાથેજ જે મહા ગુણસ્થાનકપર ચેતન ચઢયો હતો ત્યાંથી પડી ગયો. વ્યવહારૂ માણસને સ્કંદકાચાર્યની આ માગણીમાં કાંઇ ગેરવાજબીપણાનું તત્ત્વ લાગેજ નહિ, પણ અહીંજ વ્યવહાર અને આત્મધર્મની દૃષ્ટિમાં તફાવત પડે છે. દ્વેષને પરિણામે તેઓ અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી સ્થિતિમાં હતા અને તેમના ઉપદેશથી તેમના ૪૯૯ શિષ્યોએ તે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી, છતાં પોતે તે સર્વેથી ભ્રષ્ટ થઈ વ્યંતર થયા, અને ત્યાં પણ દ્વેષ ચાલુ રહેવાથી આખો દંડક દેશ બાળી નાખી દંડકારણ્ય કર્યું. દ્વેષ કેવી રીતે કામ કરે છે એનું આ પ્રબળ દૃષ્ટાન્ત છે, ખાસ વિચારણીય છે.

ચંડકૌશિક અને શ્રી વીરપરમાત્માનું દૃષ્ટાન્ત પણ આવીજ હકીકત સમજાવે છે. એના કરતાં પણ સંગમ દેવે ઘોર ઉપસર્ગો કર્યા છતાં પણ જ્યારે છ માસ પછી હારીને જાય છે ત્યારે પ્રભુને તેના ઉપર કરૂણા આવે છે, તેથી નેત્ર આર્દ્ર થઇ જાય છે અને મનમાં તે બિચારા સ્થૂળ દૃષ્ટિએ સમર્થ પણ આધ્યાત્મિક દૃષ્ટિએ નિર્બળ પ્રાણીની માનસિક સ્થિતિપર ખેદ થાય છે. મનમાં વિચારણા થાય છે કે એ પોતાના સંબંધમાં આવવા છતાં સુધરી શક્યો નહિ એ દીલગીરી ભરેલું છે. ચિત્તની વિશાળતા અને દ્વેષજયનું આ ઉત્કૃષ્ટ દૃષ્ટાન્ત છે. સંગમ દેવે કરેલાં ઉપસર્ગો વાંચતાં સામાન્ય વાંચનારને પણ તેના ઉપર દ્વેષ આવી જાય છે, પણ પ્રભુના મન ઉપર તેની જરા પણ અસર થઇ નહોતી એ ખાસ વિચારવા યોગ્ય છે.

દ્વેષ ત્યાગનાં આવાં અનેક દૃષ્ટાન્તો શાસ્ત્રમાંથી મળી શકે તેમ છે. વ્યવહારમાં અથવા ઇતિહાસમાં તે મળવા સહેલાં નથી, કારણ વ્યવહાર જુદા પાયા ઉપર બંધાયલો છે. દ્વેષત્યાગને નબળાઇ અથવા બીકણપણાનું ઉપનામ જ્યાં મળે ત્યાં એવાં દૃષ્ટાન્તો મળવા મુશ્કેલ પડે એ સમજાય તેવું છે, છતાં અહીં સ્પષ્ટ કરવાની જરૂર છે કે ઉપર જણાવેલા સર્વ મહાત્માઓ દ્વેષનો ત્યાગ કરતા હતા તે કોઈ પ્રકારની શારીરિક નબળાઈથી નહિ પણ માનસિક મહત્તાને અંગેજ કરતા હતા. શ્રીપાળની શક્તિ પ્રસિદ્ધ છે, તીર્થંકરનું શારીરિક બળ ચક્રવર્તી કરતાં પણ અધીક હોય છે અને એ સિવાય બીજા જે જે મહાત્માઓએ દ્વેષનો ત્યાગ કર્યો છે તે આત્મિક વિચારણાને અંગેજ કર્યો છે એમ લક્ષ્યમાં રાખવું યોગ્ય છે.

હવે આપણે આ દ્વેષના વિષયને યોગદૃષ્ટિએ જોઈ જઇ, આ વિષય વિચારણા પૂર્ણ કરીએ. અહીં ખાસ જણાવવાની જરૂર છે કે યોગપ્રાપ્તિ થવાનો જે કાળ ( સમય ) શાસ્ત્રમાં બતાવ્યો છે તે સમય પહેલાં યોગપ્રાપ્તિ માટે જૂદા જૂદા ઉપાય અમલમાં મૂકવાની બહુ જરૂર બતાવી છે. તેમાં ચાર ઉપાય ઉપર બહુ ભાર મૂકવામાં આવ્યો છે. તે ઉપાયો આ પ્રમાણે છે—દેવગુરૂ પૂજન, સદાચાર, તપ અને મોક્ષ અદ્વેષ. દેવગુરૂ પૂજનથી આદર્શ સ્પષ્ટ થાય છે અને આદર્શની સ્પષ્ટતા વગર તે પ્રાપ્ત કરવા કદિ સંપૂર્ણ પ્રયાસ થઈ શકતો નથી. સદાચારમાં સુદાક્ષિણ્ય, દયાળુતા, નમ્રતા, અદૈન્ય, સપ્રતિજ્ઞત્વ, મિતભાષિતા વિગેરે સુંદર ગુણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તપથી ઇંદ્રિય અને મનનો નિગ્રહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મતો હોવાથી અને ત્યાગની શરૂઆત તેનાથી થતી હોવાથી તેની પણ બહુ અગત્ય બતાવવામાં આવી છે અને છેલ્લો ઉપાય મોક્ષના તરફ દ્વેષભાવનો ત્યાગ કરવો એ છે. એ ચતુર્થ ઉપાય આપણા ચાલુ વિષયને અંગે ઘણો અગત્યનો છે તે જરા સ્પષ્ટપણે જણાવીએ.

ઘણા સંસારરસિક જીવોને એમ લાગે છે કે મોક્ષમાં જઇને કરવું શું ? જ્યાં સુંદર સ્ત્રીઓના હાવભાવ યુક્ત વિલાસો ન હોય, જ્યાં ગીત ગાન ચાલતાં ન હોય, જ્યાં કાંઈ મિષ્ટાન્ન ઉડાવવાનાં ન હોય, જ્યાં ચક્ષુને તૃપ્ત કરનાર સુંદર રંગો ન હોય, જ્યાં નાસિકાને તૃપ્ત કરનાર સુગંધી પદાર્થો ન હોય અને જ્યાં સંસારની આનંદયુક્ત ધમાલ ન હોય ત્યાં જઇને કરવું શું ? આ પ્રમાણે જેને મોક્ષ તરફ પ્રેમ થતો ન હોય તે પ્રાણી તેની પ્રાપ્તિના ઉપાય કરી શકે નહિ. આવા પ્રાણીઓનો ખ્યાલ તદ્દન ખોટો છે એ જણાવવાની જરૂર નથી. આ પ્રાણીએ ઇંદ્રિયતૃપ્તિનાં સાધનોમાં અથવા તેની તૃપ્તિમાં સુખ માન્યું છે તે તદ્દન તુચ્છ છે, સ્થૂળ છે અથવા વધારે સ્પષ્ટ રીતે કહીએ તો તે સુખ છેજ નહિ. માનસિક સુખ આગળ તે નકામું છે, રદ છે, અર્થ વગરનું છે. એક સુંદર લેખ વાંચતાં કે તેમાં કલ્પના દોડાવતાં અથવા ન્યાયની કોર્ટોમાં દલીલ કરતાં જે અભિનવ આનંદ થાય છે તે સવિશેષ છે. આથી પણ વધારે આનંદ સંતોષ, દયા, વાત્સલ્ય આદિ હૃદયના ગુણોનો અમલ કરતાં થાય છે. આધ્યાત્મિક આનંદ એ આ સર્વથી વિલક્ષણ પણ અતિ ઉન્નત છે. એ પ્રાપ્ત કરવા માટે ચેતનને વિભાવમાંથી પાછો હઠાવી તેના મૂળ સ્વભાવમાં લઈ જવો જોઇએ અને તેને માટે પ્રથમ તે ભાવ તરફ રૂચિ પ્રાપ્ત કરવી જોઇએ. એ રૂચિ પ્રાપ્ત કરવારૂપ દશાને ' મોક્ષઅદ્વેષ ' કહેવામાં આવે છે. જ્યાં સુધી એવી વિશાળ આત્મવિચારણા ન થાય ત્યાં સુધી સાધ્યની સ્પષ્ટતા થતી નથી અને આ મોક્ષ અદ્વેષ એ યોગપૂર્વસેવાને અંગે એટલો અગત્યનો ઉપાય ગણવામાં આવેલ છે કે જો તે ન હોય તો બાકીના ગુરૂ દેવપૂજન, સદાચાર કે તપ ગમે તેટલી ઉત્કૃષ્ટ હદ સુધી કરવામાં આવે છતાં પણ તે સર્વ નકામા થઈ પડે છે. મોક્ષઅદ્વેષને આટલું અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે તે બહુ વિચારવા યોગ્ય છે.

આનંદઘનજી મહારાજ યોગપ્રાપ્તિના ઉપાયને અંગે યોગપૂર્વસેવા કરવાનું જણાવતાં શ્રી સંભવનાથના સ્તવનમાં ભૂમિકાની શુદ્ધિ કરવાનું ભાર મૂકીને જણાવે છે. જ્યાં સુધી ભૂમિકાની શુદ્ધિ કરી હૃદયની નિર્મળતા કરવામાં ન આવે ત્યાં સુધી તેના પર ગમે તેટલાં ચિત્રો આળેખવામાં આવે તે સર્વ નકામા જાય છે અને મૂળ વસ્તુની જરાપણ કિંમત વધારતા નથી. તેથી તેઓશ્રી કહે છે કે ' **સેવન કારણ પહેલી ભૂમિકાજી, અભય અદ્વેષ અખેદ.** '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રીતે ભૂમિકાને દ્વેષરહિત 'અદ્વેષ' કરવાની જે વાત કરી છે તે રુચિને અંગેજ છે એટલે આત્મગુણ પ્રાપ્તિ તરફ દ્વેષનો ત્યાગ કરી, મોક્ષ તરફ વિરાગ થયો હોય તે દૂર કરી, સાધ્યની સ્પષ્ટતા કરવાની જરૂર છે એમ તેઓ સ્પષ્ટ જણાવે છે અને એ વાત તેઓ ત્યાર પછીની ગાથામાં બરાબર સમજાવે છે. ત્યાં તેઓ 'દ્વેષ અરોચક ભાવ' એમ કહી આપે છે. આ સૂત્રજેવું તેઓનું વચન છે. અરોચક ભાવનો ત્યાગ કરી, રૂચિ રાખી, ભૂમિકાની શુદ્ધિ કરવી એમ તેઓશ્રીના કહેવાનો આશય છે. ઉપાધ્યાય શ્રીમદ્યશોવિજયજી પણ ઉપરોક્ત દ્વેષની સઝાયમાં કહે છે કે 'યોગનું અંગ અદ્વેષ છે પહેલું' ત્યાં અદ્વેષ એ ઉપર જણાવેલ અર્થમાં સમજવાનો છે. મતલબ એ છે કે જે પ્રાણીને પોતાના ચેતનની પ્રગતિ કરવી હોય તેણે મોક્ષ જે પરમ સાધ્ય છે તેને સ્પષ્ટ સમજવાની સાથે તેના ઉપર કોઈ પ્રકારનો દ્વેષ ન રાખવો જોઇએ.

આવી રીતે મોક્ષ ઉપર અદ્વેષ રાખવાની જરૂર છે તેનો અર્થ અને ભાવ યોગપ્રાપ્તિના ઉપાયને અંગે પૂર્વાવસ્થામાં ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ત્યારપછી આગળ જેમ જેમ પ્રગતિ થતી જાય અને યોગની વિશિષ્ટ ભૂમિકા પ્રાપ્ત થતી જાય તેમ તેમ મોક્ષ ઉપરનો રાગ દૂર થતો જાય છે, કારણકે વિશિષ્ઠ દશામાં પ્રશસ્ય રાગ પણ ત્યાજ્ય છે. પૂર્વાવસ્થામાં રાગની જરૂર રહે છે, રૂચિની જરૂર રહે છે, કારણ કે તે વગર સાધ્યની સ્પષ્ટતા થતી નથી, પણ ત્યારપછી આગળ પ્રગતિ થતાં રાગની જરૂર રહેતી નથી, તેથી પ્રશસ્ય રાગ પણ ત્યાં બંધનરૂપ હોઈને ત્યાજ્ય ગણાય છે. શાંતિસ્વરૂપ બતાવતાં '**મોક્ષ સંસાર બેહુ સમ** ગણે' એમ જે વાત આનંદઘનજીએ કરી છે, તે આવી વિશિષ્ઠ દશાને અંગે છે, એ બરાબર લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. એવી દશા યોગ્યતા કે અધિકાર વગર જો યોગપ્રાપ્તિની પૂર્વ અવસ્થામાં આદરવા જાય તો પ્રાણીની પ્રગતિ અટકી પડે છે.

આવી વિશિષ્ઠ યોગની દશા પ્રાપ્ત થાય ત્યારે તેને પોતાના શત્રુઓ ઉપર શાંતિ થઈ જાય છે. યોગની પૂર્વ અવસ્થામાં અને શરૂઆતની ભૂમિમાં પોતાના મોટા કર્મશત્રુ સમૂહ . .થે યુદ્ધ કરવું પડે છે અને તેની કાપણી કરવી પડે છે. પછી જ્યારે તેની ચીકાશ દૂર થાય છે ત્યારે તેના ઉપર પણ બેદરકારી થઇ જાય છે. આવી રીતે યોગપ્રાપ્તિને અંગે અદ્વેષ ઘણો અગત્યનો ભાગ બજાવે છે.

દ્વેષ ઉત્પત્તિનાં કારણો અનેક હોય છે તે આ વિષય વિચારણામાં જોવામાં આવ્યું હશે. મુખ્યત્વે કરીને દ્વેષ માયામમતા આદિ વિભાવદશાને અંગે ઉત્પન્ન થાય છે. જે વસ્તુ પોતાની નથી, જેના ઉપર પોતાનો કોઇ પ્રકારનો હક નથી, જેને પાસે રાખવામાં કોઈ પ્રકારનું વાસ્તવિક સુખ નથી, તે વસ્તુ ઉપરના રાગને લઇને તેનો વિયોગ થતાં અથવા તેનો વિયોગ થવાનાં પ્રસંગો આવતાં તેના નિમિત્ત કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર ખરાબ વૃત્તિઓ રાખવી એ દ્વેષનું કારણ છે. આ ઉપરાંત અભિમાનને બંધ બેસતું ન આવે એવું કાંઇ બની જાય ત્યારે પણ વચ્ચેના નિમિત્ત કારણ ઉપર ખેદ થાય છે. એ સર્વમાં વચ્ચે આવનાર નિમિત્ત કારણ તો માત્ર બહાનું હોય છે. એવી સ્થિતિ થવાનું મુખ્ય કારણ તો પોતાના આગામી દૂષણો હોય છે; પરંતુ આ પ્રાણીની એક એવી ટેવ પડી ગઇ છે કે જેમ કોઈ પથ્થરનો ઘા કુતરા ઉપર કરે તો ઘા કરનાર દૃષ્ટિમાં હોય છતાં કુતરો પ્રથમ પથ્થરને કરડવા દોડે છે તેમ આ પ્રાણી વિયોગના નિમિત્ત કારણનેજ દૃષ્ટિપથમાં લાવી તેના ઉપર દ્વેષ કરવા મંડી જાય છે. એનું ઉપાદાન કારણ પોતેજ છે–પોતાનાં કર્મોજ છે એની તેને ખબર હોતી નથી અને હોય છે તો તેના તરફ તે ઉપેક્ષા કરે છે. આવી રીતે વિચારતાં જણાશે કે દ્વેષ ઉત્પત્તિનાં કારણો પોતામાંથીજ ઉત્પન્ન થાય છે અને વાસ્તવિક રીતે અન્ય ઉપર દ્વેષ કરવો એ વસ્તુસ્વરૂપની અજ્ઞતા બતાવે છે. જેઓ આ ચાવી બરાબર સમજી શકે છે તેઓ કદિ નિમિત્ત કારણ ઉપર દ્વેષ કરતા નથી. ગજસુકુમાળ જેવા અતિ કોમળ શરીર ધારણ કરનારના મસ્તક ઉપર ખેરના અંગારા તેનો સાસરો ભરી ગયો ત્યારે તેને ગજસુકુમાળે નિમિત્ત કારણના રૂપમાં જોયો હતો અને બંધકઋષિની ચામડી ઉતારી ત્યારે રાજસેવકોને તો હુકમને તાબે થનાર તરીકે મુનિ સમજી ગયા હતા. મયણાસુંદરી અને તેના પિતા વચ્ચે જે મતભેદ હતો તે પણ આ પ્રકારનોજ હતો. તેના પિતા પ્રજાપાળ રાજા નિમિત્ત કારણ અને ઉપાદાન કારણનો ગોટાળો કરતા હતા તે આ વસ્તુસ્વરૂપ સમજનાર વિદુષી તનયાને ગળે ઉતર્યું નહિ. આવી રીતે વ્યવહારમાં પણ બહુ વખત એ પ્રમાણે બને છે. મયણાસુંદરીના સંબંધમાં જ ઉજ્જયિનીના લોકો જે ટીકા કરતા હતા તે અર્થ વગરની હતી. તાપસ અને પાર્શ્વનાથનું દૃષ્ટાન્ત એજ હકીકત પૂરી પાડે છે. આવી રીતે બરાબર લક્ષ્યમાં લેવાની જરૂર છે કે દ્વેષ વિભાવથી ઉત્પન્ન થાય છે અને તે વસ્તુસ્વરૂપની અજ્ઞતા બતાવે છે. આ નિમિત્ત કારણો અનેક પ્રકારનાં હોય છે તેનો લાંબો વિચાર કરવાની જરૂર નથી. મનુષ્યની જેટલી જેટલી પ્રવૃત્તિ થાય તે સર્વ દ્વેષના નિમિત્તોમાં આવી શકે. પણ વસ્તુતઃ જેને દ્વેષનાં કારણ ગણવામાં આવે છે તે તેવાં નથી એ પર ધ્યાન આપવાની બહુ જરૂર છે. એક વખત બરાબર વસ્તુસ્વરૂપનો બોધ થતાં અને તે પર યોગ્ય વિચારણા થતાં આ હકીકત સ્પષ્ટ રીતે ધ્યાન પર આવશે અને તેની પર બરાબર ઉહાપોહ થશે તો માલૂમ પડશે કે દ્વેષનાં કારણો તરીકે જેને વ્યવહારથી ઉપર ટપકે ગણવામાં આવે છે તે માન્યતા જ ખોટી છે. ખોટી માન્યતા ઉપર–ખોટા પાયા ઉપર રચાયેલ મુકામ પડી જતાં મનમાં ખેદ થાય તો તેને માટે જવાબદાર કોને ગણવા તે વિચારવા યોગ્ય પ્રશ્ન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વેષ કરવા યોગ્ય નથી, તેના પ્રસંગો નિમિત્ત માત્ર છે, તે ચેતનની પ્રગતિમાં અનેક વિઘ્ન કરનાર છે અને તે ચેતનને પાછો પાડી નાખે છે. એ સર્વ બાબતનો ખાસ વિચાર કરવાની જરૂર છે. રીતસર વિચાર કરવાની ટેવ ન હોય ત્યાંસુધી એવાં અનેક ભૂલભરેલાં કાર્યો થઇ જાય છે કે જેને માટે આ જીવનમાં છેલ્લે સુધી ખેદ થયા કરે. તક હાથમાંથી ગયા પછી ખેદ કરવો ઘણો લાગે નકામો છે. આથી આ જીવનના યોગ્ય નિયમો સ્વીકારવાનો પ્રથમથીજ નિર્ણય કરવો વધારે ઉચિત છે. જેથી કાર્યો બરાબર યોગ્ય રીતે બને અને પશ્ચાત્તાપના પ્રસંગો ન આવે. વિચારણા કરવાની ટેવ પડ્યા પછી આ સર્વ બની આવશે એમ જણાવવાની જરૂર રહેતી નથી. માયા મમતાના આવિર્ભાવો અનેક રીતે ચેતનને ત્રાસ આપનાર છે એ પર લક્ષ્યપૂર્વક વારંવાર વિચારવાની બહુજ જરૂર છે. જરૂર એટલા માટે છે કે આ પ્રાણી ઘણી વખત વિચારણા કર્યા વગર ક્ષણિક મનોવિકારોને તાબે થઇ જઈ બહુ હેરાન થાય છે.

વ્યવહારને અંગે જ્યારે જ્યારે દ્વેષ કરવાનો પ્રસંગ આવે, કાંઈ ગુસ્સે થવાનો કે અસૂયા કરવાનો કે એવો કોઈ પ્રસંગ આવે ત્યારે વિચારવું કે આ જીવન ઘણું ટુંકું છે, એમાં વૈરવિરોધ કરીને જીવનને તુચ્છ બનાવવું નહિ, થોડા જીવનમાં એવા વિભાવનાં પ્રસંગો આવે તેને તાબે ન થવા નિર્ણય કરવો. અનેક ભવો સુધી ચાલે તેવી ખરાબ ભાવના આત્મા સાથે જોડાઈ જાય તેથી જાગ્રત રહેવા વિચારણા કરવી. આનું નામ ખરૂં સૌજન્ય છે. ચેતનની યૌગિક પ્રગતિપર રૂચિ કરી, સ્થૂળ દ્વેપ ઓછો કરી, તે ન કરવાનો નિર્ણય કરી આ સંસાર યાત્રા કેમ સફળ થાય, તેનો છેડો કેમ આવે તેનો વારંવાર વિચાર કરવો એ સંત જીવન વહન કરનારનું લક્ષ્ય છે અને તે જેટલે અંશે સિદ્ધ થાય તેટલે અંશે ખાસ કર્તવ્ય છે એટલું જણાવી આ અતિ અગત્યના વિભાવકૃત આવિર્ભાવની વિચારણા સંપૂર્ણ કરીએ.

મૌક્તિક.

## સ્ત્રી વિષે.

તન મન ધનની ખુવારી કરનારી ભારી,
નજરે નિહાળી જુઓ તે તો એક નારી છે;
ઝગડો ઉઠાવનારી કલેશને ઉદીરનારી,
કંકાસ વધારનારી કાંસાની એ થાળી છે;
છોકરાં પછાડનારી ધણીને ધિઃકારનારી,
દુઃખની દેખાડનારી નરકની બારી છે;
કહે ખેમચંદ પણ કામાંધ પુરૂષને તો,
સાકર ને દૂધ થકી પણ ઘણી પ્યારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मन स्थिर केम थाय ?

## ( તેના સંભવિત ઉપાયો. )

( અનુસંધાન પૃષ્ટ ૧૦૪ થી )

અશુભમાંથી શુભમાં અને અંતે શુદ્ધમાં આવવું એવો વિચાર ઉપર દર્શાવ્યો છે એમાં જરા આગળ વધીએ.

મનને સંગીત સાંભળવાની ઈચ્છા થાય તો તેને શૃંગારિક સંગીત ન સંભળાવતાં પ્રભુભક્તિનાં વૈરાગ્યોત્પાદક પદો સંભળાવવાં. આથી તેની ઈચ્છાને તુષ્ટિ મળશે, તે સન્માર્ગે વળશે, પ્રેરાશે અને ધાંધલ તથા અનર્થ કરતું અટકશે.

વરઘોડો જોવાની ઈચ્છા થાય તો લગ્નના વરઘોડાને બદલે દીક્ષા અથવા અન્ય ધર્મ નિમિત્તના વરઘોડા દેખાડવા. આથી તે શાંત થઈ જશે.

મિષ્ટાન્ન ખાવાની ઇચ્છા થાય તો જ્ઞાતિભોજનમાં ન જમાડતાં સાધર્મિક વાત્સલ્યોની જમણવારો જમાડવી. જેથી તેની ભાવના ફરી જશે, જરૂર જેટલુંજ ભાજનમાં લેશે, બગાડ નહિ કરશે અને સાધર્મિક બંધુઓનો સમૂહ તથા તેમની થતી ભક્તિ જોઇ તેને પ્રમોદ થશે, તેની અનુમોદના કરશે અને એ રીતે હાનિ મેળવવાને બદલે લાભ મેળવશે.

મુસાફરી કરી નવા નવા શહેરો જોવાની ઇચ્છા થાય તો તેને યાત્રાઓ કરાવવી. જેથી તેની ઇચ્છા પરિપૂર્ણ થશે પણ તેનું મુખ્ય લક્ષ યાત્રાઓમાં રહેશે તેથી અનેકધા પુન્ય ઉપાર્જન કરશે અને કર્મની નિર્જરા કરશે તે એવું ભોળું છે કે તેને બીજી બાબતમાં દોરી જવાથી એમ સ્મૃતિમાં નહિ રહે કે 'મારી મુખ્ય ઇચ્છા તો બીજી હતી અને આ તો તૃપ્તિનું બીજું સાધન છે.'

નવલ કથા વાંચવાની ઈચ્છા થાય તો તેને શૃંગારપોષક, અનીતિવર્ધક કથાઓ નહિ વંચાવતાં નીતિવર્ધક, હૃદય બળપોષક અને નિર્દોષ આનંદ મેલાપક કથાઓ વંચાવવી, જેથી તે પોતે બગડવાને બદલે સુધરશે અને તેની ઈચ્છા પણ તૃપ્ત થશે.

કોઈ એકાંત ઉચ્ચ પ્રદેશમાં રહી સૃષ્ટિ સૌંદર્યનો થોડા દિવસ આનંદ અને અનુભવ લેવા ઈચ્છા થાય તો માથેરાન અથવા મહાબળેશ્વર જેવાં સ્થળે તેને ન લઈ જતાં આબુ જેવાં તીર્થસ્થળે લઈ જવું, જેથી તેની ઈચ્છાને ભક્ષ મળશે અને એક પંથ સાધવા જતાં બે કાર્ય સધાશે.

ચોપાટ કે સેતરંજ રમવાની ઈચ્છા થાય તો તેને રમવા માટે જ્ઞાનબાજી આપવી. જેથી તે ચોપાટ કે સેતરંજનું લીધેલું વહન ( વેન ) ભૂલી જશે અને સમજણપૂર્વક જ્ઞાનબાજીમાં રમણતા કરવાથી કોઈ નૂતન બોધ મેળવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરના થોડા ફકરાઓ ઉપરથી મનને વશ કરવાનો ક્રમ બતાવવા પ્રયત્ન કર્યો છે તે એક રૂપરેખા છે. એવી બાબતો ઘણી લખી શકાય પણ બહુ લંબાણ આવશ્યક નથી. એ ઉપરથી એટલું સમજવા રૂપે નીકળી શકે છે કે એક પ્રકારના અપ્રશસ્ત ભાવોમાંથી બીજા પ્રકારનાં સજાતીય છતાં પ્રશસ્ત ભાવોમાં મનને દોરી જવું એ તેને વશ કરવાનો શરૂઆતનો પ્રકાર છે.

અત્ર પ્રસંગે જાણવા યોગ્ય છે કે મનની ઈચ્છાને અનુકૂળ સજાતીય પ્રશસ્ત પ્રકારનો અભાવ હોય ત્યારે વિજાતીય પણ પ્રશસ્ત પ્રકારમાં મનને દોરી રાખવાથી પણ મનનું એકીકરણ થઈ શકે છે એટલે યેન કેન પ્રકારેણ મનને અપ્રશસ્ત ભાવની વિસ્મૃતિ કરાવી પ્રશસ્ત ભાવમાં જોડવું એમ અત્ર લખવાનું પ્રયોજન છે.

ઉપરના ફકરાઓમાં જે વિધિ દર્શાવ્યો તદનુસાર ન વર્તવામાં આવે અને મનને તદ્દન દાબી દેવામાં આવે તો તે મનુષ્યને અનેક વ્યથા ઉપજાવે છે, પોતે સુખે જંપતું નથી અને બીજાને સુખે જંપવા દેતું નથી. આ બાબત પ્રત્યેક મનુષ્ય પોતપોતાના અનુભવથી વિચારે તો સહેજે સમજી શકાય તેવી છે.

યોગી થવા ઈચ્છનાર પ્રથમ હઠયોગ અખત્યાર કરે છે, પણ પાછળથી સહજ–સમાધિ યોગમાં જ્યારે તે આવે ત્યારેજ તેની ઈષ્ટ સિદ્ધિ થાય છે. બાકી હઠયોગમાં વર્તતાં તો તેને નવી નવી દશાઓના અનુભવ સાથે પોતાના સામર્થ્યની કસોટી થાય છે અને તે વખતે તો તેને અનેક હાસ્યપાત્ર દશાઓનો અનુભવ થાય છે જે તે પોતેજ જાણે છે પણ અન્યને જણાવતો નથી: અને જો તેમાં આગળ વધવા સાથે તે સમાધિ યોગમાં ન આવે તો પ્રથમ યોગ તેને માત્ર અલ્પાંશેજ ફળદાયક થાય છે. આ જણાવવાનો હેતુ એ છે કે મનને મારવાં માટે હઠયોગનું સેવન મ્હોટે ભાગે આજ કાલ બહુ પ્રકારના ધાર્મિક પ્રસંગોમાં થાય છે, તે તદ્દન કાઢી નાંખવા જેવું નથી, શરૂઆતમાં ટેવ પાડવા માટે [illegible] નથી [illegible] બીજા યોગથીજ થાય છે અને આ સરળ ક્રમ–માર્ગ નથી.

[illegible] ઈચ્છા જ્યારથી ત્યારેજ મ્હેવાય કે જ્યારે તે તદનુરૂપ પ્રયત્ન [illegible] તેની ઇચ્છા એ ખોટી ઇચ્છા છે અને તેટલાથી કાંઇ ફળ નથી. આ નિયમ દરેકે દરેક ઈચ્છાને લાગુ પડે છે. આથી, મન વશ કરવા ઈચ્છનારે સાવચેત થઈ, જાગૃતિપૂર્વક તેના ઉપાયો અજમાવવા જોઇએ એમ સૂચવવાનો અત્ર આશય છે.

ચોવીશ કલાકમાંથી અમુક પ્રવૃત્તિનો અને નિદ્રાનો જરૂરનો વખત બાદ

For Private And Personal Use Only

કરતાં જે વખત મળે તેમાં મનને નવરૂં ન પડવા દેતાં તેને ગમે તેવા પણ સારા વાંચન અને અભ્યાસમાં જોડી દેવું, જેથી ઘણાં પાપ લાગતાં અટકી જશે. નિત્ય કાંઇ પણ નવીન અભ્યાસ કરવાની ટેવ રાખવી જેથી કેટલોક કાળ તેમાંજ વ્યતીત થઇ જશે. જેમ જેમ જ્ઞાનબળ વધતું જશે તેમ તેમ મનની દશા સુધરતી જશે અને શરૂઆતમાં જે જે, ટેવ પાડવા માટે કરવામાં આવતું હતું તે તે હવે રૂચિપૂર્વક સ્વયમેવ આચરવાનું સ્વીકારાશે. જેટલું જ્ઞાનગુણનું પ્રાબલ્ય અધિક હોય તેટલું મનનું વશીકરણ વિશેષ અને જેટલી તેમાં ન્યૂનતા અથવા નૈર્બલ્ય હોય તેટલી મનના વશીકરણમાં પણ ન્યૂનતા થાય છે, માટે મન વશ કરવા ઇચ્છનારે અભ્યાસ અને વાંચન બહોળા પ્રમાણમાં રાખવાં જોઇએ, એ ખાસ ઉપાય તરીકે ધ્યાનમાં લેવા યોગ્ય છે.

જેટલા પ્રમાણમાં બહિરૂપાધિઓ–પ્રવૃત્તિઓ જીવને વિશેષ લાગુ પડેલી હોયછે તેટલા પ્રમાણમાં મનને ભટકવાનાં સ્થળો વિશેષ હોય છે અને તેથી મનને વશ કરવા ઇચ્છનારે જેમ બને તેમ ઉપાધિઓ ઓછી કરી નાખવી જોઇએ. પછી તે ગૃહસ્થ હો કે ત્યાગી. બને છે એમ કે આ જીવ ઘણીવાર વ્યર્થ ઉપાધિઓ ( કે જે તે ન વ્હોરે તો ચાલી શકે તે ) વ્હોર્યા કરે છે અને પછી મન વશ થતું નથી એમ ફરીયાદ કર્યા કરે છે. અસંતુષ્ટ શ્રીમંત કરતાં સંતુષ્ટ ગરીબ મનને વિશેષ જીતી શકે છે. પ્રથમ વર્ગ જ્યારે ક્વચિત્ ધાર્મિક ક્રિયા કરવા જશે ત્યાં પણ મન તેને સ્થિર થવા દેશે નહિ અને દ્વિતીય વર્ગ તે શાંતિપૂર્વક કરી શકશે. પ્રથમ વર્ગ જ્યારે અર્થથીજ સર્વ સિદ્ધિ માને છે અને ધર્મને ભોગે પણ અર્થ સાધે છે ત્યારે દ્વિતીયવર્ગ ધર્મથીજ સર્વ સિદ્ધિ માની નિયમિત ગોઠવેલા ક્રમપૂર્વક, અર્થ અર્જન કાળે અર્થ અને ધર્મ સાધન કાળે ધર્મ સાધે છે. પ્રથમ વર્ગ જ્યારે 'આ ધાર્મિક કાર્ય ઝટ પૂરૂં થાય તો ઠીક, મારે હજી પેલું કાર્ય અધૂરૂં છે તે કરવું છે' એવા વિચારવાળો હોયછે ત્યારે દ્વિતીય વર્ગ 'અત્યારે મારે આ ધાર્મિક કાર્ય સિવાય બીજું કશુંજ કરવાનું નથી' એમ વિચારી કોઇ પણ જાતની ત્વરા વગર [illegible] ધર્મ સાધે છે. અહીં કારણ તરીકે વિચારતાં સમજાશે કે [illegible] ઉપાધિવાળો છે ત્યારે દ્વિતીય વર્ગ અલ્પ ઉપાધિવાળો છે. [illegible] માત્ર પોતાની આજીવિકા પૂરતીજ ઉપાધિઓ રાખી અન્ય [illegible] એ અને જેટલી ઉપાધિ રાખી હોય તેના ચોક્કસ વખતો [illegible] બતેજ મન દોડધામ કરી લેશે પણ નિવૃત્તિ [illegible] ે એટલે મહેરબાન સાહેબ ડાહ્યા થઇને એક [illegible] યોને નિવૃત્તિ મળે છે ત્યારે કુથલી કરવાની [illegible] તેમાંથી આવા સાધક મનુષ્યો બચી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જશે. શ્રીમંતોએ ધીમેધીમે પ્રવૃત્તિ ઘટાડી નિવૃત્તિ વધારીને તેનો સદુપયોગ કરવો જોઇએ; અન્યથા છેક છેલ્લી ઘડી સૂધી પ્રવૃત્તિને નહિ છોડનારને પોતાની શ્રીમંતાઈનું ખરૂં ફળ મળતું નથી. તેઓ સદા સચિંતજ રહે છે અને જીવન વ્યર્થ કરે છે.

જેટલા પ્રમાણમાં વસ્તુસ્વરૂપનું જ્ઞાન થાય છે તેટલા પ્રમાણમાં મન નિર્વિકલ્પ બને છે અને તેથી મન વશ કરવા ઈચ્છકે વસ્તુસ્વરૂપનું બહુ પ્રમાણમાં જ્ઞાન મેળવવું જોઈએ તથા વિચાર કરવાની ટેવ પાડવી જોઈએ અને ઉતાવળા થવાની ટેવ છોડી દેવી જોઇએ.

તાવ આવે ત્યારે શા કારણથી તાવ આવ્યો ? એનો વિચાર કરી યોગ્ય ઉપચાર કરવો, એટલે વિશેષ વિકલ્પ નહિ થાય. અહીં ઔષધ કરવા કરતાં પથ્ય-સેવન ઉપર વધારે આધાર રાખવો.

વિચાર કે ભૂતકાળને ભૂલી જઈ, ભવિષ્યકાળનો ખાસ મોટા પ્રસંગ વિના વિચાર કરતાં, વર્તમાન સ્થિતિનેજ અનુકૂળ રહેવાં સદા પ્રયત્નશીલ રહેવું જોઇએ. એથી પણ ઘણા વિકલ્પો ઘટી જશે. ઘણાં માણસો ' બહુ ખોટું થઇ ગયું ! આમ સાવચેતી ન રાખી તો આમ થયું ! હવે કેમ થશે ? ' ઇત્યાદિ વિચારો ચાલુજ રાખે છે કે જેનું પરિણામ શૂન્ય છે અને મગજ પર બોજો વધે છે.

મન વશ કરવા ઇચ્છનારે જેમ બને તેમ ક્રોધ, માન, માયા, લોભ, કલહ, પરનિંદા અને ટૂંકમાં કહીએ તો અઢારે પાપસ્થાનકોના પ્રસંગો જેમ ઓછા સેવાય અથવા બીલકુલ નજ સેવાય એ બાબત બહુ લક્ષ્ય આપવું ખાસ જરૂરનું છે.ધાર્મિક ક્રિયાઓ જેમનાથી ઓછી થઈ શકે એવાં માણસો આટલું ધ્યાન આપે તોપણ બહુ મેળવી શકે છે. ધાર્મિક ક્રિયાઓ કરીને પણ કરવાનું એજ છે. સામાયિક નિત્ય કરાય અને સમતા ગુણ જરાપણ ન આવે, પ્રતિક્રમણ નિત્ય થાય અને પાપ પણ પુનઃ પુનઃ સેવાય, પૂજ્યને પૂજતાં કોઈપણ અંશે પૂજ્ય ન થવાય, પૌષધનું સેવન કરતાં આત્મધર્મને પુષ્ટિ ન મળે, તપસ્યા ચાલુ રાખવા છતાં ઇચ્છાનો રોધ ન થાય અને વ્રત, પ્રત્યાખ્યાન કર્યા છતાં મન પોતાનું ચાપલ્ય ન છોડે તો કરાયેલી ધાર્મિક ક્રિયાઓનું ફળ શું ? તેનો વિચાર વાંચકે પોતેજ કરી લેવો.

ક્રોધોદય થાય ત્યારે તે અગ્નિ પ્રથમ આપણનેજ બાળશે, માનોદય થાય ત્યારે પૂર્વે મહાપુરૂષો કયાં અને હું કોણ ? માયોદય થાય ત્યારે વિશ્વાસઘાત સમાન કોઈ મહા પાપ નથી, લોભોદય થાય ત્યારે લક્ષ્મી ચપળ છે, અનિત્ય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર નિંદાનો ઉદય થાય ત્યારે પોતામાં કેટલા અવગુણો રહેલા છે? એ આદિ વિચારવાથી તે તે કષાયોનું જોર ઘટી જશે અને જેટલા પ્રમાણમાં જોર ઘટશે તેટલા પ્રમાણમાં મન શાંતિ અનુભવશે. માટે સાધકે એ અંતરૂપાધિમાંથી જેમ મુકત થવાય, તેના ફંદમાં કયારે પણ ન ફસાય એને માટે સદા જાગૃત રહેવાની પૂર્ણ જરૂર છે.

છેવટે એક ખાસ બાબત ઉપર લક્ષ્ય આપવા, તેનો અભ્યાસ પાડવા ભલામણ કરવામાં આવે છે તે એ કે મનને દમવા ઈચ્છનારે મૈત્ર્યાદિ ચાર ભાવના-ઓનું સ્મરણ મનન અને તદનુસાર વર્તન નિત્ય રાખવું. નિરંતર એટલે એક ક્ષણ પણ તેનું વિસ્મરણ ન થવું જોઇએ. એથી મન બહુ શાંત થઈ જશે.

મૈત્રી ભાવનાથી સર્વ જીવો મારાં મિત્રો છે, કોઈ શત્રુ નથી એ વિચાર રહેશે, એથી ક્રોધ જીતાશે અને સમતા રસમાં ઝીલાશે.

પ્રમોદ ભાવનાથી પોતાનું માન ગળી જશે અને સત્સમાગમ ચાલુ થતાં ઘણા અનર્થોથી બચાશે.

કરૂણા ભાવનાથી હૃદય સદા દ્રવશે, અનુકંપાશીલ થશે અને તેથી દયા-અહિંસાને પોષણ મળશે.

માધ્યસ્થ્ય ભાવનાથી ઉદાસીનતા વધશે એટલે વ્યર્થ વિકલ્પો ઘટી જશે. અહીં ઉદાસીનતા એટલે શોક, અફસોસ ન સમજવો પણ વૈરાગ્ય સમજવો.

પૂર્વે, મહા પુરૂષો સમર્થ યોગી થઇ શકયા છે તે આજ ભાવનાઓના અવલંબનથી. ' સવી જીવ કરૂં શાસન રસી ' એ સદોદિત ભાવ આવાજ અવલંબનનું અંતિમ પરિણામ છે. એવા પુરૂષો પછીથી કેવળ આત્મધ્યાનમાંજ પોતાનું શેષાયુ ગાળે છે. તેમને બાહ્યાંતર એવી એક પણ ઉપાધિ રહેતી નથી કે જેમાં મન ભ્રમણ કરે. ભ્રમણ સ્થળને અભાવે મનનો આત્મામાંજ લય થાય છે એટલે આયુષ્યની પૂર્ણતાએ એઓનો લોકાગ્રસ્થાનમાં સદાને માટે વાસ થાય છે.

આપણને અને સૌને એવી માનસિક શાંતિ હો અને એવું અનુપમ ફળ મળો એવી શુભાકાંક્ષાપૂર્વક અત્ર વિરમવામાં આવે છે.

વીતરાગ ચરણોપાસક,

**દુર્લભદાસ કાલિદાસ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# एक निष्पक्षपात अभिप्राय.

ઘણા બંધુઓ ' યોગ ' શબ્દથી ભડકી જઇ તે વિષયને અંગે બહાર પાડવામાં આવેલા ગ્રંથો તેમનાથી ન સમજાય તેવા માની લઈ તેવાં ગ્રંથો વાંચવાનોજ વિચાર કરતા નથી. હાલમાં અમારા તરફથી કાપડીયા મોતીચંદ ગીરધરલાલ સોલીસીટરે તૈયાર કરેલા " આનંદઘન પદ્ય રત્નાવળી " અને " જૈન દૃષ્ટિએ યોગ " એ બે ગ્રંથો બહાર પાડવામાં આવ્યા છે. અને જે ગ્રંથોનો વિશેષ પ્રમાણમાં લાભ લેવાય તે માટે અમારા તરફથી લગભગ પડતર કિંમતેજ તે વેચવામાં આવે છે, તે બે ગ્રંથો પૈકી એક ગ્રંથ " જૈન દૃષ્ટિએ યોગ " કેવી સરળ ભાષામાં લખાએલ છે અને તે કેવો ઉપયોગી છે તે માટે સાદરીનિવાસી ગૃહસ્થ **ચંદનમલ નાગોરી**નો તે ગ્રંથ વાંચ્યા પછી જે અભિપ્રાય અમારી ઉપર લખાઈ આવેલ છે, તે ઉપયોગી હોવાથી અત્રે જેમનો તેમજ અમે પ્રગટ કરીએ છીએ.

**છોટી સાદરી. મેવાડ.**—તા. ૩ જુન ૧૯૧૫.
**શ્રી જૈનધર્મ પ્રસારક સભા.—ભાવનગર.**

**સાહિત્યોપાસક સુશીલ ગૃહસ્થો.**

**આનંદઘન પદ્ય રત્નાવલી** સાથે આવેલ **"જૈન દ્રષ્ટિએ યોગ"** નામની બુક મળી છે, સદરહુ બુક આનંદઘન પદ્ય રત્નાવલીના વિવેચનના પરિચયાર્થે રચવામાં આવ્યાનું ટાઈટલ પર પરથી જણાય છે, પુસ્તક અવલોકન કર્યા પશ્ચાત્ આનંદની સીમા રહેતી નથી. કોઈ પણ પુસ્તકનો પરિચય કરાવવા અર્થે ઇતર ગ્રંથની યોજના થઈ હોય તો તે આ પ્રથમજ છે.

લેખક મહાશયે આધુનિક જૈન તથા જૈનેતર પ્રજાપર જૈન સાહિત્યનો અદ્વિતીય અને અનુપમ ફીલોસોફીનો પ્રકાશ પાડવા સદરહુ બુકદ્વારા કંઇ કચાશ રાખી નથી. તેમાં જુદા જુદા આર્ટીકલનાં ૮૪ મુખ્ય લેખો અને પેટા વિભાગમાં અકારાદ્યક્ષરાનુક્રમણિકાના ૯૭૬ વિષયો અવલોકતાં મને તો બહુજ આનંદ થયો છે. ભાઇ શ્રી કાપડીયાએ યોગ જેવા મહાન્ વિષયને એટલો બધો સહેલો કરવા અને ઘરગતુ ભાષામાં તે વિષય સમાવવા જે સતત્ ઉદ્યમ સેવ્યો છે તે ખરેખર પ્રશંસનીય ગણી શકાય.

આવા મહાન્ વિષયનો પરિચય થવા અસાધારણ સાક્ષરને પણ ગુરુગમની આવશ્યક્તા હોય છે, તેવા ગુઢ અને અદ્વિતીય વિષયનો સાધારણ જન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંડલનાં હૃદયતટપર પ્રકાશ પાડવા આ પુસ્તકદ્વારા સાક્ષર મહાશયે કંઇ કચાશ રાખી નથી. પુસ્તક પ્રકાશકો કિંવા યોજકોને આવી ઉંચી કક્ષાના પુસ્તકો બહાર પાડવાની ઢબ આદરણીય છે.

પુસ્તકનાં પરિચયાર્થે આમુખ, બે બોલ, ઉપોદ્‌ઘાત, ભૂમિકા અને છેવટે વિષયસંક્ષેપાનુક્રમણિકામાં પુષ્કળ પૃષ્ટો રોકી સાક્ષરો તે ગ્રંથની ઉત્તમતામાં વધારો કરવા મથે છે, તદનુસાર ભાઇશ્રી કાપડીયાએ દશ વીશ યા વધારે પૃષ્ટો ચિત્રી સંતોષ સેવ્યો નથી, પણ જુદોજ ગ્રંથ લગભગ ૨૧૦ પૃષ્ટનો મુદ્રિત કરાવી સાહિત્યમાં વધારો કરવા પ્રયત્ન કર્યો છે.

આ યોજના નિહાળી પુસ્તક અવલોકનમાં દ્રષ્ટિ કરીએ તો અદ્‌ભુત મહિમા, વાકચ પટુતા, અને ભાષા સૌંદર્યનો ભાવ સ્પષ્ટતયા સમજાઇ જાય છે. યોજક મહાનુભાવે કઠિન ભાષાનું શરણ ત્યજી માધુર્યતાપર લક્ષ આપી સરલ અને સાર્વજનિક, સાદી અને ઘરગત્થુ ભાષાનો આવા મહાન્ આધ્યાત્મિક વિષયને ચિતરતાં ઉપયોગ કર્યો છે એ ધન્યવાદ યોગ્ય ગણી શકાય. આવી પ્રથા પ્રકાશકો કિંવા યોજકોને આદરવી હિતકર જણાય છે.

અત્ર આલેખવું અપ્રાસંગિક નથી કે આ બુકમાં આઠ દ્રષ્ટિ અને યોગનાં આઠ અંગ વિષે જે વિવેચન કરવામાં આવ્યું છે તે સાક્ષર કિંવા વકતા મહાશયને મિષ્ટાન્ન ખોરાક તુલ્ય જણાય છે.

ગ્રંથના પરિચયાર્થે જુદું પુસ્તક મુદ્રિત કરાવી જે સામર્થ્ય ગ્રથ્યું છે તે કંઇ ઓછું નથી. પુસ્તકમાં પ્રસંગોપાત આધુનિક આર્હત અને ઇતર પ્રજાની શૈલ્યાનુસાર નૈતિક, ઐતિહાસિક, ભાવાત્મક, ધાર્મિક, વ્યાવહારિક અને આધ્યાત્મિક લેખોનો સમાવેશ કરી શ્રીયુત્ કર્ત્તા મહાશયે (મોતીચંદ ગીરધરલાલ કાપડીયા–સૉલીસીટર–હાઇકૉર્ટ પ્લીડર–મુંબઇ ) આર્હત પ્રજામાં સાહિત્યોપાસક માનવોને ખરેખર ઋણી બનાવ્યા છે

પુસ્તકનું કદ, પૃષ્ટસંખ્યા અને બાઇંડીંગની સુંદરતા નિહાળતાં આઠ આના કિંમત વધારે નથી. દરેક માનવ જાતને આ પુસ્તકનો સંગ્રહ કરી આત્મ-ગુણમાં વૃદ્ધિ કરવા મારી ખાસ ભલામણ છે. એજ.

**લી. સાહિત્યોપાસક આત્માનંદીઓનો અનુચર**

Chandanmal.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ભાવનગરમાં સંઘવી દેવકરણભાઈ મુળજીને માનપત્ર આપવાનો ભવ્ય મેળાવડો.

શ્રી વણથળીમાં સુમારે પચાસ હજારના ખર્ચથી શ્રીશીતળનાથજીનું નવીન ચૈત્ય બંધાવી જ્યેષ્ટ શુદિ ૬ ગુરૂવારે તે પરમાત્માની અતિ પ્રાચીન મૂર્તિની પ્રતિષ્ઠા કરી, જે પ્રસંગે સુમારે સાત આઠ હજાર માણસો બહાર ગામથી આવ્યું હતું, તેની સાત આઠ દિવસ સુધી અનેક પ્રકારે ભક્તિ કરીને એકંદર પ્રતિષ્ઠા પ્રસંગમાં સુમારે વીશ હજાર રૂપીઆનો ખર્ચ કર્યો, એવા ઉદાર દિલવાળા **સંઘવી દેવકરણભાઈ મુળજીનું** ભાવનગર પધારવું થતાં તેમના ઉદારતાદિ સદ્ગુણોથી આકર્ષાઇને તેમજ તેઓ પણ આ સભાના એક અંગીભૂત ( લાઇફ મેમ્બર ) હોવાથી સભાસદોનો વિચાર તેઓ સાહેબને માનપત્ર આપવાનો થયો. કેટલોક આગ્રહ થયા પછી તેનો સ્વીકાર કરવામાં આવ્યો. તે ઉપરથી જ્યેષ્ટ વદિ ૧૦ બુધવારે **શેઠ ત્રિભુવનદાસ ભાણજી જૈનકન્યાશાળાના** ભવ્ય મકાનમાં એક મહાન્ મેળાવડો અત્રેના **મે. મુખ્ય દીવાન સાહેબ મુરારજી આણંદજી** તનાના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મે. નાયબ દીવાન સાહેબ વિગેરે રાજ્યના મુખ્ય મુખ્ય અધિકારીઓ, નગરશેઠ પરભુદાસભાઈ વિગેરે અન્ય કોમના આગેવાન ગૃહસ્થો તથા જૈનકોમના સર્વે આગેવાનો પધાર્યા હતા. સુમારે ૫૦૦ માણસો એકત્ર થયું હતું. **શ્રી જૈન આત્માનંદ સભા** તરફથી પણ આજ મેળાવડામાં સાથેજ માનપત્ર આપવાનું નિર્માણ કરવામાં આવ્યું હતું, અને બંને માનપત્ર સાથે અપાયા હતા.

પ્રારંભમાં મેળાવડાનો હેતુ મી. કુંવરજી આણંદજીએ નિવેદન કર્યા બાદ બંને માનપત્રો વાંચવામાં આવ્યા હતા. સંઘવી દેવકરણભાઈએ તેનો યોગ્ય ઉત્તર આપ્યો હતો. બાદ શાસ્ત્રી નર્મદાશંકર દામોદર અને ભટ્ટ શ્યામજી લવજીએ અવસરોચિત સંસ્કૃત અને ગુજરાતીમાં પદ્યોવડે સભાના મનનું રંજન કર્યું હતું. ત્યાર બાદ પ્રમુખે બહુ સુંદર શબ્દોમાં વિવેચન કર્યા પછી પાન ગુલાબ અને ફુલતોરા અપાયા બાદ મેળાવડો બરખાસ્ત થયો હતો. સર્વના દિલ બહુજ પ્રસન્ન થયા હતા.

આ મેળાવડાની વિશેષ હકીકત સ્થળ સંકોચના કારણથી અત્રે આપી શકતા નથી. તોપણ શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફનું માનપત્ર, સંઘવી દેવકરણભાઈએ આપેલ જવાબ અને કવિ શ્યામજીની કવિતા આ નીચે આપવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॐ नमः सिद्धं

### શ્રાદ્ધગુણાલંકૃત, શુભકાર્યપરાયણ, નરરત્ન, વણથળીનિવાસી.

## સંઘવી દેવકરણભાઇ મુળજી.

સુજ્ઞ ધર્મ બંધુ !

આપ સાહેબે હાલમાં વણથળી ખાતે કરાવેલા શ્રી શીતળનાથ પરમાત્માના અપૂર્વ જિનમંદિરની અંદર જ્યેષ્ટ શુદિ ૬ ગુરૂવારે તે પરમાત્માની અત્યંત સુંદર પ્રાચીન મૂર્તિને સ્થાપન કરી જે અપૂર્વ લાભ મેળવ્યો છે, જે પુણ્યાનુબંધી પુણ્ય સંપાદન કર્યું છે અને જે અપ્રતિમ કીર્તિ મેળવી છે તેથી આકર્ષાઇને અમો શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સભાસદો આપ સાથેના બંધુભાવને વિશેષ પુષ્ટ કરવા નિમિત્તે આ લઘુ માનપત્ર આપવા ઉત્સુક થયા છીએ.

આપે આપના દક્ષપણાથી, કાર્ય કુશળતાથી, અને પુન્ય પ્રકૃતિના પ્રાદુર્ભાવથી જગતમાં પૂજ્ય સ્થાને ગણાતી લક્ષ્મીદેવીને આરાધી તેનું આકર્ષણ કરીને તેનો યોગ્ય સ્થાને વ્યય કરવામાં જે વિચક્ષણતા વાપરી છે અને વાપરો છો તે માત્ર અમોનેજ નહિ પણ આપણા જૈન સમુદાયને પણ અત્યંત હર્ષિત કરે છે અને તેનાવડે આપની કીર્તિ સર્વત્ર વિસ્તાર પામી છે.

આપે પૂજ્ય બુદ્ધિવડે શ્રીમાન્ મોહનલાલજી મહારાજના ચરણારવિંદનું સંસેવન કરી તેમનું ચીરસ્મરણીય નામ દીર્ઘકાળ પર્યંત અવસ્થિત કરવા માટે શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાઇબ્રેરી મુંબઈ ખાતે સ્થાપન કરાવી તેમાં મોટી રકમનો ભોગ આપવા ઉપરાંત તે કાર્યને તન મનથી આપ સહાય આપી રહ્યા છો તે આપના વિશુદ્ધ અંતઃકરણમાં કૃતજ્ઞપણું રમમાણ કરી રહ્યું છે એમ સૂચવવા સાથે અન્ય બંધુઓને પણ ગુરૂભક્તિમાં સ્થિત થવા ગુપ્ત પ્રેરણા કરે છે.

મુંબઈ ખાતે હાલમાં સ્થાપવામાં આવેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની અંદર પણ આપે સારી રકમની સહાયતા આપી છે, શ્રી સિદ્ધક્ષેત્ર જૈનબાળાશ્રમમાં સારી રકમની મદદ આપવા ઉપરાંત તેને દીર્ઘકાળીન જીવન આપવા અંતઃકરણથી ઇચ્છો છો, જુનાગઢ ખાતે શ્રી સૌરાષ્ટ્ર જૈન બોર્ડીંગને મોટી રકમની સહાય આપી રહ્યા છો, હાલમાં કરેલા પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ઉદાર દિલથી પુષ્કળ દ્રવ્ય વ્યય કર્યો છે, આ ઉપરાંત સંઘસેવાનાં અનેક કાર્યોમાં સર્વદા તત્પર રહો છો, વળી જ્ઞાતિબંધુઓને તેમજ ધર્મબંધુઓને ઉચ્ચ સ્થિતિમાં લાવવાને અહર્નિશ ઇચ્છો છો અને તેને માટે તન મન ધનથી સહાયક થવા તત્પર છો, જૈન સમુદાયમાં એક નરરત્ન ગણાઓ છો અને શાસનોન્નતિના દરેક કાર્યમાં બનતો લાભ લેવાને નિરંતર ઉત્સુક છો ઇત્યાદિ આપનામાં રહેલા સદ્ભુત ગુણોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકર્ષાઈને અમારૂં હર્ષથી નિર્ભર થયેલું અંતઃકરણ આ લઘુ માનપત્રવડેજ તે હર્ષ યત્કિંચિત્ પ્રદર્શિત કરવા તલપી રહેલું છે.

આપ દીર્ઘકાળ પર્યંત ઉજ્વળ કીર્ત્તિ સાથે સુખ સંપત્તિ ભોગવો, પરમાર્થ પરાયણ રહો, લક્ષ્મીનો સદ્વ્યય કરવામાં અન્યને દ્રષ્ટાંતરૂપ બનો, આ સભા તરફ વિશેષ પ્રેમભરેલી લાગણીવાળા થાઓ અને દીર્ઘાયુષ્ય ભોગવી આત્મહિત સાધવામાં અભ્યુદ્યત થવા સાથે જૈનકોમમાં હાલમાંજ પડેલી ખામીને પુરનારા નામાંકિત ગૃહસ્થ તરીકેની પ્રતિષ્ટાના પાત્ર બનો એમ ઈચ્છી, પરમાત્મા પાસે તેવી પ્રાર્થના કરી આ લઘુ માનપત્ર સમાપ્ત કરીએ છીએ. મિતિ સં. ૧૯૭૧ના જેઠ વદિ. ૧૦ ને વાર બુધ.

**અમો છીએ આપના પ્રત્યે બંધુભાવ ધરાવનારા આપના સુહૃદો**

અને.

**શ્રી જૈનધર્મ પ્રસારક સભાના અંગીભૂતો.**

શા. કુંવરજી આણંદજી. ( પ્રમુખ ) ગાંધી. અમરચંદ ઘેલાભાઈ.
શેઠ. પ્રેમચંદ રતનજી. ( ઉપપ્રમુખ ) શા. જીવરાજ રતનજી.
સંઘવી. દામોદરદાસ નેમચંદ. ( ખજાનચી ) શા. પાનાચંદ ખુશાલ.
સેક્રેટરીઓ.

**અને અન્ય સભાસદો.**

# સંઘવી દેવકરણભાઇએ આપેલ ઉત્તર.

## મહેરબાન પ્રેસીડન્ટ સાહેબ અને અત્રે પધારેલા ગૃહસ્થો!

શ્રી જૈનધર્મ પ્રસારક સભા અને શ્રી જૈન આત્માનંદ સભા તરફથી મને અ[illegible] જે માનપત્રો આપવામાં આવ્યા છે તે મારી યોગ્યતા ઉપરાંતના છે. મેં એ[illegible] કાર્ય મારી શક્તિના પ્રમાણમાં કર્યું છે, તેથી કાંઈ વિશેષ કર્યું નથી. મારી [illegible] વધારે દ્રવ્યનો વ્યય સત્કાર્યમાં વિવેકપૂર્વક કરનારા પૂર્વે અનેક ગૃહસ્થો થઈ ગયા છે, અને અત્યારે પણ ઘણા વિદ્યમાન છે. મેં એવું કાંઈપણ અપૂર્વ કાર્ય કર્યું નથી, કે જેથી હું આવા સમુદાયના માનપત્રને લાયક ગણાઉં, છતાં મારી ઉપરના સ્નેહના આકર્ષણથી આકર્ષાઈને મારા નાના કાર્યને મોટું લેખવી આ માનપત્ર આપવાનો જે પ્રયાસ કર્યો છે, તેને માટે હું એ બંને સભાઓનો અંતઃકરણથી આભાર માનું છું. અને માત્ર એવા સમુદાયનો તેમજ અત્રે તસ્દી લઈને પધારેલા આ સ્ટેટના મહેરબાન દીવાન સાહેબનો હાથ પાછો ન ઠેલવો—તેમની આજ્ઞાનો સ્વીકાર કરવો એવા વિચારથીજ મારી યોગ્યતા ઉપરાંતના આ માનપત્રનો સ્વીકાર કરૂં છું.

હાલમાં જરૂરીઆત ખાસ કેળવણી વધારવાની છે. અમારી જૈનકોમ કેળવણીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજુ બહુ પાછળ છે, તેને માટે બોર્ડીંગો વિગેરેના સાધનોની ઘણી અપેક્ષા છે. તે સાથે એવા કેળવણી લીધેલા ઉછરતી વયના બંધુઓ ધર્મશ્રદ્ધાથી વિમુખ થઇ ન જાય તે માટે તેની સાથે સાથે ધાર્મિક કેળવણી આપવાની પણ જરૂર છે. હાલમાં પ્રજાના બહોળા ભાગનું વલણ તે તરફ ખેંચાયેલું છે અને તેમ થવાથી જ ઉત્તરોત્તર ઉન્નત દશા થવાનો સંભવ છે. મારૂં લક્ષ પણ તે તરફ ખેંચાયલું છે. પોતાથી બની શકતું કરવામાં દરેક વ્યક્તિની ફરજ છે. હું જે કાંઇ કરૂં છું અને કરીશ તે મારી ફરજ સમજીનેજ કરૂં છું ને કરીશ તેમાં હું કાંઇપણ ઉપકાર કરતો નથી, છતાં આપ તેને બહુ માનો છો તો હું તેને માટે આપનો આભારી છું.

બંને સભા પ્રત્યે હું નિરંતર પ્રેમવાળી દૃષ્ટિથી જોઉં છું અને જોઇશ.; તેઓ મારા તરફ પ્રેમભાવ કાયમ રાખશે એમ હું ઇચ્છું છું અને ફરીને મહેરબાન દીવાન સાહેબ કે જેમણે મારી ખાતર અહીં પધારવાની તસ્દી લીધી છે તેમનો, બંને સભાના સભાસદોનો અને અત્રે પધારેલા સર્વ ગૃહસ્થોનો આભાર માનું છું અને બેસી જવાની રજા લઉં છું.

---

## કવિ શ્યામજી કૃત કવિતા.—સવૈયા છંદ લાવણી.

સ્વધર્મ જે ઘડીએ સચવાયે તેજ ઘડી આનંદતણી,
સત્પુરૂષનો સંગમ થાયે તે ઘડી અતિ આનંદતણી;
જ્ઞાતિના અભ્યુદયની તેમજ સ્વદેશનું હિત કરણી,
શ્રેષ્ઠ ક્રિયા જે ઘડીએ થાયે તે ઘડી અતિ આનંદ તણી. १
અતુલિત લક્ષ્મી અનુપ રૂપ ને મતિમંત કુળવંત મહાન,
ધર્મ વિના એ ખચિત ખલકમાં સર્વ જાણવું શૂન્ય સમાન;
જેને છે પરિપૂરણ ચિત્તે સ્વધર્મની ઉપર શુભ પ્યાર,
ધન્ય ધન્ય તે દેવકરણને ધન્ય સંઘવી કુળ શણગાર.
શીતળનાથની કરી સ્થાપના સુંદર વણસ્થળી મોઝાર, ^જાલયમ
જૈનબન્ધુપર કર્યો જેમણે અપૂર્વ લાભ લઇ ઉપકાર;
ગ્રહણ કર્યો છે જેણે [1]વણનો વિરલ વિમલ ગુણ પર ઉપકાર.
ધન્ય ધન્ય તે દેવકરણને ધન્ય સંઘવી કુળ શણગાર. ૩
મહાવીર વિદ્યાલયમાં ને સિદ્ધક્ષેત્ર બાળાશ્રમમાંહ્ય,
ત્યમ સૌરાષ્ટ્ર સુજિન બોર્ડીંગમાં પુષ્કળ ધન દઇ કરી સહાય;
તન મન ધનથી જ્ઞાતિબંધુ ને ધર્મબન્ધુનું હિત કરનાર,
ધન્ય ધન્ય તે દેવકરણને ધન્ય સંઘવી કુળ શણગાર. ४
ઉજ્વળ યશ આરોગ્યતા, દીર્ઘ આયુ સદ્‌જ્ઞાન,
સુખ સંપત્તિ સન્મતિ, પામો લાભ મહાન. ५

---

[1] ચન્દનપાસ તેને બાળે, બાંધે, લણે કે સે તેની સ્થિતિ કરે તોપણ મનુષ્ય ઉપર તે ઉપકારજ કરે છે તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહાર પડી ચુકી છે. તાકીદે મંગાવો.

# आनंदघन पद्य रत्नावली.

## ( પ્રથમ ભાગ. )

આનંદઘનજી મહારાજના સુપ્રસિદ્ધ પચાસ પદો પર ઘણા વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. દરેક પદના શબ્દાર્થ, ભાવાર્થ અને વિશેષાર્થ બતાવવા ઉપરાંત પાઠાંતરો તથા આશયો પર સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે. આનંદઘનજી અને તેના સમયનો ઇતિહાસ, તેમના પદોની આકૃતિ, તેમના પદોની મહત્તા, અન્ય પદ્ય કવિઓ સાથે કર્તાની સરખામણી વિગેરે અતિ વિસ્તારથી ચર્ચવામાં આવ્યા છે. પદોની તથા વિષયોની જૂદા જૂદા પ્રકારે ઉપયોગી થઇ પડે તેવી અનુક્રમણિકાઓ આપી છે, વિષય સંક્ષેપ આપવામાં આવ્યો છે અને ગ્રંથને જેમ બને તેમ ઉપયોગી બનાવવા માટે પૂરતો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ પર વિવેચન વિગેરે અમારી સભાના સભાસદ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસીટરે પ્રયાસ કરીને લખેલ છે, તે અમે ગુજરાતીપ્રેસમાં સુંદર પ્રીન્ટીંગથી છપાવેલ છે અને બાઇન્ડીંગ પણ સુશોભિત કરવામાં આવ્યું છે. આ પ્રથમ પચાસ પદના વિવેચનવાળા ગ્રંથની લગભગ પડતર કિંમત રૂા. ૨–૦–૦ રાખવામાં આવેલ છે. તે ગ્રંથ બહાર પડી ગયો છે. તેની માત્ર એક હજાર કોપીઓ છપાવી છે. ગ્રંથ કુલ ડેમી આઠ પેજી આઠસો બાર પૃષ્ઠનો થયેલ છે. દરેક તત્ત્વરસિક બંધુએ ખાસ વાંચવા યોગ્ય છે. ટપાલ ખર્ચ જૂદું સમજવું.

# जैनदृष्टिए योग.

## ( પ્રથમ ભાગ. )

આનંદઘનજી કૃત પદોના પ્રાથમિક પરિચય ગ્રંથ તરીકે આ લેખની રચના કરવામાં આવી છે. એમાં યોગના વિષયને બહુ સાદી ભાષામાં સમજી શકાય તેમ ચર્ચ્યો છે, ગહન વિષયને સરલ કરવામાં આવ્યો છે, ચેતનની ઉત્ક્રાન્તિ બતાવવામાં આવી છે, યોગ અને યોગીના ભેદો, આઠ દૃષ્ટિ, યોગનાં આઠ અંગો અને ખાસ કરીને ધ્યાન વિષય પર વિશેષ યોગગ્રંથાનુસાર વિવેચન કાપડીઆ મોતીચંદ ગીરધરલાલે વિસ્તારથી કર્યું છે.

સંસારથી વૃત્તિ ઉઠી હોય, તત્ત્વજિજ્ઞાસા થઇ હોય અને ચેતનની ઉત્ક્રાન્તિ કરવા ઇચ્છા હોય તેમણે આ ગ્રંથ જરૂર વાંચવો એવી અમારી ખાસ ભલામણ છે. આ બસે ઉપરાંત પૃષ્ઠનો ગ્રંથ બહુ સારી રીતે છપાવવા તથા બંધાવવામાં આવ્યો છે.

યોગના નામથી ભડકી ન જતાં આ ગ્રંથ જરૂર વાંચવા અમારી ભલામણ છે. યોગ અગમ્ય નથી, તેમજ સંસારિતમાં નથી તેમ યોગમાં પણ ઉત્ક્રાન્તિ બતાવનારી બાબત સાધારણ નથી, એ બતાવવા આ ગ્રંથમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. કિંમત માત્ર આઠ આના રાખવામાં આવી છે. આનંદઘનજીના પદો-પરનું વિવેચન વાંચવા પહેલાં આ ગ્રંથ જરૂર વાંચવાની ભલામણ કરવામાં આવે છે. ટપાલ ખર્ચ જૂદું સમજવું. બન્ને ગ્રંથો અમારી સભામાં ભાવનગરથી તથા મુંબઈ પાયધુની ઉપર શા. મેઘજી હીરજીને ત્યાંથી મળી શકશે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહાર પડી ચુકી છે. તાકીદે મંગાવો.

# आनंदघन पद्य रत्नावळी.

## ( પ્રથમ ભાગ. )

આનંદઘનજી મહારાજના સુપ્રસિદ્ધ પચાસ પદો પર ઘણા વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. દરેક પદના શબ્દાર્થ, ભાવાર્થ અને વિશેષાર્થ બતાવવા ઉપરાંત પાઠાંતરો તથા આશયો પર સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે. આનંદઘનજી અને તેના સમયનો ઇતિહાસ, તેમના પદોની ચમત્કૃતિ, તેમના પદોની મહત્તા, અન્ય યોગ કવિઓ સાથે કર્તાની સરખામણી વિગેરે અતિ વિસ્તારથી ચર્ચવામાં આવ્યા છે. પદોની તથા વિષયોની જુદા જુદા પ્રકારે ઉપયોગી થઇ પડે તેવી અનુક્રમણિકાઓ આપી છે, વિષય સંક્ષેપ આપવામાં આવ્યો છે અને ગ્રંથને જેમ બને તેમ ઉપયોગી બનાવવા માટે પૂરતો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગ્રંથપર વિવેચન વિગેરે અમારી સભાના સભાસદ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસીટરે પ્રયાસ કરીને લખેલ છે, તે અમે ગુજરાતીપ્રેસમાં સુંદર પ્રીન્ટીંગથી છપાવેલ છે અને બાઇન્ડીંગ પણ સુશોભિત કરવામાં આવ્યું છે. આ પ્રથમ પચાસ પદના વિવેચનવાળા ગ્રંથની લગભગ પડતર કિંમત રૂા ૨-૦-૦ રાખવામાં આવેલ છે. તે ગ્રંથ બહાર પડી ગયો છે. તેની માત્ર એક હજાર કોપીઓ છપાવી છે. ગ્રંથ કુલ રૉયલ આઠ પેજી આઠસો બાર પૃષ્ઠનો થયેલ છે દરેક તત્ત્વરસિક બંધુએ ખાસ વાંચવા યોગ્ય છે. ટપાલ ખર્ચ ૦-૮-૦ જૂદું સમજવું.

# जैनदृष्टिए योग.

## ( પ્રથમ ભાગ. )

આનંદઘનજી કૃત પદ્યોના પ્રાથમિક પરિચય ગ્રંથ તરીકે આ લેખની રચના કરવામાં આવી છે. એમાં યોગના વિષયને બહુ સાદી ભાષામાં સમજી શકાય તેમ ચર્ચ્યો છે, ગહન વિષયને સરલ કરવામાં આવ્યો છે, ચેતનની ઉત્ક્રાન્તિ બતાવવામાં આવી છે, યોગ અને યોગીના ભેદો, આઠ દૃષ્ટિ, યોગનાં આઠ અંગો અને ખાસ કરીને ધ્યાન વિષય પર વિશેષ યોગગ્રંથાનુસાર વિવેચન કાપડીઆ મોતીચંદ ગીરધરલાલે વિસ્તારથી કર્યું છે.

સંસારથી વૃત્તિ ઉઠી હોય, તત્ત્વજિજ્ઞાસા થઇ હોય અને ચેતનની ઉત્ક્રાન્તિ કરવા ઇચ્છા હોય તેમણે આ ગ્રંથ જરૂર વાંચવો એવી અમારી ખાસ ભલામણ છે. આ બસે ઉપરાંત પૃષ્ઠનો ગ્રંથ બહુ સારી રીતે છપાવવા તથા બંધાવવામાં આવ્યો છે.

યોગના નામથી ભડકી ન જતાં આ ગ્રંથ જરૂર વાંચવા અમારી ભલામણ છે. યોગ અગમ્ય નથી, તેમજ જેમ સમકિતમાં નથી તેમ યોગમાં પણ ઉત્ક્રાન્તિ બતાવનારી બાબત સાધારણ નથી, એ બતાવવા આ ગ્રંથમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. કિંમત માત્ર આઠ આના રાખવામાં આવી છે. આનંદઘનજીના પદોપરનું વિવેચન વાંચતા પહેલાં આ ગ્રંથ જરૂર વાંચવાની ભલામણ કરવામાં આવે છે. ટપાલ ખર્ચ ૦-૨-૦ જૂદું સમજવું. બન્ને ગ્રંથો અમારી સભામાં ભાવનગરથી તથા મુંબઇ પાયધુનીની ઉપર શા. મેઘજી હીરજીને ત્યાંથી મળી શકશે. તંત્રી.

For Private And Personal Use Only